
યાદોનો સાગર


૩૧મો સેવાદિન, નીલોષા
તા. ૦૭-૦૯-૨૦૦૯
સંગીત સંધ્યા શ્રધ્ધા કુટીર
તા. ૧૯-૦૧-૨૦૨૪
પૂ. બહેનજીની ષષ્ઠિપૂર્તિએ સન્માન
તા. ૧૩-૦૭-૧૯૯૬

# યાદો નો સાગર

સંવત વર્ષ ૨૦૮૦

તા. ૧૩-૦૭-૨૦૨૪ શનિવાર

અષાઢ સુદ - સાતમ

પરમ પૂજ્યશ્રી બહેનજીના
પ્રાગટ્ય દિને સમર્પિત



પૂજ્ય કૈલાસબેન નટવરલાલ પરીખ (બહેનજી)
૧૩–૦૭–૧૯૩૫ થી ૨૪–૦૪–૨૦૨૪



હતા શ્રધ્ધાનો શ્વાસ બહેન કૈલાસ
જમણા હાથ સમો છૂટ્યો સાથ
પૂણ્યાત્મા સિધાવ્યો પરમને ધામ
સેવા સમર્પણથી અમર રહેશે નામ

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી

# પૂજ્ય બહેનજી તેમના છેલ્લા જન્મ દિવસ પ્રસંગે
## તા. ૧૩-૦૭-૨૦૨૩





[illegible] છત્ર ધરી છે માં
[illegible] તૈ દાળી રહી છે માં
મેરા પંથ બતાવી રહી છે માં
મેરામાં સમાવી રહી છે માં

[illegible] સંપ્રદાયની સરિતા
વહેતી રહી છે કુટુંબ [illegible]
સંસ્કાર આપવા હેતુ
[illegible]

**પૂજ્ય બહેનજી**

# આલેખ

પરિવારનું દિવ્ય, દૈવીય સુવાસિત આભૂષણ એટલે પૂ. બહેનજી. (સુશ્રી કૈલાસબેન નટવરલાલ પરીખ)

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીની શક્તિમય, તપોમય, સામર્થ્યમય, આધ્યાત્મિક યાત્રાના પ્રખર અને સમર્પિત સૈનિક એટલે પૂ. બહેનજી. પૂજ્યશ્રીના ચરણોમાં શ્રદ્ધા અને વિશ્વાસથી, મસ્તક નમાવનાર દરેક પરિજનના સાથી, સંગાથી, માર્ગદર્શક અને સ્નેહભરી કાળજી લેનાર પૂજ્ય બહેનજી દરેકના સ્વજન બની ગયા હતા. દરેકને નામથી યાદ રાખી, આશ્વાસન આપવું, હિંમત આપવી અને પૂજ્યશ્રીના આશીર્વાદ, કૃપાથી નિશ્ચિંત કરવાની તેઓશ્રીની નિપુણતાને કારણે, દરેક ભક્ત હૃદયમાં તેઓ અલગ સ્થાન પામતા.

પૂજ્યશ્રીના સેવા કાર્યો, સેવા પ્રકલ્પો, અને સેવા કરનાર ભક્તો દરેકનું વ્યવસ્થાપન, સંચાલન અને અનુશાસન કરીને તેઓશ્રી દરેક ઉત્સવ, દરેક અભિયાનને પ્રાણવાન બનાવી દેતા. દરેક પ્રસંગ અને પૂજ્યશ્રીના દરેક સેવા, અરમાન, આતિથ્યભાવ ને તેઓશ્રી અવિસ્મરણીય બનાવી દેતા.

પૂજ્યશ્રીના દરેક ભક્તો સાથે તેઓશ્રીનો ભાવ સંબંધ, સ્નેહ સંબંધ, શ્રદ્ધાનો સંબંધ, સહયોગનો સંબંધ, સેતુનો સંબંધ, લાગણીનો સંબંધ અને કાળજી લેનાર સ્વજનનો સંબંધ સ્થાપિત થતો.

પૂ. બહેનજી કૈલાસવાસી થતાં, દરેક ભક્ત ખાલીપો અનુભવે છે. પૂજ્ય બહેનજીની ખોટ ક્યારેય પૂરાશે નહીં.

પળે પળે એમની યાદ આવશે અમને

સદાય એમની ખોટ સાલશે અમને

**શ્રદ્ધા નિલોષા કદી ભૂલશે ના તમને**

**અમારી આંખો સદાય શોધશે તમને**

**ભક્તોના સ્મરણોની, સ્નેહની, ભાવની, ઋણની અને શ્રદ્ધાની શબ્દાંજલિનું સન્માન થાય એ જરૂરી હતું.**

**સાથે સાથે પ્રસ્તુત પુસ્તકમાં ''ભક્તોના ભાવ'' સાદર કરતી વખતે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો આપ ક્ષમા કરશોજી.**

**રાજ ગીતાના મર્મને સમજી જીવન સફળ તું કરતો જા**

ભક્તોની શબ્દ શ્રદ્ધાંજલિનું સંકલન કરીને પૂજ્ય બહેનજીના જન્મદિને (૧૩ જુલાઈ) પુસ્તિકા સ્વરૂપે અર્પણ કરવાના અમારા મનોભાવને પૂજ્યશ્રીની સંમતિ પ્રાપ્ત થઈ તે માટે પૂજ્ય ગુરૂદેવના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ.

**''ટીમ શ્રી રાજ''**

# પૂજ્ય બહેનજીની જીવની



પૂજ્ય બહેનજી (સુ. શ્રી કૈલાસબેન એન. પરીખ) એટલે પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીની આધ્યાત્મિક, દૈવીય સેવાયાત્રાના સમર્પિત સૈનિક. પરમ પૂજ્ય રાજયોગીજી માટે માતાજી દ્વારા પસંદગી પામેલા સંપૂર્ણ શરણાગત અને સમર્પિત સેવક.

પ્રથમ સાક્ષાત્કારમાં પૂજ્ય રાજયોગીજીએ માતાજી પાસે માંગી હતી, "દીન દુઃખિયાની સેવા, અને તારી ભક્તિ." માતાજીએ પૂજ્યશ્રીને "તથાસ્તુ" તો કહ્યું પણ પોતાના બાળની મહેચ્છા, મનોકામના અને દિવ્ય મનોભાવને પૂર્ણ કરવા એક વ્યવસ્થાપકની પણ ભેટ ધરી. પૂજ્યશ્રીના સેવાકીય, આધ્યાત્મિક જીવનના વ્યવસ્થાપક એટલે પૂ. બહેનજી. માતાજીએ ખૂબ કાળજીપૂર્વક પૂ. બહેનજીને પૂજ્યશ્રીના આધ્યાત્મિક અને દિવ્ય સેવાના કાર્યોના અનુશાસન માટે સંગાથી બનાવ્યા. આ હતી માતાજીની દિવ્ય કૃપા. તેઓ બંનેની સંગાથયાત્રા પણ ઈશ્વરીય સંકેત સમી હતી.

માતાજીના સ્વપ્ન આદેશ "અમદાવાદ જવાની તૈયારી કર."

મુજબ પૂજ્યશ્રીએ સરકારી નોકરીમાં, કડાણા કોલોની થી અમદાવાદ જવા માટે અરજી આપી. તેઓશ્રીની પસંદગી થઈ અને તા. ૩૧-૮-૭૧ ના રોજ તેઓશ્રીએ કડાણા કોલોની ઓફિસમાંથી વિદાય અપાઇ અને તા. ૨-૯-૭૧ ના રોજ તેઓશ્રી અમદાવાદ આવ્યા.

કૈલાસબેન કે જેઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આસિસ્ટન્ટ મેટ્રન તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પણ ગોધરાના જ વતની છે. તેઓના પિતાશ્રી નટવરલાલ પરીખ અને પૂજ્યશ્રીના પિતાજી પૂ. બાપુલાલ મિત્રો છે. અને કૌટુંબિક સંબંધો ધરાવે છે. પૂજ્ય બાપુલાલના વૈદકીય વ્યવસાયને કારણે કૈલાસબેનના માતા- પિતા, ભાઈઓ વગેરે પણ બાપુલાલના માર્ગદર્શનને અનુસરતા.

ઈ. સ. ૧૯૭૧માં પૂજ્યશ્રી અમદાવાદ આવ્યા ત્યારે સુ.શ્રી કૈલાસબહેન, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્થાયી થઈ ચૂક્યા હતા અને ૧૯૭૦ ની ૨૪ મી ઓગસ્ટે તેમને નર્સિંગ ઓફિસર તરીકે નવું જ ક્વાર્ટર ફાળવવામાં આવ્યું હતું.

સુશ્રી કૈલાસબેન ને તો ડોક્ટર થવું હતું પણ સમય, સંજોગ અનુકૂળ ન રહ્યા અને તેઓશ્રીએ મેટ્રીક સુધીના અભ્યાસ પછી મુંબઈથી નર્સિંગનો અભ્યાસ કરીને પરિચારીકા તરીકેનો વ્યવસાય સ્વીકાર્યો હતો. તેઓના સહકાર્યકર્તા ના અંગુલિનિર્દેશથી તેઓ મુંબઈ છોડીને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જોડાયા હતા. તેમણે કોમ્યુનિટી હેલ્થ એજ્યુકેશન એડમિનિસ્ટ્રેશનમાં પણ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ કરીને ૧૯૬૧ માં અમદાવાદ આવ્યા હતા. ૧૯૬૫ માં કોલંબો પ્લાન થયેલો ફેલોશીપ મેળવીને સરકારી નોકરીએ ડેપ્યુટેશનથી ઓસ્ટ્રેલિયામાં કોમ્યુનિટી હેલ્થ અને એડમિનિસ્ટ્રેશનના

દોઢ વર્ષના અભ્યાસક્રમ માટે ગયા હતા. સાઉથ ઈસ્ટ એશિયાના દેશો તેમજ ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ જેવા વિવિધ દેશોના વિદ્યાર્થીઓમાં પ્રથમ શ્રેણીમાં પાસ થઈને તેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું અને માતા-પિતા તથા કુળનું નામ રોશન કર્યું હતું.

પૂજ્યશ્રીને તેમણે અમદાવાદ આવતા પહેલા જ, પોતાની સાથે પોતાના જ ક્વાર્ટરમાં રહેવા વિનંતી કરી હતી. કૌટુંબિક સંબંધો અને સ્નેહીભરી વિનંતિને માન આપીને પૂજ્યશ્રી કુસુમબા અને બાળકો અમદાવાદમાં બહેનજીની સાથે જ રહેવા લાગ્યાં. ૧૯૭૫ ના ફેબ્રુઆરીથી પૂજ્યશ્રીને માતાજીની શક્તિના આવિર્ભાવની અનુભૂતિઓ થઈ ત્યારથી કૈલાસબેને ગાયત્રી ઉપાસનાનો આરંભ કર્યો. ૧૯૭૫ ના ઓક્ટોબરમાં તેમણે સહુ પ્રથમવાર સવા લાખ ગાયત્રીમંત્રના જાપનું અનુષ્ઠાન કર્યુ.

અનુષ્ઠાનના પ્રથમ દિવસે જ તેમને માતાજીના બાળા સ્વરૂપે દર્શન થયા. અને માતાજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. અનુષ્ઠાનમાં માતાજીએ તેમને સ્ફટિકની માળા પ્રસાદીમાં આપી. છેલ્લા ચાર દિવસ અગોચર રૂપે તેઓના અંબોડામાં ફૂલ આવી જતા. છેલ્લા દિવસે માથું ધોયેલું હોવાથી તેમના વાળ છૂટા હતા તો માથા પર વાળનો અંબોડો મૂકીને, અંબોડો વાળવાનો સંકેત આપ્યો. તેમણે માળા પૂરી કરીને અંબોડો વાળ્યો કે તરત જ અંબોડામાં ફુલ આવી ગયા. છેલ્લી માળા કરતા હતા ત્યારે તેમના ખોળામાં માતાજીએ અગોચર રૂપે ફોટો પધરાવ્યો.

ઈ સ. ૧૯૭૬ માં ૨૪ મી મે થી મુંબઈમાં સાત દિવસ માટે કાર્યયજ્ઞનું આયોજન થયું હતું. પૂજ્યશ્રી સાથે, તેઓના મદદનીશ

તરીકે પૂ. બહેનજીની પણ આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ. સાથ, સંગાથ, શરણાગતિ અને સમર્પિત જીવનયાત્રાનો પ્રારંભ થયો.

યોગાનુયોગ તે જ દિવસે, તેમના માતાપિતા અને મોટાભાઈનો પરિવાર, ચારધામની યાત્રાએ જતા હતા. બહેનજીએ તેમના માતા-પિતાની ચાર પ્રદક્ષિણા કરી લીધી અને જણાવ્યું કે મારી ચારધામ યાત્રા આપના શ્રીચરણોમાં પૂર્ણ થઇ. આજથી હું માનવસેવા માટે આધ્યાત્મિક યાત્રા શરૂ કરું છું.

તે જ દિવસથી મા ભગવતીના ચરણે, પરમ પૂજ્ય રાજ્યોગીજી ના અંગત મદદનીશ તરીકે તેમની સેવામાં જ તેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું. પૂજ્ય ગુરૂદેવ અસંખ્ય લોકોને વ્યક્તિગત મુલાકાત આપતા હોવાથી, દરેકને તેમના માર્ગદર્શનની વિગતે સમજ આપવાનું કાર્ય, પૂજ્ય બહેનજી કરતા. આગંતુકને ઉપાસના, આધ્યાત્મિકતા અને જીવનદ્રષ્ટિની વૈજ્ઞાનિક સમજ આપવામાં તેઓ નિપુણ અને કુશાગ્ર હતા. અજાણી વ્યક્તિને, મીડિયાને, પત્રકારોને પૂજ્યશ્રીના કાર્યના નિષ્કામ, નિઃશુલ્ક અભિગમની સમજ ખૂબ સહજતાથી આપતા. પૂ. બહેનજીનો વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક અભિગમ પૂજ્યશ્રીના સમષ્ટિના કાર્યોમાં વિશેષ ઉપકારક રહેતો.

પૂ. ગુરૂદેવને માતાજીના થયેલ સાક્ષાત્કાર પછી, બહેનજીનું આ કાર્યમાં સંકળાવાનું થયું. જે જવાબદારી, જે કાર્યો કરવાના આવ્યા તે જોતા તેમણે પણ સમષ્ટિના શ્રેયાર્થે ઘણી મોટી તપશ્ચર્યા આદરી છે. અમદાવાદ બહારના શહેરો અને પરદેશોમાં પૂજ્યશ્રીનો સેવાયજ્ઞ યોજાતો ત્યારે, બહેનજી નોકરીમાંથી રજાઓ લઈને પૂજ્યશ્રીના

અંગત મદદનીશ તરીકે કાર્યનું આયોજન અને વ્યવસ્થા સંભાળતા. દરેક કાર્યક્રમના આયોજનમાં પૂજ્ય બહેનજીની ચોકસાઈ, કાળજી અને ચીવટાઈ પ્રશંસનીય અને ઉદાહરણીય રહેતી. પૂજ્ય ગુરૂદેવની રસોઈ તેઓ જાતે જ બનાવતા.

પૂજ્ય બહેનજી દરેકને સ્નેહપૂર્વક, સસ્મિત આવકાર આપીને સ્પષ્ટ સમજ આપવામાં કુશળ હતા. તેઓ પણ પૂજ્યશ્રીની માફક સમય અને શિસ્તના ખૂબ આગ્રહી રહેતા.

પૂજ્યશ્રીએ શ્રદ્ધામાં નિવાસ કર્યા પછી, તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારીને પોતાનું શેષ, સમસ્ત જીવન, પૂજ્યશ્રીની સેવામાં, સેવાયજ્ઞોમાં, સેવા પ્રકલ્પોના સંચાલનમાં સમર્પિત કરી દીધું. પૂજ્યશ્રીના કાર્યયજ્ઞની નોંધ રાખવી, અને તેને યોગ્ય રીતે જાળવવી એ પૂજ્ય બહેનજીની ઉમદા સેવા રહી.

પૂજ્ય બહેનજીની વિદાયથી ૐમાૐ પરિવારના પરિજનોને ખૂબ મોટી ખોટ પડી છે.

**અમારા જીવનમાં સદા વર્તાશે ખોટ તમારી**
**અશ્રુભરી આંખડીઓ પાસે, રહી ગઈ તસવીર તમારી.**

**"ટીમ શ્રી રાજ"**

## અનુક્રમણિકા


| ક્રમ | નામ | પાના નંબર |
|---|---|---|
| A-1 | પૂજ્ય શ્રી રાજયોગી નરેન્દ્રજી | ૧ |
| A-2 | પૂજ્ય ઉષાબેન | ૩ |
| **A-3** | યોગેશભાઈ નરેન્દ્રજી દવે | ૪ |
| ૧. | અંજલીબેન અમિતભાઈ શાહ | ૫ |
| ૨. | અંજુબેન | ૫ |
| ૩. | સીમાબેન વી. બારોટ | ૫ |
| ૪. | રામસિંહ દાયમા | ૬ |
| ૫. | આશાબેન શાહ | ૭ |
| ૬. | કિરીટભાઈ - રેખાબેન પરીખ પરિવાર | ૭ |
| ૭. | રસેન્દુભાઈ ત્રિવેદી | ૮ |
| ૮. | હેમંતભાઈ ઉપાધ્યાય | ૮ |
| ૯. | ભુપેન્દ્રભાઈ વ્યાસ | ૧૦ |
| ૧૦. | ડૉ. કેયુરભાઈ આર. સોની-હેમંતભાઈ આર. સોની | ૧૨ |
| ૧૧. | કંદર્પભાઈ દવે | ૧૪ |
| ૧૨. | ભાગ્યવંતીબેન ગગલાણી | ૧૪ |
| ૧૩. | તુષારભાઈ ગગલાણી | ૧૫ |
| ૧૪. | હસમુખભાઈ સૂચક | ૧૬ |
| ૧૫. | મુકેશભાઈ એમ. પટેલ | ૧૭ |
| ૧૬. | નીલાબેન માલવી | ૧૭ |
| ૧૭. | દેવાંગભાઈ મંકોડી | ૧૯ |
| ૧૮. | નિર્મળાબેન ઈશ્વરલાલ દેસાઈ | ૨૧ |
| ૧૯. | જયશ્રીબેન જોષી | ૨૧ |
| ૨૦. | કૈલાશભાઈ હીરાલાલ દરજી | ૨૨ |
| ૨૧. | ડૉ. પિયુષ અંબાલાલ ત્રિવેદી - ભાવનાબેન | ૨૨ |

| ક્રમ | નામ | પાના નંબર |
|---|---|---|
| ૨૨. | અનામી દેસાઈ | ૨૩ |
| ૨૩. | બીજલભાઈ બી. પ્રજાપતિ | ૨૪ |
| ૨૪. | સુકુમારભાઈ મિી | ૨૪ |
| ૨૫. | વિપુલભાઈ કાંતિલાલ કક્કડ - અલ્પાબેન - ઈશાબેન | ૨૬ |
| ૨૬. | યોગીનીબેન ભુપેન્દ્રભાઈ શાહ | ૨૭ |
| ૨૭. | અનલભાઈ | ૨૯ |
| ૨૮. | શ્રી હરીશભાઈ એમ. દાવડા | ૩૦ |
| ૨૯. | દિપકભાઈ ભટ્ટ | ૩૧ |
| ૩૦. | મહેન્દ્રભાઈ દરજી | ૩૨ |
| ૩૧. | વિજયભાઈ સામાણી | ૩૪ |
| ૩૨. | ઘમષ્ઠાબેન રાજેશભાઈ દેસાઈ | ૩૫ |
| ૩૩. | ધનશ્યામભાઈ રતિલાલ પટેલ પરિવાર | ૩૬ |
| ૩૪. | શૈલેષભાઈ બી. શાહ | ૩૬ |
| ૩૫. | લીનાબેન ઝવેરી | ૩૭ |
| ૩૬. | ઉદયભાઈ હસમુખભાઈ સૂચક | ૩૮ |
| ૩૭. | દક્ષાબેન ડોક્ટર | ૪૦ |
| ૩૮. | હેતલબેન શ્રીકાંતભાઈ કક્કડ | ૪૦ |
| ૩૯. | અનિલભાઈ પ્રમોદરાય મહેતા | ૪૧ |
| ૪૦. | સ્વાતિબેન અપૂર્વભાઈ | ૪૧ |
| ૪૧. | સુરેશ - અવની - શૈવાલ - ઉમ | ૪૧ |
| ૪૨. | ઈલાબેન રાવલ | ૪૨ |
| ૪૩. | રીન્કુબેન બારીયા | ૪૨ |
| ૪૪. | હેમા પરીખ - પંકજ પરીખ | ૪૨ |
| ૪૫. | મહેશ પટેલ - સુધા પટેલ | ૪૩ |
| ૪૬. | પદ્માહેન ગોહિલ | ૪૨ |

| ક્રમ | નામ | પાના નંબર |
|---|---|---|
| ૪૭. | હષતભાઈ હસમુખભાઈ સૂચક | ૪૪ |
| ૪૮. | રમેશભાઈ બારોટ | ૪૫ |
| ૪૯. | કાંતિલાલ પટેલ | ૪૬ |
| ૫૦. | રીનાબેન અરુણભાઈ વાધેલા | ૪૭ |
| ૫૧. | નિરંજનભાઈ પંડ્યા | ૪૮ |
| ૫૨. | વંદનાબેન પંડ્યા | ૪૮ |
| ૫૩. | ફાલગુનીબેન તુષારભાઈ વ્યાસ - તુષારભાઈ વ્યાસ | ૪૮ |
| ૫૪. | સ્મિતાબેન દવે | ૪૯ |
| ૫૫. | કુસુમબેન અમરીશભાઈ શાહ | ૫૦ |
| ૫૬. | રશ્મિબેન અમિતભાઈ ચોલેરા (કક્કડ) | ૫૦ |
| ૫૭. | સતીષ દક્ષા પરીખ | ૫૧ |
| ૫૮. | પૂર્વી મંકોડી | ૫૨ |
| ૫૯. | મનેષભાઈ મોદી | ૫૩ |
| ૬૦. | વિરલ કે. ઉપાધ્યાય | ૫૩ |
| ૬૧. | હેમાબેન જયંતભાઈ દેસાઈ | ૫૬ |
| ૬૨. | રેખાબેન સૂચક | ૫૬ |
| ૬૩. | પ્રતિક્ષાબેન જશવંતકુમાર શુક્લ | ૫૭ |
| ૬૪. | બીનાબેન હરેન્દ્રભાઈ શાી | ૫૯ |
| ૬૫. | રૂપલબેન હરેન્દ્રભાઈ શાી | ૫૯ |
| ૬૬. | બિરેન શેલત (લાલુભાઈ) | ૬૦ |
| ૬૭. | ભગુભાઈ પટેલ | ૬૨ |
| ૬૮. | જીતેન્દ્રભાઈ પી. પરીખ | ૬૩ |
| ૬૯. | કુમારી પૂણમાબેન ભગતજી | ૬૩ |
| ૭૦. | સતીષભાઈ વર્મા | ૬૪ |
| ૭૧. | સ્મિતાબેન ઉપાધ્યાય | ૬૪ |

| ક્રમ | નામ | પાના નંબર |
|---|---|---|
| ૭૨. | જયાબેન ઉપાધ્યાય | ૬૫ |
| ૭૩. | ડૉ. અર્ચનાબેન બુચ  સરોજ મંકોડી | ૬૫ |
| ૭૪. | કલાબેન નટુભાઈ ઠકરાર | ૬૬ |
| ૭૫. | પ્રીતિ પરીખ | ૬૭ |
| ૭૬. | ભારતીબેન નિમેશભાઈ દેસાઈ | ૬૮ |
| ૭૭. | જયશ્રી કાકુભાઈ ભોજાણી | ૬૯ |
| ૭૮. | અશોક એચ. સુખવાણી | ૭૦ |
| ૭૯. | નીતાબેન વડેરા | ૭૧ |
| ૮૦. | કોકીલાબેન જ્યોતિષ વોરા | ૭૨ |
| ૮૧. | ડૉ. યોગેન્દ્રભાઈ એસ. મોદી | ૭૨ |
| ૮૨. | પ્રફુલ્લાબેન કિશોરભાઈ જોષી | ૭૩ |
| ૮૩. | પ્રકાશભાઈ શાહ | ૭૪ |
| ૮૪. | શોભાબેન વર્મા | ૭૪ |
| ૮૫. | વિ. ડી. શાહ - પ્રતિભાબેન વિ. શાહ | ૭૫ |
| ૮૬. | આરતીબેન હષતભાઈ સૂચક | ૭૫ |
| ૮૭. | ભાવનાબેન આનલભાઈ | ૭૬ |
| ૮૮. | પરમેશભાઈ હી. ભટ્ટ | ૭૮ |
| ૮૯. | શમિકભાઈ વ્યાસ - ઉમલ વ્યાસ | ૭૮ |
| ૯૦. | નિરુ વિઠલાણી | ૭૮ |
| ૯૧. | દીનાબેન જગતભાઈ શેઠ | ૭૯ |
| ૯૨. | જગતભાઈ વી. શેઠ | ૮૦ |
| ૯૩. | જ્યોતિ ત્રિવેદી | ૮૧ |
| ૯૪. | બાબુભાઈ મોતીભાઈ પટેલ | ૮૨ |
| ૯૫. | મંગલ બારીયા | ૮૩ |
| ૯૬. | દક્ષાબેન નીતિનભાઈ સવજીયાણી | ૮૪ |

| ક્રમ | નામ | પાના નંબર |
|---|---|---|
| ૯૭. | નીતિનભાઈ સવજીયાણી | ૮૫ |
| ૯૮. | હસમુખ હરિપ્રસાદ વ્યાસ | ૮૬ |
| ૯૯. | રાજીવભાઈ જોષી - નિશાબેન જોષી | ૮૭ |
| ૧૦૦. | અશ્વિનભાઈ રાજકોટીયા | ૮૮ |
| ૧૦૧. | હિરવા - મીત | ૮૯ |
| ૧૦૨. | હિમાંશુ મોદી | ૮૯ |
| ૧૦૩. | અશ્વિનભાઈ શાહ | ૮૯ |
| ૧૦૪. | સુધાબેન કાજી | ૯૦ |
| ૧૦૫. | સ્વાતિ | ૯૧ |
| ૧૦૬. | ભારતીબેન પંડ્યા | ૯૧ |
| ૧૦૭. | મૃદુલાબેન યોગેશકુમાર શાહ | ૯૩ |
| ૧૦૮. | પંકજ બુધિયા - માધવી બુધિયા | ૯૩ |
| ૧૦૯. | પ્રણવ હષતભાઈ સૂચક | ૯૪ |
| ૧૧૦. | પ્રભાબેન રામજીભાઈ વાઢેર | ૯૪ |
| ૧૧૧. | અવંતિકાબેન પંકજભાઈ ભટ્ટ | ૯૫ |
| ૧૧૨. | વિજયભાઈ ત્રિવેદી | ૯૭ |
| ૧૧૩. | રશ્મિ જયવંતલાલ કાપડિયા | ૯૮ |
| ૧૧૪. | ડૉ. રેખાબેન પિયુષભાઈ છાયા | ૯૮ |
| ૧૧૫. | નીરવ રાજાસુબા | ૯૯ |
| ૧૧૬. | ઉષ્માબેન જયેશભાઈ ચાવડા | ૧૦૦ |
| ૧૧૭. | નરેન્દ્રભાઈ દેસાઈ | ૧૦૦ |
| ૧૧૮. | યોગીની દેસાઈ - હર્ષલ દેસાઈ | ૧૦૧ |
| ૧૧૯. | ઉષા નાયક | ૧૦૧ |
| ૧૨૦. | શૈલુબેન મુકુન્દલાલ ત્રિવેદી | ૧૦૨ |
| ૧૨૧. | પ્રગતિ હેમાંગ મહેતા | ૧૦૩ |

| ક્રમ | નામ | પાના નંબર |
|---|---|---|
| ૧૨૨. | અરવિંદભાઈ એ. જોષી - સરોજબેન એ. જોષી | ૧૦૪ |
| ૧૨૩. | પ્રજ્ઞાબેન રાઠોડ | ૧૦૪ |
| ૧૨૪. | હરીશભાઈ પંડ્યા | ૧૦૫ |
| ૧૨૫. | અજીત ચૌધરી | ૧૦૫ |
| ૧૨૬. | ભરત જોષી | ૧૦૫ |
| ૧૨૭. | હર્ષાબેન રાજેશભાઈ પારેખ | ૧૦૬ |
| ૧૨૮. | રમેશચંદ્ર કલાલ | ૧૦૭ |
| ૧૨૯. | વિનોદ ભાટિયા - લતા ભાટિયા | ૧૦૭ |
| ૧૩૦. | રમણલાલ ભાટિયા | ૧૦૮ |
| ૧૩૧. | શંકર | ૧૦૮ |
| ૧૩૨. | અજય ગિરધરભાઈ નેવાસકર | ૧૦૯ |
| ૧૩૩. | નરેન્દ્ર એ. ઠાકુર | ૧૦૯ |
| 134. | Ashaben Shah | 110 |
| 135. | Minuben Ketanbhai Patel | 110 |
| 136. | Sangeeta Tusharbhai Gaglani | 111 |
| 137. | Sunitaben Nagar | 112 |
| 138. | Ridhaan M. Patel | 113 |
| 139. | Arun & Sheetal | 114 |
| 140. | Dhaivat Hemang Mehta | 114 |
| 141. | Dwijal Hemang Mehta | 115 |
| 142. | Siddharth S. Pathak | 115 |
| 143. | Hemang Mehta | 117 |
| 144. | Daxa Satish Parikh | 117 |
| 145. | Deepak Jivanji | 118 |
| 146. | Kanak Dalal | 119 |
| 147. | Shveta Pandya | 119 |

| ક્રમ | નામ | પાના નંબર |
|---|---|---|
| 148. | Vinay Pandya | 120 |
| 149. | Gajraben R. Mistry-Nilesh-Tejal-Roshan | 121 |
| 150. | Anand Shah and Family | 121 |
| 151. | Samir Shah | 122 |
| 152. | Mehta Family | 122 |
| 153. | Shreya Newaskar | 123 |
| 154. | Gayatri Patel | 123 |
| 155. | Pankaj Vadera & Jayshree Vadera | 123 |
| 156. | Dhansukhbhai & Ramilaben Khatri | 124 |
| 157. | Hema Kapadia | 125 |
| 158. | Tejendrasinh Gohil | 127 |
| 159. | Shraddha Sharma | 130 |
| 160. | Abhijeet Khandekar and Family | 131 |
| 161. | Bhupendra Kalyanji Shah | 131 |
| 162. | Vyas Family | 132 |
| 163. | Subhash Patel | 133 |
| 164. | Jyotiben Parmaar | 135 |
| 165. | Balubhai Patel & family | 135 |
| 166. | Manisha Bhatt | 137 |
| 167. | Rekha & Kirit family | 137 |
| 168. | Kinal R. Dalal | 138 |
| 169. | Purvi Mitenkumar Parikh | 138 |
| 170. | Sneha Satish Varma | 139 |
| 171. | Harsh Bhatt | 139 |
| 172. | Miten & Aparna Patel | 139 |
| ૧૭૩. | રીટાબેન મોદી | ૧૪૦ |
| ૧૭૪. | પ્રફૂલ્લાબેન ઉમેશભાઈ પટેલ - પાયલ એમ. પટેલ | ૧૪૧ |
| ૧૭૫. | સમય - આધ્યાત્મિક પુત્ર કંદર્પ દવે | ૧૪૨ |
| ૧૭૬. | પૂ. બહેનજીનો છેલ્લો સંદેશો | ૧૪૩ |

## પૂજ્ય શ્રી રાજયોગી નરેન્દ્રજી

## પરમ પૂજ્ય ગુરૂદેવની બહેનજી માટે શ્રધ્ધાંજલિ

મહાન માણસોનો જન્મ માનવતાના કાર્યો માટે જ થયેલો હોય છે. એમાંના એક – એટલે આપણા કૈલાસ બહેનજી.

મારી આધ્યાત્મિક જગતના જ્યારથી બીજ રોપાયા ને ઘટાદાર વૃક્ષ બન્યું ત્યાં સુધીમાં તેઓશ્રી એક સાથી અને એક સાક્ષી તરીકે હતા.

તેઓશ્રીનો જગતના માનવી પ્રત્યેનો વ્યવહાર તે એક માનવતાનું આગવું કદમ હતું.

એક અંગ્રેજી કવિએ નદી માટે લખ્યું છે કે “Man may come and Man may go BUT I go forever.” અને આ કાર્ય જ તેમણે કરી બતાવ્યું.

મને આશા છે, કે બીજા જન્મે પણ તે માનવતાના કાર્યને મહેંકાવશે કારણ કે તેઓશ્રીએ તેમના દેવ થવાના, થોડાક કલાક અગાઉ જ યજ્ઞ કરેલો હતો. આ કાર્ય કોઈ વિરલ વ્યક્તિ જ કરી શકે.

મારા માટે તેઓશ્રી એક નિકટના સાથીદાર હતા. જે ખભે-ખભો મિલાવીને કાર્ય કરતા હતા. માનવી જગતમાં આવે છે ને જાય છે, પરંતુ તેણે કરેલા કાર્યોની મહેંક પ્રસરાવી જાય છે. જે વર્ષો થકી મહેંક્યા કરે છે.



આવા હતા આપણા બહેનજી, એમના ઉપર લખવા બેસીએ તો કલમ પણ થાકી જાય. છેલ્લે અંત સુધી તેઓ માનવતાના સંભારણા આપણા માટે મૂકી ગયા છે.

વિદાય તો સૌની હોય છે.

આ વિદાય અવિસ્મરણીય ઘટના છે.

**ૐ મા ૐ**

**પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી**

## પૂજ્ય ઉષાબેન

## પૂજ્ય ઉષાબેનની બહેનજી માટે શ્રધ્ધાંજલિ

**પૂજ્ય વ્હાલા બહેનજી -**

બ – બહુ

હે – હેતાળ

ન – નજીકના

જી – જીગરી એવા મારા બહેનજી ને.. પ્રણામ – પ્રણામ

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીની આધ્યાત્મિક યાત્રાના સારથી એવા બહેનજીનો પ્રથમ પરિચય થયો ત્યારથી એમના વ્યક્તિત્વની દીવાની થઈ ગઈ. જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ તેઓ એક બહુ હેતાળ અને નજીકના જીગરી મિત્ર બનતા ગયા. મારી એક એક સમસ્યાના સમાધાન, માર્ગદર્શન અને ઉત્સવના આયોજનમાં આનંદ આનંદ કરાવવાની એમની કળા પર હું આફરીન થઈ જતી. જ્યારે જ્યારે પૂજ્ય બહેનજી બહારગામથી પરત આવે ત્યારે હું તેમને, પૂજ્ય ગુરૂદેવને લેવા જતી, ટ્રેનમાંથી ઉતરતા ઉષાડી કહીને ભેટી પડી વ્હાલ કરતા, હવે ઉષાડી કોણ કહેશે?

મારા પતિ નલીનકાન્ત અને હું અમે બંને પૂ. બહેનજીના પ્રશંસક રહ્યા. એમની વિદાય અસહ્ય છે. એમને ભાવ અર્પણ કરવા શબ્દો નથી. મારા અશ્રુ એજ મારી શ્રધ્ધાંજલિ.

**જય ગુરૂદેવ જય માતે**

**ઉષાબહેન જીયા અને સ્વ. નલીનકાન્ત શાહના**

**પ્રણામ પ્રણામ નીલોષા**

## યોગેશભાઈ નરેન્દ્રપ્રસાદ દવે

અમદાવાદ, મોબાઈલ :- +૯૧ ૯૪૨૭૬ ૩૨૧૫૭

સમય જોને કેવો કાળમીંઢો છે
માનવી પામર જો...
લૂંટાઈ ગયો મારો લાડ ખજાનો,
નજરુથી છૂટી ગયો... સમય જો ને...

લાડ લડાવતો-લડતો હું તો,
આપની સંગે રે...
દરિયા જેવું દિલ તમારું
કાંખમાં સૌને લ્યો... સમય જો ને...

સંચાલન તમારૂ રૂડું રૂપાળું,
સૌ ભક્તોને સંગે લ્યો...
વાતો સાંભળતા ઠાવકાઈથી
કે લાગે સૌના છો... સમય જો ને...

પરમાત્મા સાથે મિલન તમારું
ઉત્સવ જાણે જો...
શ્વાસ અમારો થંભી ગયો ત્યાં,
સુની શ્રધ્ધા કુટિર જો... સમય જો ને...

દેવદત

## ૧. અંજલી અમિત શાહ

**અમદાવાદ, મોબાઈલઃ ૮૮૬૬૨૪૬૯૩૨**

પૂજ્ય મા, બહેનજી
બહુ યાદ આવે છે,
એમનો પ્રેમાળ, વાત્સલ્ય ભર્યો હાથ.
કાયમ હસતો ચહેરો,
આપણને રડાવી ગયો.
પરમતત્વ આપણી પામરતાનો અહેસાસ આપણને કરાવી ગયો.
જીવન મૃત્યુના પાઠ સમજાવી ગયો.
આવી વિભૂતિને શત શત નમન
પ્રાર્થના જ, આપણને
એમણે ચીંધેલા માર્ગે લઈ જશે.
અને એજ સાચી
શ્રદ્ધાંજલિ

## ૨. અંજુબેન

ગુજરાત.

બહેનજી, નામ લેતા જ અનેક પ્રસંગો આંખ આગળથી પસાર થાય. એમના હસમુખા ચહેરા સમક્ષ, કોઈપણ પ્રશ્ન એમની સામે લઈને જઈએ તો યોગ્ય માર્ગદર્શન અને નિરાકરણ મળી જાય.

મા ગાયત્રીની કૃપા અને બહેનજીના આશીર્વાદ થકી સહુને એમનું જીવન પ્રેરણા આપતું રહે.

## ૩. સીમાબેન વી. બારોટ

**રામોલ, નડિયાદ, મોબાઈલઃ ૯૬૩૮૧૩૩૦૩૬૭**

બહેનજી નામ સ્મરતાં 'મા' નું વાત્સલ્ય ઉભરાય. એક અડીખમ જાજરમાન વ્યક્તિત્વ દેખાય. સાથ તમારો ૧૯૯૪ થી ૨૦૨૪ સુધીનો રહ્યો. પણ આ ત્રણ દાયકા મને, હતા બહેનજીના સથવારા. દૂર-બેઠા

દુરભાષથી, દુરદર્શી બનતા અમ કાજે,દિશાહીન એ મારી ક્ષણોને સત્વરે પથ સૂચક બનતા, વર્ણવી ન શકું હું એમની સચોટ એવી વ્હાલી વાતો, હવે એ અવાજ કાયમ હૃદયમાં કાયમ સંગ્રહાયેલ રહેશે. યાદ આવશે એમની ઉર્મિઓને હવે દબાવી દઈશ. હવે યાદ આવતા જ, ‘‘બોલ બેટા,’’ શબ્દ સાંભળવો ક્યાં? એ વિચાર, હવે ધ્રુજાવી દે છે. મારા અસ્તિત્વને ગુરૂદેવ સુધી ત્વરિત સંકલન સાથે, ઉત્તર મળતો. મને હવે એ પ્રેમાળ હૃદય, મને કદી સમકક્ષ જોવા નહીં મળે. કરું છું ગુરૂદેવ, માતાજીને આજીજી. મારા અશક્ત શબ્દથી એ વાત્સલ્ય મને મળતું રહે એવા ભાગ્યશાળી બનાવજો.

## ૪. રામસિંહ દાયમા

**વડોદરા, મોબાઈલ: ૯૯૭૪૭૦૦૩૬૪**

પૂ. કૈલાસબહેનજીને શ્રધ્ધાંજલિ અર્પિત કરવા અમારી પાસે શબ્દ નથી. તેમની યાદ આવતા- આંખમાં આવતા આંસુ રોકાતા નથી. સર્વે લોક એમને બહેનજી કહેતા, પરંતુ અમારા કુટુંબ માટે માતાના સ્થાને હતાં. તેઓને અમે રૂબરૂમાં કહેલું કે, ‘‘તમો અમારા માતા છો.’’ અમે કોઈપણ સમયે, તેઓશ્રીને તકલીફ સમયે, તેઓને ફોન કરી, અમારી તકલીફની રજુઆત કરતા. તો તેઓ, નિર્મળ સ્મિતભર્યા ઉત્તરથી પૂ. ગુરૂદેવના આશીર્વાદ પાઠવતા. જેથી અમારી આધિ, વ્યાધિ નિર્મુળ થઈ જતી.

પૂ. બહેનજીના દ્રઢ મનોબળ, સચોટ નિર્ણય શકિત, સ્નેહથી સાચી સલાહ સહુને આપતા. બહેનજીની વિદાય અણધારી હશે, એ કયાં ખબર હતી?

આપને ભુલવા બહુ કઠીન છે. આપ અમારા હૃદયમાં હરહંમેશ બિરાજમાન રહેશો. પૂ.બહેનજીનો દિવ્ય આત્મા જયાં હોય ત્યાં પરમ શાશ્વત શાંતિ પામો. એ જ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ. તેમના દિવ્ય આત્માને પૂ. ગુરૂદેવ શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

## ૫. આશાબેન શાહ

**સિયેટલ અમેરિકા, મોબાઈલઃ ૬૦૯-૨૧૬-૧૫૫૪**

**મિસાલ સેવાની હતા બહેનજી**
**ભક્તિ અપૂર્વ દુનિયામાં એમની**
**જિંદગી એમને બનાવી સરીતા શ્રદ્ધાની**
**અખંડ જ્યોત પ્રગટે એમના કાર્યયજ્ઞની**
**નાના થી મોટાને આપી નિઃસ્વાર્થ લાગણી**
**શિસ્તતામાં એમની, ભરી વ્યાખ્યા પ્રેમ ભાવની.**
**ભક્તો ને અપાવતા ગુરૂદેવનો કૃપા- પ્રસાદ**
**છવાય એમના સંસ્મરણોની સદા સુવાસ.**

## ૬. કિરીટભાઈ - રેખાબેન પરીખ પરિવાર

મૂળ વતનઃ ગોધરા, રહેવાસીઃ અમદાવાદ

પૂજ્ય ગુરૂદેવના લોક કલ્યાણ સેવાના સારથી, આપણા સૌના લાડીલા પૂજ્ય બહેનજી અને પરીખ પરિવારનુ ગૌરવ એવા પૂજ્ય બાફોઈ ને વંદન.

સાદગી, સમર્પણ અને તાજગી - આ ત્રણ શબ્દોમા કોઈ પણ કાર્ય કેવી રીતે સફળતાપૂર્વક પાર પાડવું અને જીવનને કઈ રીતે સાર્થક બનાવવું તે તેઓ ખૂબ સારી રીતે જાણતા હતા.

નાનપણથી જ અમને પૂજ્ય ગુરૂદેવ અને માતાજીનું સાનિધ્ય અપાવી અને નવ સુત્રોમા આખા જીવનનો સાર, સરળ રીતે સમજાવી દેનાર, પૂજ્ય બાફોઈ તમારા વર્ણન માટે શબ્દો ઓછા પડે છે.

માતાજી તેમનાં પવિત્ર આત્માને સદ્‌ગતિ આપે તેવી સર્વે ભક્તો અને પરીખ પરિવારની પ્રાર્થના.

કિરીટભાઈ-રેખાબેન પરીખના અમિત-સેજલ, પ્રેમ, રાજ, મિતેન-પૂર્વી, અનવી, હિંયા, હીર, પૂર્વી-હિમાંશુ, પ્રિયાંશી, આસ્થાના વ્હાલા બાફોઈ ને પ્રેમ સહિત વંદન.

## ૭. રસેન્દ્ર ત્રિવેદી

**અમદાવાદ, મોબાઈલઃ ૯૭૨૪૧૦૩૧૦૦**

“પૂજ્યશ્રી બહેનજીની આપણી વચ્ચેથી વિદાય એ ખુબજ દુઃખદાયક પ્રસંગ છે. તેમની ગેરહાજરીમાં આ કુટીરમાં ઉદભવેલ શુન્યાવકાશ આપણને સદાય તેમની યાદ આપતો રહેશે. તેમની અનઉપસ્થિતિ આપણને સદાય ધૈર્ય, સહનશીલતા, મજબુત મનોબળ અને કાર્ય કુશળતાની પ્રેરણા આપતુ રહે અને પ્રભુ સદ્‌ગતની મંગલયાત્રા મંગલમય બનાવે. સદ્‌ગતના જીવ નો શિવ સાથે મિલન કરાવી પરમ શાંતિની અનુભૂતિ કરાવે એજ પ્રાર્થના.”

## ૮. હેમંતભાઈ ઉપાધ્યાય

અમદાવાદ, મોબાઈલઃ ૯૦૯૯૩૬૪૩૧૧

પળે પળે યાદ આવશે અમને
સદા ય તમારી ખોટ રહેશે અમને
શ્રદ્ધા નિલોષા કદી ના ભૂલશે તમને
અમારી આંખો સદા શોધશે તમને
કામો એવા કરી ગયાં
સહુના દિલમાં વસી ગયા
સમર્પણ સહુને શીખવી ગયા
બહેનજી બસ યાદોમાં રહી ગયા.
સર્વ ભક્તોનું શ્રેય જ જેનું જીવન હતું
વ્યવસ્થાપન અને સ્નેહ જેની શક્તિ હતી

ધર્મ કદી ભૂલ્યા નહીં ફરજ ચુક્યા નહીં
ૐ મા ૐ' પરિવાર માટે કર્તવ્ય ભૂલ્યા નહીં
જીવન તમારું અમારી આંખોમાં
સ્નેહ તમારો અમારા હ્રદયમાં
સમર્પણ તમારું અમારા ઉદાહરણમાં
યોગદાન તમારું રહી ગયું હવે યાદોમાં
ૐ મા ૐ પરિવાર જેનું મંદિર હતું
આયોજન અને સ્નેહ જેની શક્તિ હતી
ભક્તોનું શ્રેય જેની ભક્તિ હતી
સતત પરિશ્રમ જેની પહેચાન હતી
એવા દિવ્ય આત્મા બહેનજી ને
માવડી તારામાં સમાવી લે

હે પ્રભુ, અમારા કૈલાસજીને કૈલાસવાસી કરી ગયો તું ને
ૐ મા ૐ પરિવારના, ભક્તોના હૈયા હચમચાવી ગયો તું.
અમારા સહુના ગુરુત્વના સંપર્ક સેતુને છીનવી ગયો તું.
અમારી શ્રધ્ધાના અમૂલ્ય ઉપહાર, બહેનજી ને લઈ ગયો તું.
સાંભળ્યું છે જગત વ્યવસ્થાથી, ચિત્રગુપ્ત પણ થાકી ગયા છે હવે.
તેથી જ માત- બાળના વ્યવસ્થાપક ને પસંદ કરી ગયો તું.
બહેનજીના વીલપાવર અને સંપર્ક શક્તિથી મોહિત થયો.
તું સ્વર્ગમાં પણ ઉત્સવો ના આયોજન માટે એમને લઈ ગયો તું.
પૂજયશ્રીના જગતભરના ભક્તોને, આંચકો આપી ગયો તું.
ગુરુદેવ હોવા છતાંય, અમારામાં ભય ભરી ગયો તું.
હે બહેનજી, સ્વર્ગમાં રહીને પણ, અમ કાળજી રાખજે તું.
સૂક્ષ્મ રૂપે પણ, અમારા ગુરુદેવનો સહારો બનજે તું.
ચિત્રગુપ્તના ચોપડે, અમારા કર્મોના પાનાં કોરા કરજે તું.
પાપ કર્મ મુક્તિ દંડિકાનો, ન્યાય થી અમલ કરજે તું.

ખોઈ છે અમે બહેન, માતા, સખી અને સ્નેહી માર્ગદર્શક કરીએ અમે બંધ નયન ને અશ્રુમાં દેખાતી રહેતી તું
અશ્રુમાં દેખાતી રહેતી તું

## ૯. ભુપેન્દ્ર વ્યાસ

**અમદાવાદ મોબાઈલઃ** +૯૧ ૯૪૨૬૩ ૬૦૪૩૯

કોઈપણ સ્ત્રી વ્યક્તિત્વ - જાણીતી કે અજાણી ને સામાન્ય રીતે, આપણે 'બહેન' કહીને સંબોધીએ, પરંતુ એક વિશેષ-અનોખી વ્યક્તિ કે જે સમસ્ત "ૐ મા ૐ" પરિવારમાં "પૂજ્ય બહેનજી"ના સન્માનનીય ઉપનામથી જ ઓળખાય તે - કૈલાસબેન પરીખ કે જેમને બીજી કોઈ ઓળખ કે નામની આવશ્યકતા જ નહીં.

મને પૂજ્ય બહેનજીનો પરિચય ૧૯૭૭ માં સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ગુરૂદેવની કુટીરમાં થયો. પ્રથમ નજરે જ એક ઉમદા વ્યક્તિત્વથી હું પ્રભાવિત થયો.

તે સમય દરમિયાન તેઓ સિવિલ હોસ્પિટલમાં મેટ્રન તરીકે ફરજ બજાવતા હતાં અને સ્ટાફમાં 'પરીખ મેડમ' ના નામે જ ઓળખાતાં. વિશેષતઃ પરીખ મેડમ ની છાપ એક કડક મેટ્રન-અધિકારીની જ હતી કે જેમની કુનેહ અને વ્યવસ્થાશક્તિ, શિસ્તપાલન માટે બધો જ સ્ટાફ તેમને ખૂબ જ સન્માનપૂર્વક જોતો.

આવી જ કુનેહ અને વ્યવસ્થાશક્તિ 'શ્રધ્ધા' કુટીરમાં, કે નિલોષામાં ઉજવાતા નાના-મોટા આયોજિત પ્રસંગોમાં દૃષ્ટિગોચર થતી. ઘણા ધાર્મિક તહેવારો જેવા કે નવરાત્રી, શરદપૂર્ણિમા જેવા પ્રસંગોએ, યોજનાબદ્ધ આયોજન અને માર્ગદર્શન પૂજ્ય બહેનજી ની વ્યવસ્થાશક્તિ અને દોરવણીને લીધે જ દીપી ઉઠતું.

આવા પ્રસંગોએ ભાગ લેનાર ભક્તો અને પરિવારના બધા જ સભ્યોને સ્નેહપૂર્વક માર્ગદર્શન આપી, ઉત્સાહ પ્રેરતા. સાથોસાથ સમય પાલન માટેની ચોકસાઈ અને નિર્ધારિત ક્રમ મુજબનું આયોજન એ તેમની

વિશિષ્ટ કાર્યશૈલી હતી.

ગમે તેવા પ્રસંગનું આયોજન હોય પણ તેને કુટીરના સાંજના સમય દરમિયાન, પૂજ્ય ગુરૂદેવના ઉદબોધન પહેલાં પૂરું કરવું - સમગ્ર પ્રસંગને સમયની મર્યાદામાં રાખીને, ગોઠવવા જેવું કપરૂં કામ કરવામાં તેમને ખાસ ફાવટ હતી એમ જ કહી શકાય.

તેમના મક્કમ મનોબળને કારણે જ તેમની તબિયત અસ્વસ્થ હોવા છતાં યે તેમની અનિચ્છાએ તેમને જીવરાજ હોસ્પિટલમાં દાખલ કરવાં પડ્યા ત્યારે તેમણે સ્વીકારી લીધું કે "આ તો કર્મના બંધન, ભોગવ્યે જ છૂટકો."

મારા સુપુત્ર ડોક્ટર આશુતોષને તો તે બી. જે મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતો ત્યારથી એટલે લગભગ ૪૦ વર્ષથી પરિચય. તેથી તેઓ આશુતોષને તો પોતાના દીકરા તરીકે જ સંબોધન કરતા અને આશુતોષને પણ બહેનજી પ્રત્યે તેટલું જ માન, આદર અને તેમના છેલ્લા દિવસોમાં, તેમને સ્વસ્થ કરવા માટેના બધા જ પ્રયત્નો કર્યા. તેઓ કહેતાં પણ ખરા કે "બેટા હવે મને જવા દે".

અને છેવટે તો જન્મ અને મૃત્યુની દોરી ઈશ્વરે પોતાના હાથમાં જ રાખી છે તે સ્વીકારવું જ રહ્યું અને ૨૪ એપ્રિલ ૨૦૨૪ ની સવારે આ

લૌકિક દુનિયાના બધા જ સંબંધોનો ત્યાગ કર્યો.

વસમી વિદાય

એપ્રિલ ચોવીસની એ સવાર,
ભક્તોને શોકમગ્ન કરી ગઈ,
બની ગયું અચાનક-અણધાર્યું,
કલ્પનાતીત આ શું થઈ ગયું?
આગ્રહી-શિસ્ત-સંયમ તણી એ વિભૂતિ,

વન્દનીય ભક્તો થકી, એવાં પૂ બહેનજી

વિદાય લઈ લીધી આ જંગ તણી,

જીરવી શકશે ક્યમ ભક્તો વિદાય આ વસમીટ

લાગે કડક, કિન્તુ હૈયું ઋજુ,

દુઃખ-દર્દ ત્વરિત સમજવા સક્ષમ,

ખોટ ક્યાંથી પૂરાશે?

ભક્તહૃદય તણો આ ઘાવ?

ભક્તતણાં મનમાં ઊંડે ઊંડે હજી યે આશ

જ્યાં હશે ત્યાંથી, લેશે હજી યે સંભાળ,

લેશે હજી યે સંભાળ..

## ૧૦. ડો. કેયુર રસિકભાઈ સોની અને

**વડોદરા**

## શ્રી હેમંત રસિકભાઇ સોની

**કેનેડા, મોબાઈલઃ ૯૭૨૩૮૮૧૧૫૫**

સૌ પરિવાર જનોને ''શ્રધ્ધા કુટીર''માં પૂજ્ય. બહેનજી ફોઈ માટે શબ્દોમાં વર્ણન ઓછું પડશે. અમો સહ પરિવાર અમારા પિતાજી સ્વ. શ્રી રસિકલાલ નટવરલાલ સોની, ગુરૂદેવ સાથે લગભગ વર્ષ ૧૯૬૪ થી ગોધરાથી નોકરીથી એસોસિએટ હતા, ત્યારથી અમો સૌ પરિચિત છીએ.

અમો તો એટલા નસીબદાર છીએ કે ''શ્રી'' ગુરૂજીના અને ''બહેનજી''(ફોઈ) ના ખોળામાં રમવાનો-મોટો થવાનો લ્હાવો અમને બન્ને ભાઈઓને મળ્યો છે. ત્યારથી બહેનજી એટલે મારા ''ફોઈ'' અમારા પ્રેરણાસ્તોત્ર-ધાર્મિક-લાગણીશીલ-દયાળુ-કુનેહ પૂર્વક-બુદ્ધિશાળી આપણે એક ''મા'' માં જે ગૂણો દેખાય તે જ એમનામાં કાયમ ઊભરાય.

એવા અમારા ફોઈ માટે શબ્દોમાં ઘણું ઓછું કહેવાય. જ્યારે આપણા ગુરૂદેવ સાથે સ્વયં શત-પ્રતિશત એમણે પડછાયારૂપે પોતાનું

જીવન ન્યોછાવર કરી દીધું. અને ધાર્મિક રાહે લોકોને માર્ગદર્શનના માર્ગે આપણા સહુના પ્રેરણામૂર્તિ બન્યાં. સાથે શ્રદ્ધા કુટીરમાં જ નહીં, પરંતુ એમની ખોટ જેને એમનો પર્સનલ અનુભવ હશે, એ સહુને સાલશે. કેમકે સહુ મનુષ્યનો જન્મ મનુષ્યયોનિમાં ત્યારે જ પ્રવેશે છે, કે જ્યારે તેમના કર્મનું ભાથું સારું હોય છે. એમણે તો એમનું સદાય જીવન ન્યોછાવર કર્યું. ભક્તિ સેવામાં, એ પોતે ''દેવ'' થઈ ગયાં. ''ગુરૂદેવજી''ની અસીમ કૃપા આશીર્વાદથી અને જીવનમાં કેટલાંને શીખવાડી ગયાં. સાચા માર્ગે કેવી રીતે ચાલવું અને પોતે જીવન (ડેડીકેટ) સમર્પણ કેવી રીતે કર્યું.

જન્મ છે એનું મૃત્યુ છે એ હકીકત છે. વર્ષોથી પ્રકૃતિનું રહસ્ય સાઈન્ટિસ્ટો નથી શોધી શક્યા, અને આપ સહુ તો ખુબ જ નસીબદાર છો અમદાવાદીઓ કે શ્રીગુરૂદેવના ચરણમાં રોજ બેસવા મળે છે. એમનાં સાનિધ્યનો લ્હાવો રોજ પ્રાપ્ત થાય છે, અમો તો વડોદરાથી આવીએ ત્યારે લાભ મળે, અને પૂજ્ય ગુરૂદેવે તો પૂજ્ય મમ્મીને અને બહેનજીને વૈકુંઠમાં સ્થાન અપાવી દીધું, ગુરૂજી સ્વયં આપના જાગતાં-જોતા-સમજતાં ''દેવ'' છે. આપણે ''શ્રી''ના ''ચરણ''માં બેસી નિખાલસ ભક્તિ આપણી શક્તિ પ્રમાણે કરવી. તો આપણા જીવનનો ઉદ્ધાર ''શ્રી'' ના ''ચરણ''માં જ છે. ''મારા માતા-પિતા બન્નેનો પણ ઉદ્ધાર ''શ્રી- દ્વારા'' કરી અપાયો છે. એ પણ વૈકુંઠમાં બિરાજે છે''. અને આપણે સહુ ''ત્રિકાળજ્ઞાનીના ચરણમાં'' ''શ્રી'' ના ''પરિવાર'' ના આપણે સહુ હિસ્સેદાર છે.

આપણા કર્મો કેટલાં સારા કર્મો હશે, તો આપણા સદ્દભાગ્યે ''શ્રી ગુરૂજી'' આપણને મળ્યા. અને ''બહેનજી'' જેવા પવિત્ર આત્મા સાથે પણ સત્સંગ માણવા મળ્યો. આપના પરિવારમાં સહુ કોઈને લ્હાવો મળ્યો જ હશે.

ફરીથી ''ગુરૂજી'' આપના ''શ્રી'' ચરણમાં ''દંડવત-નતમસ્તક''. આપણા સહુ સત્સંગી પરિવારને ''ૐમાૐ''. હું ઘણો નાનો પડું, લખાણમાં કોઈ ક્ષતિ હોય, તો બાળક સમજીને માફ કરવા વિનંતી છે. મને

પૂજ્ય ફોઈ માટે બે શબ્દો લખવાનો મોકો આપ સહુએ આપ્યો એ બદલ હું આપ સહુનો ઋણી રહીશ. અને પૂજ્ય ફોઈની ખોટ તો શ્રધ્ધા કુટીરમાં પૂરી નહીં શકાય.

## ૧૧. કંદર્પભાઈ દવે

**આધ્યાત્મિક પુત્ર, અમદાવાદ, મોબાઈલઃ ૯૧ ૯૯૧૩૮૮૭૩૯**

**પરમ પૂજ્ય બહેનજી, આધ્યત્મિક માતા,**

**હિંદુ સંસ્કૃતિના ચાર યુગ પ્રમાણે**

**ભક્તિ, સેવા, સમર્પણ, કર્તવ્ય નિષ્ઠા**

**(૧) સતયુગ**

**તમારી આકાશને આંબે તેવી ભક્તિ - ભક્ત પ્રહલાદ સમી...**

**(૨) ત્રેતા યુગ**

**તમારી સાગર સરસી ઊંડાણ પૂર્વકની સેવા - લક્ષ્મણ સમી...**

**(૩) દ્વાપર યુગ**

**તમારો સમર્પણ ભાવ - પિતામહ ભીષ્મ સમો...**

**(હસ્તિનાપુરની જેમ, શ્રધ્ધા મંદિર/કુટિર)**

**(૪) કળિયુગ**

**તમારો કર્તવ્ય નિષ્ઠા ભાવ - પરમ પૂજ્ય રાજયોગીજીના માનવતા અભિયાનમા -**

**અડગ મેરુ પર્વત સમો...**

## ૧૨. ભાગ્યવંતીબેન ગગલાણી

તમારા અચાનક વિદાયથી અમે ખરેખર દુ:ખી છીએ.

ભગવાન અમારી પ્રાર્થનાઓ તમારા વતી સ્વીકારે.

તમો એક પળમાં જિંદગીનું સંભારણું છોડી ગયા.

જિંદગી હતી ટૂંકી, પણ લાગણીઓ અપાર મૂકી ગયા.

સ્તબ્ધ થઇ જિંદગી અમારી તમારા વગર.

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું.

સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું.

ધર્મ કદી ભૂલ્યા નહિ, વ્યવહાર કદી ચુક્યા નહિ.

આવા ઉત્તમ જીવન મૂલ્યો, સેવા, સમર્પણ, માયાળુ સ્વભાવ,

ઉદાર દિલ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.

તેઓ હંમેશા વિશ્વાસ, હિંમત અને શક્તિથી ભરેલા હતા.

તેમને કયારેય ભૂલી નહિ શકાય.

તમો અમારા માટે ભગવાનની ઉત્તમ ભેટ હતા.

અમે તમને કયારેય નહિ ભૂલીએ.

ભગવાન તમારા આત્માને શાંતિ આપે.

## ૧૩. તુષારભાઈ ગગલાણી

**પૂના, મોબાઈલઃ ૯૬૭૩૬૮૯૯૮**

એક કર્તવ્યનિષ્ઠ, ધર્મપરાયણ, સેવાભાવી, ત્યાગની મૂર્તિ, શિસ્તના આગ્રહી એવા સ્વ. કૈલાસબેન પરીખ (પૂજ્ય બહેનજી)ને શ્રદ્ધાંજલિના પુષ્પ સાથે શત શત વંદન.

તમારા વિનાનું જીવન એક અકલ્પનીય વાત છે અને હવે અમારે એ માનવાનું કે તમે અમારી વચ્ચે નથી તે અમારા માટે બહુજ દુઃખ ની વાત છે.

તમારું પોતાનું સંપૂર્ણ જીવન માનવ સેવાના પૂજ્ય ગુરૂદેવના કાર્યયજ્ઞમાં સમર્પિત કરી એના સફળ આયોજનની જવાબદારી શિસ્તબદ્ધ રીતે શ્રીલક્ષ્મણની જેમ ઉઠાવીને તમે તેને પાર પાડી દીધી.

તમારું સાદગીભર્યું જીવન, બાળકો પ્રત્યેનો પ્રેમ, તમારી વ્યવહાર કુશળતા, પોતાના પ્રત્યેનો વિશ્વાસ, કોઈપણ કઠણ કાર્યને કુનેહપૂર્વક સરળ

બનાવવાની તમારી રીત, દુઃખીઓની સેવા, રોજિંદા દિનચર્યાના કાર્યોને સેવા કાર્યોનું સાથે સફળ આયોજન અમને હંમેશા શીખવાડતું રહ્યું છે કે માનવે સકારાત્મક જીવન જીવવાનું અભિગમ કેવો રાખવો જોઈએ.

તમે અમારા અને પૂજ્ય ગુરૂદેવ વચ્ચેના આધાર સ્તંભ મજબૂત કડી રહ્યા છો ને હવે અમે તમોને કદી કોઈ પણ વાત નહિ કરી શકીએ એ વિચાર આજીવન દુઃખ આપતું રહેશે.

મારા પિતા વજુભાઈ ગગલાણીને પણ પૂજ્ય બહેનજી સાથે ખૂબ જ ગાઢ સંબંધ હતો અને હંમેશા પપ્પા પૂજ્ય બહેનજી સાથે એમના મનની વાતોની ચર્ચા કરતા.

ગગલાણી પરિવાર તરફથી એજ પ્રાર્થના કે

પૂજ્ય બહેનજી જયાં પણ હોય ત્યાંથી તેમના આશીર્વાદ પૂજ્ય ગુરૂદેવ ના સઘળા ભક્તો પર વરસાવતા રહે.

## ૧૪. હસમુખભાઈ સૂચક

નાગપુર, મોબાઈલ : ૯૪૨૨૧૧૪૨૪૦

શ્રીરાજ-સખા-શ્રીકૃષ્ણ જયારે ગોકુળ છોડી મથુરા જાય છે, ત્યારે ગોપીઓએ જેવી શ્રીકૃષ્ણની વિરહ વેદના સહી હતી તેવી જ વેદના, હું આજે પણ પૂ. બહેજીના વૈકુંઠગમન પછી અનુભવું છું.

રામાવતારના લક્ષ્મણ અને કૃષ્ણાવતારના દીર્ઘની જેમ કળિયુગમાં શ્રીરામ-કૃષ્ણ સ્વરૂપ શ્રી રાજયોગીજીના તેઓશ્રી સહયોગી રહ્યા.

પૂ. બહેનજી સાથે અમારી આધ્યાત્મિક વાતોના ચર્ચા દરમિયાન તેમણે એક ઈચ્છા જાહેર કરેલી કે, ''પ.પૂ.શ્રી સદગુરૂદેવ આજે છેલ્લા ૪૫ વર્ષોથી માતાજી પાસે વરદાનમાં માંગેલ પ્રમાણે ''માનવસેવા'' કરે છે. સાથે સાથે માનવ સાચો માનવ બને, આધ્યાત્મિક રીતે આગળ વધે તે માટે પ્રયત્ન કરે છે. માનવ જીવનનો ઉદ્દેશ્ય તો શિવ- જીવના મિલનનો છે. આ

બાબત આપણે આટલા વર્ષોથી પૂજ્ય ગુરૂદેવના સંસર્ગમાં છીએ તો કેટલા આગળ વધ્યા? આ બાબત કાંઈક કરવું જોઈએ.'' તેવી તેમની ઈચ્છા હતી.

અસ્વસ્થ હોવા છતાંય આપણા સહુના સર્વાંગી વિકાસ હેતુ ''સર્વાંગી વિકાસ ફોર્મ'' બનાવ્યું. સાથે સાથે તેમણે એક નાનકડા વિડિયો ક્લિપના માધ્યમથી આ ફોર્મનો ઉદ્દેશ્ય સમજાવ્યો.

પૂજ્ય બહેનજીનો, આધ્યાત્મિક રીતે આપણે સહુ ભક્તો ઉન્નતિ કરીએ, એવો- આ તેમનો અંતિમ પ્રયાસ હતો.

આપણે સહુ બહેનજીએ દીધેલ સર્વાંગી વિકાસ ફોર્મના ઉદ્દેશયને સમજી, તેને જીવનમાં ઉતારીએ, તેના પર ચાલવા પ્રયત્ન કરીએ, આજ સાચી શ્રદ્ધાંજલિ તેમને અર્પણ થયેલ ગણાશે, તેમ હું માનું છું.

**અંતે પ. પૂ. સદગુરૂદેવ પૂજ્ય બહેનજીના આત્માને સદગતિ અપાવે અને મા ગાયત્રી તેમના આત્માને તેમના શ્રીચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થનાસહ શ્રદ્ધાંજલિ.**

## ૧૫. મુકેશભાઈ એમ પટેલ

**ચેન્નઈ, મોબાઈલઃ ૯૦૪૩૪ ૦૫૯૫૩**

પૂજ્ય ગુરૂદેવની સેવામાં છેલ્લા ૪૫ વર્ષથી સતત ઊભા રહીને ગુરૂજીના કાર્યમાં આપ સહભાગી થયા. આપનું જીવન ધન્ય થયું. સદાય શિસ્તની સાથે સદાય હસમુખો ચહેરો, અમોને યાદ રહેશે.

## ૧૬. નીલા માલવી

**અમદાવાદ, મોબાઈલઃ ૯૭૧૪૭ ૩૫૫૭૭**

તા. ૨૪-૨-૨૦૨૪ પૂ.બહેનજીના સમાચાર સાંભળી સૌ ભક્તોમાં સન્નાટો છવાઈ ગયો. મારું મન બેચેન બની ગયું. હૃદયમાં ધ્રાસકો પડ્યો. મનની વેદના અસહ્ય બની. મૃત્યુ શબ્દ બહેનજી માટે, પણ બીજી જ ક્ષણે વિચાર આવ્યો, જે અફસોસ મૃત્યુ કરાવે તે મૃત્યુ નથી.

હું પણ પૂજ્ય ગુરૂદેવના સેવાયજ્ઞમાં ૨૫ વર્ષથી જોડાયેલી છું. પૂ. બહેનજી માટે આ રીતે ભાવોર્મિઓ રજૂ કરતા મારુ મન માનતું નથી કે હવે પૂજ્ય બહેનજી નથી રહ્યા.

પૂ. બહેનજીનું લક્ષ્ય માત્ર ને માત્ર પૂ. ગુરૂદેવની સેવાયજ્ઞમાં ત્યાગ ભાવનાથી જોડાયેલું હતું. જેનું લક્ષ્ય માત્ર પૂજ્ય ગુરૂદેવના સેવાયજ્ઞનું હોય તે સફળતા મેળવી સફળ બની ગયા. પૂ. બહેનજી ગુરૂદેવ માટે એકલવ્ય જેવા શિષ્ય ૨૪ કલાક ડે એન્ડ નાઈટ સેવા આપેલ મેડિકલ સ્ટોર- પ્રેમ વહેવડાવતું જેવું મોટું સરોવર અને સાથે સાથે બીજી સરળ ઉપમા જ્ઞાન- મંજરી.

પૂ. ગુરૂદેવના જીવનમાં પૂ. બહેનજી માત્ર એક શિષ્યા નહીં, પણ મા, બહેન અને એક સહજ મિત્ર તરીકે હૃદયથી ફરજ બજાવી છે.

જ્યારે તેઓ સિવિલ હોસ્પિટલમાં હતા ત્યારે તેમનો પ્રભાવ એવો હતો કે, લોકો આજે પણ સૌ તેમને યાદ કરે છે. મુખ્ય વાત જ્યારે પૂ. બહેનજી નિલોષા ના ઝૂલા પર બિરાજતા ત્યારે જુદા જ સ્વરૂપે જોવા મળતા. સૌ ભક્તો સાથે મંદ મંદ મીઠું હાસ્ય વેરતા સુખ- દુઃખની વાત સાંભળી માર્ગદર્શન આપતા અને સૌથી મોટી વાત ભક્તોની શારીરિક અને માનસિક પીડામાં પૂ. ગુરૂદેવની સાથે સાથે ઉભા રહેતા

પૂ.બહેનજી સ્વચ્છતા, Discipline ના ખૂબ આગ્રહી હતા. સાથે સાથે તેઓ ખૂબ ઉદાર હતા અને છુપી રીતે કેટલાય લોકોને તેઓ મદદ કરતા. તેમની ઉદારતા મનને સ્પર્શી જાય તેવી છે કોઈ ભક્ત સારા કામની વાત તેમની સમક્ષ કરે તો ખુશાલી બતાવે અને appreciation પણ કરે.

સત્ય એ છે કે નિખાલસ, નિસ્પૃહી સેવા - ત્યાગ એટલે મોક્ષની પ્રાપ્તિ, પરમગતિ પ્રાપ્ત થાય છે. હૃદયની વેદના સાથે પૂ.બહેનજીને. જાતે જાતે તુમને આવાજ તો દી હોતી.

## ૧૭. દેવાંગભાઈ મંકોડી

મુંબઈ, મોબાઈલઃ ૯૮૨૦૨ ૬૭૦૯૫

ત્રેતા યુગના રામ અવતારમાં રામના સેવા કાર્ય સફળ કરવામાં પૂજ્ય હનુમાનજીનું જેવું યોગદાન છે તેવું જ કે તેથી વધુ યોગદાન પૂજ્ય બહેનજીનું - શિવના અંશાવતારનું - મર્યાદા પુરુષોત્તમ શ્રી રાજના સર્વ સેવાકાર્યોને અંજામ આપવાનું છે.

પૂજ્ય બહેનજીનું જીવન સંપૂર્ણતઃ સેવા માટે સમર્પિત છે. સેવા કાર્યની શરૂઆત શારીરિક તકલીફથી પીડાતા અગણિત દર્દીઓની ચીફ મેટ્રન તરીકે કરી. સેવા નો સ્તર ઉત્તરોત્તર વધારતા રહ્યાં. મિતભાષી પૂજ્યશ્રીના સૂચનો અને આદેશોને શારીરિક, સામાજિક કે માનસિક તકલીફ કેમ દૂર કરવી તે વિસ્તારથી સમજાવવાની સેવા. પૂજ્યશ્રી સાથે દેશ વિદેશ સેવા - કાર્ય યજ્ઞ માટે ભ્રમણ. દરેક ભક્તોને ઉત્તરોત્તર આર્દ્ર, અર્થાર્થી ભક્તોમાં પરમતત્વ પ્રત્યે જિજ્ઞાસા જાગૃત કરી જ્ઞાની ને સેવાભાવી બનાવવાનો શ્રેય પૂજ્ય બહેનજી ને ફાળે જાય છે. પૂજ્યશ્રીના માનવસેવાના દરેક કાર્યનું સરળ, સચોટ અને વ્યવસ્થિત સર્વ જન હિતાય અને સર્વ જન સુખાય અમલ કરવાનું ભગીરથ કાર્ય બહેનજીએ બખૂબી નિભાવ્યું છે. કળિયુગમાં સેવાનું સર્વોચ્ચ કૈલાસ શિખર સમા પૂજ્ય બહેનજીના ગુણો હનુમાનજીના ગુણોની સામ્યતા વિશિષ્ટ અને એકરૂપ છે

- ★ જ્ઞાન ગુણ સાગર
- ★ બળ બુધ્ધિ અને વિદ્યા આપનાર
- ★ ક્લેશ વિદારનાર
- ★ રામદૂત – રાજદૂત, અતુલિત બળવાન
- ★ મહાવીર
- ★ કુમતિ દૂર કરી સુમતિ નો સંગ કરાવનાર
- ★ વિદ્યાવાન, ગુણી અને ચતુર

★ રામ કાજ - રાજ કાજ માટે આતુર

★ રાજ ચરિત્ર રસનું પાન કરનાર

★ રાજના મનમાં વસનાર

★ **લોક ઉજાગર**

★ **હનુમાનજીની જેમ પૂજ્યશ્રીના લોકસેવાના દરેક કાર્યમાં તેમનું યોગદાન અવિરત છે. રાજગીતા સંકલિત કરી, આત્મસાત કરી, શિવ મિલન કરવાની પ્રેરણા શિવનો અંશાવતાર જ સહજ રીતે આપી શકે.**

શાશ્વત જીવનના અંતિમ કાળમાં સર્વ ભક્તો આધ્યાત્મિક વિકાસ કરે, માનવમાંથી મહામાનવ બને માટેની અદમ્ય ઈચ્છા અને પ્રયત્ન દર્શનીય હતો. બહેનજીના કહેવા મુજબ ''શિવ મિલન'' જ જીવનું એક માત્ર ધ્યેય બને તેવી તેમની અદમ્ય ઝંખના હતી. દરેક ભક્ત આપમેળે આગળ વધે તે માટે ''સર્વાંગી વિકાસ ફોર્મ'' તૈયાર કરી, ગુડી પાડવાથી પૂનમ સુધી સ્વમુલ્યાંકન કરી પૂજ્યશ્રી સમક્ષ પૂનમજળ સાથે મૂકી, પૂજ્યશ્રીની કૃપાશિષ મેળવી, ઉત્તરોત્તર આધ્યાત્મિક પ્રગતિ કરે તેવો ઉચ્ચ વિચાર વહેતો મુક્યો. પૂજ્ય બહેનજીનું આ અંગેનું સર્વ ભક્તોને અંતિમ નિવેદન - પૂજ્યશ્રીની આધ્યાત્મિક ક્રાંતિ લાવવાની દિશામાં કેવો ઉપયુક્ત સેવાયજ્ઞ !

''સર્વાંગી વિકાસ ફોર્મ'' ની પ્રથમ પૂનમના અંતે - હનુમાન જયંતીના દિને પૂજ્ય બહેનજીનું મહા પ્રયાણ પણ કેવું સાંકેતિક ? ચિરંજીવ હનુમંત રૂપે આપણા સર્વ માટે અગોચર રૂપે અનંત આશિષ આપતા રહેવાનો અગોચર સંકેત તો નહિ હોય ?

આપણે પૂજ્ય બહેનજી ના જીવનમાંથી પ્રેરણા લઈ પૂજ્યશ્રીએ દર્શાવેલા સેવાયજ્ઞને આગળ વધારવા પૂજ્યશ્રી અને માતાજી દ્વારા તૈયાર કરાતી માનવસેનામાં જોડાઈ તેમની જેમ સતત રાજદૂત બની કાર્ય કરતા રહીએ એજ પૂજ્ય બહેનજીને ૐ મા ૐ પરિવાર તરફથી અપાયેલ સાચી શ્રદ્ધાંજલિ.

## ૧૮. નિર્મળાબેન ઈશ્વરલાલ દેસાઈ

**વાપી-પારડી, ગુજરાત, મોબાઈલઃ ૯૬૮૭૦ ૫૨૫૯૦,**

બહેનજી દરેક ભક્તના હૃદયમાં વ્યાપ્ત છે. પ. પૂ. ગુરૂદેવના દરેક પ્રસંગમાં બહેનજીનો પ્રેમ, પ્રસંગની (ઝીણી સુઝ) બધી તૈયારી, બધા ભક્તોનું ધ્યાન રાખવાનું, ખબર પૂછવાનું એમનો સ્નેહ અપાર હતો. એ ભૂલ્યો ભુલાય એમ નથી.

પરિવાર જેનું મંદિર હતું.
સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનો કર્તવ્ય હતો.
પરમાર્થ જેની ભક્તિ હતી.
રડી પડે છે, આંખો અમારી, જોઈ તસવીર તમારી.
તમારી અણધારી વિદાય અમારા સર્વેના કાળજા કંપાવી ગયા.
મન હજુ માનતું નથી, કે તમે અમારી વચ્ચે નથી.
એ હસતા ચહેરા એ ન કોઈનું દિલ દુખાવ્યું.
મનની સરળતાથી સૌને પ્રેમ આપ્યો.
ઉડી ગયા અચાનક પ્રાણ, ફરી જન્મ લો એ જ પ્રાર્થના.
એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ક્યારેય ભુલાશે નહી.
એક વ્યક્તિત્વ જે ક્યારેય વિસરાશે નહીં.
એક હુંફ જે ક્યારેય મળશે નહીં.
જેમનું નામ સતત હૃદયમાં ગૂંજ્યા કરે, ફુલ બનીને મહેક્યા કરે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે, એ જ પ્રાર્થના.

## ૧૯. જયશ્રીબેન જોશી

અમદાવાદ, મોબાઈલઃ ૯૪૨૯૯ ૦૦૧૫૧

સૌમ્યતા છોડી નહીં, કહેતા ગયા એ અલવિદા
પ્રેમ રંગોળી પૂરી, કહેતા ગયા એ અલવિદા
ક્રોધથી છેટા રહી, કહેતા ગયા એ અલવિદા

स्वस्थ રહી જીવ્યા અને, કહેતા ગયા એ અલવિદા
મૌન રહી શીખવ્યું ઘણું, કહેતા ગયા એ અલવિદા

## ૨૦. કૈલાશભાઈ હીરાલાલ દરજી

(ફીઝીકલ હેંડીકેપ), અમદાવાદ, મોબાઈલઃ ૭૬૦૦ ૭૬૮ ૮૪૮

કૈલાસબેન-બહેનજી, સાચે જ બહેનજી કહેવાના સદ્‌ગુણ કૈલાસબેનમાં હતા.

હું જયારે જ્યારે ફોન કરૂં ત્યારે કૈલાસબેન તેમના મીઠા સ્વરે મને પ્રેમથી જવાબ આપતા. અને કહેતા કે હું ગુરૂદેવ ને વાત કરીશ, તમારૂં કામ થઈ જશે. છેલ્લા ૨૫ વર્ષથી મને ઓળખતા હતા. હું શારીરિક અપંગ હોવાના નાતે મને પ્રેમથી જવાબ આપતા. મને નામથી પણ ઓળખતા હતા.

બહેનજી તરીકે તેઓ બહુ શિસ્તબધ્ધ હતા. તેમની વ્યવસ્થાની શક્તિ અપૂર્વ હતી. સદ્‌ગુણોની વાત કરીએ તો તેઓશ્રી પ્રેમાળ, સમજુ, વિવેકી, દૂરદર્શી હતા. ગુરૂદેવનો ડાબો હાથ હતા. ગુરૂદેવની બહુ સારસંભાળ રાખતા હતા. કુટિરમાં તેમની હાજરી સિવાય સૂનું લાગતું હતું એટલે કે ગુરૂદેવ સાથે કૈલાસબેનની હાજરી સોનામાં સુગંધ ભરી દેતી હતી. કૈલાસબેન કૈલાસ પર્વત જેવી વિશાળતા ધરાવતા હતા. કૈલાસબેન શ્રીજી શરણ થવાથી હું અત્યંત આઘાત અનુભવું છું.

## ૨૧. ડો. પિયુષ અંબાલાલ ત્રિવેદી, ભાવના પિયુષ ત્રિવેદી

**વડોદરા, મોબાઈલઃ ૮૧૪૦૭ ૫૯૩૨૬**

મુ. કૈલાસબેન ''બહેનજી'' ની ખોટ શ્રદ્ધા પરિવાર તથા સામાજિક પરિવારના સભ્યોને પણ લાગે છે. કારણ કે, તે સંપૂર્ણ રીતે માતાજીની અને કુટીર ની સેવામાં સમર્પિત હતા. તેમની વ્યવહારકુશળતા તથા આયોજનની આગવી ક્ષમતા તેમના વ્યક્તિત્વને વધુ ઉજળું બનાવે છે દૈનિક માતાજીનો હવન તથા કુટીરના તમામ નાના મોટા કાર્યમાં જે

ખંતથી, સમર્પણથી તેમણે સેવા આપી છે, તે સદા માટે યાદગાર છે. તેમના શૈક્ષણિક અને વ્યવસાયિક સ્થાનમાં "Chief Metron Civil Hospital" માં આપેલ જનસેવા અને નિવૃત્ત થયા બાદ આધ્યાત્મની ઉન્નતિનો તેમનો ચિંધેલો માર્ગ સદા પ્રશંસનીય છે. માતાજીના ચરણોમાં ચિર શાંતિ મળે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.

## ૨૨ અનામી દેસાઈ

**અમદાવાદ, મોબાઈલઃ ૮૦૦૦૨ ૨૬૮૬૮**

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દવે ના ચરણોમાં અંતઃકરણપૂર્વક પ્રણામ. આજે સૌ પૂજ્ય કૈલાસબેન એન. પરીખ ને સહૃદયથી ભાવભીની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરું છું. અને ૧૯૭૮ થી નિલોષામાં પ્રવેશતા સૌ પ્રથમ હીંચકા પર બેઠેલા પૂ. બહેનજી નો હસતો ચહેરો ભૂલાતો નથી. પૂ.બહેનજી ને પ્રણામ કરતાં તેઓ પૂછતા, "બેટા, કેમ છે? બધું બરાબર છે ને?" જ્યાંરે તેમને મારી મૂંઝવણ વ્યક્ત કરતો, તો તેઓ ખૂબ જ પ્રેમથી મારી સમસ્યાનું સમાધાન કરતા અને કહેતા, "બેટા, પૂજ્ય ગુરૂદેવ છે ને? તેઓ બધું, બરાબર કરી દેશે, ચિંતા કરીશ નહીં." તેમના વ્યક્ત કરેલા શબ્દો હજી યાદ આવે છે.

પૂજ્ય બહેનજી ગુરૂદેવના સેવા કાર્ય ને ખૂબ જ કુશળતાથી નિભાવતા, પરંતુ શરીરથી મર્યાદા છે. પૂજ્ય બહેનજી ને પણ અંતિમ દિવસોમાં સેવા કાર્ય અંગેની મૂંઝવણ થતી હશે. માટે મા ગાયત્રી એ તેમની મૂંઝવણ તથા શરીરની અવસ્થાને કારણે, તેમને તેમના ભૌતિક શરીર છોડવાની, તેમની વિનંતી માન્ય રાખી હશે. પરંતુ મારું માનવું છે કે તેઓ ભૌતિક શરીરથી જેટલી સ્ફૂર્તિ થી સેવા કાર્ય નિભાવતા હતા, તેના કરતા પણ સૂક્ષ્મ શરીરથી સેવા કાર્ય વધુ સારી રીતે નિભાવશે. તેઓ ગુરૂભક્તોને જરૂર પ્રેરણા આપતા રહેશે અને ગુરૂદેવ ના સેવા કાર્યને આગળ ધપાવશે.

## ૨૩. બીજલભાઇ બી પ્રજાપતિ

વાવોલ, ગાંધીનગર, મોબાઈલઃ ૮૧૨૮૪ ૨૯૪૬૮

વેદમાતા ગાયત્રી સ્વ. કૈલાસબેનના આત્માને ચિર શાંતિ આપે. તેમના કુટુંબીજનોને માતાજી શક્તિ આપે, એવી હું હૃદયથી માતાજીને પ્રાર્થના કરું છું. હું કુટિરમાં અઠવાડિયામાં એક વખત જવાનો આગ્રહ રાખું છું.

પરિવાર સાથે કુટિરમાં બેઠો હોઉં છું ત્યારે કૈલાસબેનની બાકડામાં ખાલી જગ્યા જોઉં છું ત્યારે દુઃખ થાય છે. પણ સાથે સાથે પૂ. ગુરૂદેવના દર્શનથી શક્તિ, શાંતિ અને રાહત મળે છે. ઈશ્વરની લીલાનો પાર કોઈ પામી શક્યું નથી. પૂ. બહેનજીનું સમગ્ર જીવન સેવાથી ભરેલું હતું. અમદાવાદ સિવિલમાં પણ તેઓનું જીવન સેવામય હતું. પૂ. ગુરૂદેવના માનવતાના સેવાકાર્યમાં તેઓ પૂજ્યશ્રીનો જમણો હાથ બનીને રહ્યા. તેમના નિધનથી બધા જ ભક્તો ખાલીપોનો અનુભવ કરી રહ્યા છે, તેમની યાદ સતાવતી રહેશે.

## ૨૪. સુકુમારભાઈ મિસ્ત્રી

**અમદાવાદ, મોબાઈલઃ ૯૮૯૮૭ ૦૬૯૭૧**

### તપશ્ચર્યા

આપણા શરીર પર આવતા અનેક વિધ નાની કે મોટી વ્યાધિઓ આપણા જ કર્મોનું ફળ છે. તે ભોગવવું પડે છે. રોગોની વેદના સહન કરવી પડે છે. અને એ ફળ ભોગવવાની જે આખી પ્રક્રિયા છે, તે એક તપશ્ચર્યા જ છે. (રાજયોગી નરેન્દ્રજી)

પૂજ્ય બહેનજીએ આ તપશ્ચર્યાને જાગૃત અવસ્થામાં જીવી બતાવી છે. આપણે બહેનજીની તપશ્ચર્યાને સમજી ન શક્યા પરંતુ તેમણે એક તપશ્ચર્યાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડયુ છે. પૂજ્ય ગુરૂદેવના આદર્શને સમજદારી પૂર્વક આચરણમાં મૂકી બતાવ્યુ છે.

આ તપશ્ચર્યાનું મૂળ સમજવું અઘરું લાગે માટે પૂ. બહેનજીએ તેને બીજી ભાષામાં વીલ પાવર કહીને આપણી સમક્ષ રજુ કર્યો અને કુટિરમાં અવારનવાર આવનાર ભક્તો સમક્ષ તેનું પ્રકટીકરણ પણ કર્યું આપણે

ક્યારેય એમના મુખેથી એમના વ્યાધિની વાત સાંભળી નથી. એમના મુખે તો ઠીક પણ બીજા કોઈના માધ્યમ દ્વારા પણ સાંભળી નથી. હા. એમને પોતાના શારીરિક દર્દો હશે. પણ જયારે ને ત્યારે એમણે સમજાવ્યું છે કે જો તમારો વીલ પાવર મજબૂત હશે તો કાંઈ નહિ થાય. આવું વારે વારે પોતાની જાતના ઉદાહરણો આપી સહુને વીલ પાવર મજબૂત કરવા કહેતા હતા.

પરંતુ આ વીલ પાવર શું છે? વીલ પાવર એટલે તમારી ઈચ્છા શક્તિને ઈશ્વરની ઈચ્છામાં વિલીન થવા દો. અને એ ઇચ્છાનું ભલે ગમે તે પરિણામ આવે, તે પરિણામને ઈશ્વરની ઈચ્છા સમજી આપણી ઇચ્છામાં ભેળવી દો. મતલબ કે મારી ઈચ્છા પૂર્ણ થશે જ અને ઈશ્વરની ઈચ્છા મુજબ જો પૂર્ણ ન થાય તો ઈશ્વરને એ મંજુર નથી માટે મારો એ માટે સહર્ષ સ્વીકાર છે.

આજ વીલ પાવરને કે ઈચ્છા શક્તિને પૂ. શ્રી ના નવ સિદ્ધાંતોના પહેલા સિદ્ધાંતમાં મૂલવીએ તો ઇષ્ટમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી. સંપૂર્ણ શ્રદ્ધા મતલબ - મારી મનોકામના પૂર્ણ થશે જ અને સંપૂર્ણ શરણાગતિ મતલબ - ઈશ્વર મને જે પરિણામ-ફળ આપે તે મને સહર્ષ સ્વીકાર્ય છે. આમ વીલ પાવર એટલે આપણી ઈચ્છા શક્તિને ઈશ્વરની ઈચ્છા શક્તિમાં વિલીન કરવી અને ઇષ્ટમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ.

આપણે સહુએ બહેનજીનો વીલ પાવર જોયો, પરંતુ વાસ્તવમાં તો એ તેમની તપશ્ચર્યા જ હતી અને એ તપશ્ચર્યાની પરાકાષ્ટા ત્યારે હતી કે જયારે તેમના અંતિમ સમયે શારીરિક પીડા હોવા છતાં પણ જયારે બધા જ મેડિકલ ઉપકરણો કાઢી નંખાવ્યા અને ‘મારે ધરતી પર પગ મુકવો છે’. એમ કહી વ્હીલ ચેર પરથી એકદમ ઉભા થઈને ચાલવા લાગ્યા. આ આંતરિક શક્તિનો સ્રોત એ તપશ્ચર્યાની ફલશ્રુતિ હતી. એ તો એમને ફરી વ્હીલ ચેર પર બેસાડયા ત્યારે તેમણે ઘરમાં બધા જ રૂમમાં ફરવાની ચેષ્ટા કરી. અંદર

પૂજાના રૂમમાં માતાજીના દર્શન કર્યા અને મંદિરમાં માતાજી સમક્ષ બેઠા. કદાચ એમની (માતાજી) સાથે કંઈક ગુફતેગો પણ થઇ હશે. અને અંતમાં દૈનિક નિયમ મુજબ માતાજી સમક્ષ હોમ પણ કર્યો.

પૂ. બહેનજીની તપશ્ચર્યાને અમારા શત્ શત્ પ્રણામ.

આ સમગ્ર પ્રક્રિયાની જાણ પૂજ્ય ગુરૂદેવને પણ કરી ન હતી. એમના શારીરિક દર્દ માટેની ફરિયાદ પણ પૂ. શ્રી ને કરી ન હતી.

અને જુઓ તો ખરા કે માતાજીનો સંદેશો એમની મળી ગયો હશે કે શું. પણ પૂ. શ્રી સિવાય ઘરના સભ્યો ને જણાવ્યું હતું કે આવતી કાલે હું નહિ હોઉં.

અને મળસ્કે માતાજીનું તેડું આવતા તેઓ માતના ચરણે સમર્પિત થઈ ગયા.

પૂજ્ય બહેનજી, અમ સહુ ભક્તોની આપને સલામ છે.

## ૨૫. વિપુલ કાંતીલાલ કક્કડ, અલ્પા - ઈશા

**રાજકોટ, મોબાઈલઃ ૯૮૨૫૫ ૦૫૫૩૩**

બહેનજી માટે કંઈક લખવાનું મન થાય ત્યારે મને બહેનજી ને શિવ મંદિરમાં પ્રસ્થાપિત થયેલ કાચબા અને પોઠીયા ની સાથે સરખાવવાનું મન થાય છે. આપણા ગુરૂદેવ (શિવ) અને શિવ પાસે જાવું હોય તો તે પહેલા તમારે કાચબા અને પોઠીયા ને નમન કરીને જવું- પડે. જેમ શિવ મંદિરમાં આપણે પોઠીયાના કાનમાં જે કંઈ મનોકામના ની વાત કરીએ તો તે મનોકામનાની વાત શિવજી સુધી પહોચી જાય છે તેવી માન્યતા છે. તેમ આપણા બહેનજી ને જે મનોકામનાની વાત આપણે કહેતા તે મનોકામનાની વાત તરત જ ગુરૂદેવ સુધી બહેનજી પહોંચાડી દેતા. બહેનજીની આટલા વર્ષની સેવા, ઉપાસના, ભકિત અને કાર્યપધ્ધતિ ને કારણે બહેનજી એ આ મહત્ત્વનું સ્થાન મારા મત પ્રમાણે પ્રાપ્ત કરેલ છે. બહેનજી ગુરૂદેવના એકદમ નિકટ તેમ જ પ્રિયપાત્ર બનેલ અને આપણા

તમામ ભકતજનોના પણ પ્રિય બનેલ અને સમગ્ર ભક્તજનોના હૃદયમાં અને મનમાં એક અલાયદું સ્થાન ઉભુ કરેલ. અમોએ આટલા વર્ષો માં બહેનજીના અનેક જુદા જુદા સ્વરૂપ જોયેલ છે. બહેનજી ઘણી વખત આપણી અણસમજ અને જીદ પ્રકૃતિને દામવા માટે આકરા શબ્દ પણ કહી દે અને જરૂર જણાય ત્યારે એકદમ પ્રેમ ભાવે સરળ ભાષામાં સમજાવી અને અમોને માર્ગદર્શન પણ આપતા. ગુરૂદેવના નવ સિધ્ધાંતો માનું એક સુત્ર કોઈ ની ઈર્ષા કરવી નહી તે છે. પણ આ મારો માનવ સ્વભાવ મને બહેનજીની ઈર્ષા કરાવતું અને હું એવુ વિચારતો કે બહેનજી કેટલા નસીબવાળા છે કે તેઓ ગુરૂદેવના આટલા નિકટ છે. અને તેઓને કાયમ ગુરૂદેવના ચરણમાં રહેવાનો અવસર પ્રાપ્ત થયો છે. મને આવો અવસર કે ભાગ્ય કેમ પ્રાપ્ત ન થયો? આવું વિચાર કરતો ત્યારે મારૂ મન જ મને આનો જવાબ આપતું કે, બહેનજીની આપણા ગુરૂદેવ સાથેની આટલા વર્ષોની જે તપશ્ચર્યા છે, તેને કારણે જ બહેનજી આ મહત્ત્વનું સ્થાન મેળવી શકેલ છે. આવું વિચારી મારું મન બહેનજી ને કોટી કોટી વંદન કરતુ. બહેનજીનું આપણા ગુરૂ પરિવારમાં જે સ્થાન છે તે કોઈ પણ પ્રાપ્ત નહી કરી શકે અને બહેનજીની ખોટ આપણને હરહંમેશ રહેશે. મારા પરિવાર તરફથી બહેનજી ને કોટી કોટી વંદન.

## ૨૬. યોગીનીબેન ભુપેન્દ્રભાઈ શાહ

**વડોદરા, મોબાઈલ: ૯૯૯૮૪ ૮૩૬૭૦**

બહેનજીનું વ્યક્તિત્વ જ અદભુત હતું. હું તેમને ‘‘મા’’ અને ‘‘મોટી બહેનના’’ સ્વરૂપમાં નિહાળું છું. તેમના તરફથી મમતા, હુંફ અને જ્યારે મળે ત્યારે ખબર અંતર પૂછવાનો તેમનો ગુણ અને જીવન જીવવાની કળા તેમને શિખવાડ્યું હતું. આ તેમનો ગુણ અને ઉપકાર જીવનભર નહીં ભુલાય.

જીવનમાં દરેક સમયે હસતા રહ્યા સ્નેહ અને પ્રેમથી બધાને હૈયે વસતા રહ્યા.આશાઓ, ઈચ્છાઓની મહત્ત્વની ક્ષણોમાં જીવન જીવ્યા.

સંસારના તડકા છાંયડામાં મમતાનો છાયડો ખૂબ યાદ આવશે. હંમેશા ને માટે અમારું જીવન શૂન્યવકાશ થઈ ગયું. તમારો ખાલીપો સદાયને માટે લાગશે. જીવન સદાય એવું જીવ્યા કે, જીવનારા જોયા કરે, બોધપાઠ આપતા ગયા. હૃદય તેમ જ આચરણ પવિત્ર, શુદ્ધ. કર્મ સદા એવા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજયા કરે. પરમાત્મા નિર્મિત - નિયમો માર્ગ પર ચાલવું એ જ ઉપાસના સંસ્કાર આપ્યા. જીવનનો સાચો માર્ગ બતાવ્યો, કોઈના કોઈના સુખે સુખી અને દુઃખે દુઃખી થતા હતા. દીન - દુઃખિયાનો સહારો બની રહેતા. દુઃખિયાની સેવા જ એ પરમાત્માની પૂજા માનતા હતા.

આપનો સ્નેહ ભર્યો સ્વભાવ, દૂરદર્શી ભર્યા વિચારો અને ગુણવત્તા સભર સંસ્કારો તમારી ગેરહાજરીમાં અમોને પ્રેરણારૂપ બની દીવાદાંડી સમાન માર્ગદર્શન આપતા રહેશે.

**"ચૂકશું નહીં કદમ"**

**"નેકીથી ચાલીશું હર કદમ"**

ઉપાસના ના સંસ્કારો અમલમાં રાખશું.

ડગલેને પગલે તમારી યાદ આવશે.

મન વચન, કર્મથી પવિત્ર રહીશું.

કર્તવ્ય અને ફરજ નિભાવશું અને

તમારું નામ હમેશને માટે ઝળહળતું રાખશું.

પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ આપે. પ્રિય બહેનજીને આંસુ ભરી પલકે શ્રદ્ધાંજલિ આપું છું.

## ૨૭. અનલભાઈ

**અમદાવાદ, મોબાઈલ : ૬૩૫૫૭ ૧૪૩૬૫**

પરમાત્મા ઉચ્ચકોટિના આત્માઓને ખાસ કાર્યો માટે પૃથ્વી પર મોકલે છે. અને તેની સાથે તેમના કાર્યો માટે સહાયકોનું આયોજન કરે છે.

પૂ બહેનજીનું અવતરણ પણ એ જ રીતે થયુ અને તેઓ પૂ. રાજયોગી નરેન્દ્રજી (પૂ.ગુરૂદેવ)ના કાર્યયજ્ઞના સંચાલન માટે ધરા પર આવ્યા. પરમાત્માનું આયોજન પણ જુઓ. પૂ ગુરૂદેવ અને પૂ.બહેનજીનો જન્મ ગોધરા મુકામે. બન્નેના ઘર પણ નજીક નજીક અને બન્ને કુટુંબો વચ્ચે સંબંધો પણ ખરા

પૂ. બહેનજી સિવિલ હોસ્પીટલમાં ''ચીફ મેટ્રન'' તરીકે નોકરી કરતા. આમ તેઓ માનવોની સેવા કાર્યમાં જ હતા. પૂ. બહેનજીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ પૂજય ગુરૂદેવના કાર્યયજ્ઞમાં સેવા માટે કાર્યયજ્ઞના સંચાલન અર્થે જોડાયા અને જીવનના અંતિમ શ્વાસ સુધી પૂજયશ્રીના સેવા કાર્યમાં સમર્પિત રહ્યાં.

પૂ. બહેનજીની વહીવટી કાર્યદક્ષતા, આયોજનશક્તિ, સમય પાલન અને સમયનું આયોજન, ત્વરિત નિર્ણયશક્તિ, ચપળતા આ બધા ગુણો શબ્દોથી વર્ણવી શકાય તેમ નથી. તેઓ કોઈ પણ કાર્ય પૂજય ગુરૂદેવના શિસ્તબદ્ધ સૈનિક તરીકે સંપૂર્ણ શરણાગતિ અને સમર્પિત ભાવથી કરતા તેઓ કહેતા પણ ખરા, ''બધુ માવડી કરાવે છે''.

પૂ. ગુરૂદેવ અને ભક્તો- દુઃખી પીડિતો માટે પૂ. બહેનજી એક ''સેતુ'' હતા. આજે પણ પૂ. બહેનજીનો મોબાઈલ ફોન ''સેતુ'' તરીકે કામ કરી રહ્યો છે. ''નિલોષા''માં પૂ. બહેનજી દુઃખી અને પીડિતોનો ''વાત વિસામો'' બની તેમનું દુઃખ દૂર કરતા અને માર્ગદર્શન પણ આપતા.

પૂ બહેનજીએ ''રાજગીતા''ની રચના કરી છે. જેમાં ''જીવન

સાફલ્ય'' અને ''શિવમિલનનો'' માર્ગ બતાવ્યો છે. ''જીવન સાફલ્ય'' એટલે પૂ.ગુરૂદેવના કાર્ય યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજને આધ્યાત્મિક પથ પર પ્રયાણ કરાવી વ્યક્તિને માનવીમાંથી સાચા માનવી બનાવવાનો અને આત્મવિકાસ કરી ''શિવમિલન'' એટલે આત્માના પરમાત્મા સાથે મિલનનો છે.

પૂજ્ય ગુરૂદેવના કાર્યયજ્ઞ સાથે જે વ્યક્તિઓ ઘણા સમયથી જોડાયેલા છે. તેમના જીવનમાં શું પરિવર્તન આવ્યું છે તે દરેક વ્યક્તિ તટસ્થ રીતે આત્મનિરીક્ષણ કરે તે માટે પૂ. બહેનજીએ વીસ (૨૦) મુદ્દાઓનું ''સર્વાંગી વિકાસ પત્રક'' બનાવ્યું છે. તે પત્રકના વીસ (૨૦) મુદ્દાઓને વાગોળતા રહી, તટસ્થભાવે આત્મનિરીક્ષણ કરી, આધ્યાત્મિક પથ પર આગળ વધતા રહી ''સાચા માનવી'' બનવા સતત પ્રયત્નશીલ રહીએ. તે જ પૂ. બહેનજીએ સાચી શ્રદ્ધાંજલિ

## ૨૮. શ્રી હરીશભાઈ એમ. દાવડા

**દેવભૂમિ દ્વારકા, મોબાઈલઃ ૮૮૪૯૮ ૧૫૬૯૦**

આપણા સહુના સ્વજન સમા બહેનજી કૈલાસબેન પરીખના શ્રીજી ચરણના સમાચાર ઘણા દુઃખદ હતાં. બહેજીના શુદ્ધાત્માના ચરણોમાં ભાવપૂર્વક પ્રણામ.

પૂજ્ય બહેનજી ચંદનની જેમ ઘસાઈ ને પમરાટ (સુગંધ) પ્રસરાવતા ગયા. તેઓશ્રી નો આત્મા શુદ્ધ અને સમૃદ્ધ હતો. ગંગાના પ્રવાહની જેમ નિર્મળ, સદા વહ્યા કરતો. તેઓ અનેકોના પથદર્શક બન્યા અને જીવનનો નવો રાહ માર્ગ બતાવ્યો. તેઓએ મને મંત્રલેખન ની સમજ આપી તેઓના માર્ગદર્શનથી હું ધન્ય બન્યો છું. શ્રદ્ધા પર તેઓ મારા ખબર અંતર પૂછતા. તેઓ મારા મત મુજબ સફળ આયોજક, સદાય ભક્તવત્સલ, જ્ઞાની, ગુરૂદેવના આધ્યાત્મિક ભાવને આચરણમાં મૂકનાર-

નિભાવનાર સ્વચ્છ અંતઃકરણ ધરાવતા પ્રવાસી હતા. ગુરૂદેવના નવ સિદ્ધાંતોને તેઓએ આત્મસાત કરેલ, આ તેઓની વિશિષ્ટતા હતી.

શરીરના ધર્મ પ્રમાણે દેહ બદલ્યો પરંતુ સૌના હૃદયમાં અમિટ છાપ અંકિત કરતા ગયા. આજે પૂજ્ય બહેનજી હયાત નથી, પરંતુ સૌના હૃદયમાં તેઓ આજે પણ જીવંત છે. શ્રદ્ધા કુટિરમાંથી રાજ દરબારનું એક અમૂલ્ય રત્ન વિધિના લેખ પ્રમાણે વિદાય થયું. જે કૃષ્ણના દીર્ઘની જેમ દીર્ઘ સમાન હતા. પરમશક્તિ તેઓને તેમના શ્રીચરણમાં લઈ, તેમને શાંતિ આપે, મોક્ષની ગતિમાં સામેલ કરે, તેવી પ્રાર્થના.

## ૨૯. દિપકભાઇ ભટ્ટ

**અમદાવાદ, મોબાઈલ : ૯૧ ૮૧૨૮૮ ૬૬૮૫૬**

માતાજીના ધામને પામેલા કૈલાસબેન પરીખ ઉર્ફે આપણા સૌ ભક્તોના પુજય બહેનજી એમના સમગ્ર જીવનકાળ દરમ્યાન ભક્તિમય, સેવામય અને પવિત્ર જીવન જીવ્યા. બ્રાહ્મમુહૂર્તમાં જ એમનો દેહ માતાજીમાં લીન થયો.

પૂજય ગુરૂદેવ સાથે સેવાના દરેક કાર્યમાં સાથે રહીને પોતાના જીવનને ગુરૂદેવના દરેક સેવા-કાર્યમાં સમર્પિત કરી દીધું.

બાકીનો સમય ભક્તોના પ્રશ્નોને સાંભળવામાં, સહાનુભૂતિ અને પ્રેરણા આપવામાં, એમના જીવનમાં, અંગત જીવન જેવું કશું હતું જ નહિ.

પૂજય બહેનજી તો પૂજ્ય ગુરૂદેવ અને ભક્તગણ વચ્ચેના એક સેતુ હતા. ભક્તોની ઘણી બધી સમસ્યા તો બહેનજીને મળીને જ તેમના માર્ગદર્શન દ્વારા દુર થઈ જતી, પોતાના દિલની પીડા કહીને દુઃખ દૂર કરતા.

એમનો મુખ્ય પ્રયત્ન પૂજ્ય ગુરૂદેવને અને તેમના ભગીરથ સેવાકાર્યને દરેક ભક્તગણ સમજે અને આગળ વધારે. એ સમજણ દરેક

ભક્તગણમાં કોઈના કોઈ માધ્યમ દ્વારા સહેલાઈથી ઉતરે જેમકે કોઈ પ્રવૃત્તિ, ઉત્સવ, પુસ્તક કે કોઈ પણ સેવા કાર્ય તેમનો રહેતો હતો.

અને સાથે સાથે સામાન્યમાં સામાન્ય ભક્તગણને પણ કોઈના કોઈ માધ્યમથી પૂજય ગુરૂદેવની કૃપા મળતી રહે, એમના જીવનમાં શાંતિ અને સુખ બની રહે એવો પ્રયત્ન રહેતો હતો.

એમણે જીવનમાં પ્રચંડ પુરુષાર્થ કર્યો. ૮૯ વર્ષે પણ, શરીરમાં પીડા હોવા છતાં પણ તેઓ કાર્યરત હતા. લગભગ ડિસેમ્બર મહિનાથી પીડા સહન કરતા કરતા પણ કાર્ય કરી રહ્યા હતા.

જયારે અનેક ભક્તો એમની ખબર પૂછવા, એમને મળવા હોસ્પિટલ પહોંચ્યા હતા ત્યારે ઉલટાનું એ બધા ભક્તગણની ખબર પૂછતાં હતા. જીવનમાં બધું સારું ચાલે છે ને? એમને આશિર્વાદ આપતા હતા. પોતાને જે અસહ્ય પીડા થાય છે એની કોઈ વાત નહિ. કોઈ ફરિયાદ નહિ. ઉલટાની બીજાની ચિંતા કરતા, ગુરૂદેવની ચિંતા કરતા હતા.

આજ છે એમનો WILLPOWER આજે પણ શ્રધ્ધા કુટિરમાં આવતા એમની રૂમની બારી સામે સહેજે નજર જતી રહે છે.

શ્રધ્ધા કુટિરમાં એ સુક્ષ્મ સ્વરૂપે હાજર જ છે. એમનો WILLPOWER આપણા સૌ ભક્તોમાં આવે, પૂજય ગુરૂદેવનું સેવાકાર્ય આગળ વધારીએ એ જ એમને આપણા ભક્તોની સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ.

## ૩૦. મહેન્દ્રભાઈ દરજી

**અમદાવાદ, મોબાઈલઃ ૭૫૭૨૮ ૧૭૪૨૪**

પૂજ્ય બહેનજીના આદરણીય નામે સદાય સ્મરણમાં રહેતા નિલોષા અને શ્રદ્ધામાં પ્રસન્ન ચિત્તે સૌને આવકારતા શ્રદ્ધા કુટીરના એક ઘરેણા સમાન શોભતા, એક મોભાદાર વ્યક્તિએ તારીખ ૨૪-૪-૨૦૨૪

(સરવાળો ૨+૪+૪+૨+૦+૨+૪ = ૧૮ એટલે ગીતાના ૧૮- અધ્યાય વાળી ૧+૮-૯ જે પૂર્ણાન્ક છે, જે બતાવે છે કે ગીતાનો સાર જેમના જીવનમાં ઉતર્યો હતો ને "રાજગીતા"ના રચયિતા હતા. વળી ૯ પૂર્ણાન્ક એટલે સર્વગુણ સંપન્ન હતા.) તા. ૨૪.૪.૨૦૨૪ના રોજ આ ભૌતિક જગતનો ત્યાગ કરીને મા ગાયત્રી અને શ્રીજીની દિવ્ય ચેતનામાં સદાયને માટે વિલીન થઈ ગયા.

જેમણે પોતાનું સમગ્ર જીવન પૂ. ગુરૂજીના ચરણમાં- ગાયત્રીના સેવા- કાર્યમાં સહયોગી થવા માટે સમર્પિત કરી દીધું અને તે પણ પ્રસન્ન ચિતે, કોઈપણ ગ્લાનિ વગર, અંશમાત્ર ભાવ વગર ખરેખર, આ એક અદભુત ને વિરલ ઘટના છે. પૂજ્ય બહેનજીનો નિર્વાણ દિન સહુ મા ગાયત્રીના વ્હાલા બાળકો માટે એક આંચકો આપનાર અવસર બની ગયો.

આ એક અચાનક ને અકલ્પિત ઘટના બની ગઈ. જેની ખોટ પૂરી શકાય તેમ નથી. કુટીર અધુરી લાગે છે, કૃષ્ણના મોરપીંછ મુકુટમાંથી એક પીછુ પડી ગયું હોય, એવું લાગે છે.

ખેર, પરમકૃપાળુ ની ઈચ્છાને આધીન કોઈ ઈચ્છા ચાલતી નથી. આ તો "પ્રભુની લીલા" કહો કે "કોઈ સંદેશ" કાંઈ સમજાતું નથી.

શ્રધ્ધા કૂટિર, નિલોષા, દેશના અન્ય સ્થળો કે વિદેશમાં તેઓ એક સહયોગી અને સેવાના માર્ગદર્શક તરીકે રહેતા.

નિષ્પક્ષ અને અદ્‌ભુત મેનેજમેન્ટ, નિખાલસ ને હસતા હસતા શાંતિપૂર્વક સમજ આપવી એ તેમની લાક્ષણિકતા હતી. વળી તેઓ શિસ્તના પણ પુરા આગ્રહી હતા. પૂજ્ય ગુરૂદેવના આશીર્વાદ મેળવવા માટે તેઓ એક માધ્યમ પણ હતા જેની આજે ખોટ વર્તાશે.

પૂજ્ય ગુરૂદેવના કુટુંબમાં તેઓ બાફોઈના હુલામણા નામથી પ્રચલિત હતાં અને તેઓ એક કુટુંબના સભ્ય તરીકે નિઃસ્વાર્થભાવે રહેતા.

કોઈપણ જાતના સ્વાર્થ વિના, નિઃસ્વાર્થ ભાવે પોતાનું સમગ્ર

જીવન પૂજ્ય ગુરૂજીના ચરણે મા ગાયત્રીની સેવાકાર્યમાં જોડી દેવું, એ કોઈ નાની સુની વાત નથી પણ એક વિરલ, અદભુત ને અવિસ્મરણીય ઘટના છે. મને લાગે છે કે એક દિવ્ય ચેતનાના, સ્પંદનો કુટિરમાં સદાય ગુંજતા રહેશે ને આશિષ આપતાં રહેશે. અને છેલ્લે...

પરમ કૃપાળુ પરમાત્માની
એક દિવ્ય ચેતના
બની સહયોગી
મા- બાળ- ગાયત્રીની
જિંદગીભર,નિષ્ઠાપૂર્વક
નિભાવી જવાબદારી
ભક્તોને ભિંજવી
લઈ લીધી ચિરકાળની
વિદાય-અકલ્પિત વિલીન થઈ ગઈ
એ દિવ્ય ચેતના
પરમતત્વની ચેતનામાં
આશિષની અમી વર્ષા
વરસાવી, ભક્તોના હૃદયમાં
કાયમ સ્થાન પામી.

## ૩૧. વિજય સામાણી

**લેસ્ટર યુ.કે., મોબાઈલઃ ૭૫૧૮૭ ૯૮૩૫૨**

લેસ્ટરથી વિજય સામાણી, રેખાના, ભાસ્કરના દંડવત પ્રણામ. ૧૯૮૦ થી રાજયોગી ભગવાનની અસીમ કૃપાથી, ૪૪ વર્ષોથી દર વર્ષે

અમે કૈલાસબેનને મળતા. એમના વિદાયથી ખૂબ જ ખૂબ જ દુઃખ થયું. જાણે કોઈ અમારા અંગતની વિદાય થઈ એવું અમારા ફેમિલીને દુઃખ થયું. કૈલાસબેનની અમુલ્ય સેવા હતી, જે કદી પણ ભુલાશે નહી. જ્યાં જ્યાં રાજ્યોગી ભગવાનની હાજરી હોય અને કૈલાસબહેનની હાજરી હોય ત્યાં મા ગાયત્રીની હાજરી હોય અને બધાય દેવી-દેવતાઓ હાજર હોય, એક અલૌકિક વાતાવરણ હોય, ત્યાંથી કોઈને જવાનું મન ન થાય. કૈલાસબેનના માતા પિતાને અમારા પ્રણામ. અમારી પ્રાર્થના છે, "હે રાજ્યોગી ભગવાન, ૪૪ વર્ષમાં મારાથી કંઈ પણ કૈલાસબેનને દુઃખ થયું હોય, તો રાજ્યોગી ભગવાન, ગાયત્રીમા, વિજયને માફ કરશો અને અમારી ફેમિલીને માફ કરશો. કૈલાસબેન એક દેવીમા નો અવતાર હતા. એમની સેવા વર્ષોના વર્ષ કદી પણ ના ભુલાય. કૈલાસબેન જ્યાં હોય ત્યાં સુખ શાંતિને પામે અને મોક્ષને પામે એવી અમારા અંતરની પ્રાર્થના છે.

વિજય સામાણીના, રેખાના, ભાસ્કરના આપ સહુને અમારી ફેમિલીના પ્રણામ.

## ૩૨. ધર્મિષ્ઠા રાજેશ દેસાઈ

વલસાડ, મોબાઈલઃ ૯૭૦૨૦ ૯૬૨૪૭

તમારી અચાનક વિદાયથી અમે ખરેખર દુઃખી છીએ.

ભગવાન અમારી પ્રાર્થનાઓ તમારા વતી સ્વીકારે.

ઈશ્વર તમારા પવિત્ર આત્માને શાંતિ આપે.

બહેનજીનો પ્રેમ ભક્તો માટે અપાર હતો.

અમે જ્યારે પણ અમદાવાદ જતા ત્યારે બહેનજી અમને તરત જ યાદ અપાવતા કે, ગુરૂદેવ તરફથી મળતી પ્રસાદી, માતાજીનો સંકેત, પુનમનું જળ બધું જ ધ્યાન રાખતા. અને અમે જ્યારે પણ જઈએ ત્યારે અમને યાદ કરીને કહેતા, એમાં એકવારનો પ્રસંગ છે એ જણાવું છું કે અમે પરમ પૂજ્ય શ્રીગુરૂદેવના દર્શન માટે ગયા હતા. ત્યારે બહેનજીએ સામેથી

કહ્યું, ''તમે મુંબઈવાળા આવ્યા છો, તો તમારૂં પાપ વિમોચનની લાકડી ફેરવવાનું બાકી છે, ચલો આવી જાઓ ગુરૂદેવ પાસે અને આશીર્વાદ લઇ લ્યો.'' એના પરથી કહીએ કે પૂજ્ય બહેનજી દરેક ભક્તનું ખૂબ જ ધ્યાન રાખતા. બધાના ફેમિલી મેમ્બર માટે ખબર પૂછતા.

પૂ.બહેનજી ખૂબ જ પ્રેમાળ, દયાળુ અને લાગણીશીલ હતા. તમે અમારાથી દૂર ગયા છો, પણ તમે હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશો. આપનો આપેલો પ્રેમ, ખૂબ મહાન હતો. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે.

## ૩૩. ઘનશ્યામભાઈ રતિલાલ પટેલ પરિવાર

**વાસણા, અમદાવાદ, મોબાઈલઃ ૯૧૭૩૯ ૦૬૮૪૮**

ૐમાૐ પરિવારના વ્હાલા બહેનજીને કોટી કોટી પ્રણામ. ભક્તો ઉપર સદાય હેત વરસાવનારા તેમજ ભક્તોના કલ્યાણકારી. અમ ઉરમાં સદાય વસનારા, પૂ. ગુરૂદેવના લક્ષ્મણજી, ભક્તોને તેમની મૂંઝવણ પ્રમાણે સલાહ આપનાર.

બીજું તો વધારે શું કહીએ જે પણ કહીએ તે આપ માટે ઓછું છે. ત્વમેવ બહેનજી, ત્વમેવ માતા, ત્વમેવ પિતા, ત્વમેવ બંધુ, સખા ત્વમેવ ત્વમેવ વિદ્યા, દ્રવિણમ ત્વમેવ, ત્વમેવ અમ હૃદયમાં સદા વસનારા. પૂ. બહેનજીને હૃદયથી શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ.

## ૩૪. શૈલેષ બી શાહ

**વાસણા, અમદાવાદ. ગુજરાત, મોબાઈલઃ ૯૪૨૯૪ ૨૮૫૪૩**

પ્રાતઃ સ્મરણીય, પરમ પૂજ્ય શ્રી ગુરૂદેવના પડછાયા સમાન, ગુરૂદેવની ક્રિકેટ ટીમના વાઈસ કેપ્ટન જેવા, સદા હસમુખા સૌના લાડકા, સદાબહાર, પૂજ્ય બહેનજી (સ્વ. શ્રી કૈલાસબેન નટવરલાલ પરીખ) આજે પણ આપણી વચ્ચે હોય, તેમ જ લાગે છે. તેઓ સ્વર્ગવાસી થયા, પરંતુ

આપણા સૌના હૃદયકમળમાં, મનોભૂમિમાં હોવાથી તેમને ભૂલી શકાય તેમ નથી. તેમનું વ્યક્તિત્વ, બધા સાથે સ્વજનની જેમ વાતો કરવાની સ્ટાઈલ, દરેકની અંગત વાતમાં રસ લેનાર, એક હેતાળ, ઉમદા આપ્તજન તરીકે તેઓ હંમેશા અવિસ્મરણીય રહેશે. જેમની સાથે ગુરૂદેવ સ્વયં હોય, તેમનો સદાકાળ મોક્ષ જ હોય તેથી જ તેમનું જીવન તો સફળ જ થઈ ગયું.

ઈશ્વરને પ્રાર્થના કરીએ કે, આવા જ તેમના વ્યક્તિત્વનો લાભ પૂજ્ય ગુરૂદેવની કૃપાથી આપણને સૌને મળતો રહે. આપણા આ પૂજ્ય ગુરૂદેવના વીર સૈનિકને સેલ્યુટ સહ શ્રદ્ધાંજલિ.

## ૩૫. લીનાબેન ઝવેરી

**મુંબઈ, મોબાઈલઃ ૯૮૩૩૩ ૭૧૮૧૪**

આટલા વરસ પૂજ્ય ગુરૂદેવ પર જ લખતી. બહેનજી પર લખવાનું આવે ત્યારે એમ થાય કૈલાસ નામ એવું જ કામ અટલ, સ્થિતપ્રજ્ઞ ને વિશાળ. જેમ મકાનમાં પાયો હોય એ સૌથી મજબૂત કરવામાં આવે જેથી મકાન બરાબર એના આધારથી જ ટકી શકે. પૂ. ગુરૂદેવના કાર્ય માટે માતાજી, બહેનજીને Main પાયો બનાવી એના આધારથી જ ગુરૂદેવ નું કામ બરાબર થયું ને એમના હસ્તે જ આ કાર્ય સફળ રહ્યું.

બહેનજીની સમય સૂચકતા, પ્રેમસભર આવકાર, ઉત્સવ ઉજવણી ને એકદમ આધુનિક વિચારો, ને એ આપણા ભક્તોને ગુરૂદેવની વચમાં Bridge થયા એટલે ભક્તોને ગુરૂદેવ પાસે પહોંચવામા સરળતા પડી.

એમનો માતૃ nature એટલે discipline સ્વભાવ ૧૯૭૭ માં એના સંપર્કમાં આવી ત્યારે મારા મારું બાલિશ મન ને ઉંમર એમના strict સ્વભાવને સમજી નહોતી શકતી. ગુરૂદેવના કાર્ય માટે આ બધું જરૂરી હતું. આ બધા ગુણોનું સિંચન માતાજીએ કર્યું. કારણ આ કાર્ય નહિતર થાય જ નહીં. આપણા ઘરના સભ્યો ને આપણે handle નથી કરી શકતા. આ તો

પરમતત્વનું કાર્ય, ખડે પગે કરવું એ સહેલી વાત નથી.

બહેનજીનું મુખડું સદાય મલકતું પ્રેમ
વરસાવતું આવકારતું મુખડું
નાના-મોટા સૌને માન,
ગણતા બધાને એક સમાન
હરતા-ફરતા ચાલતા બોલતા
દેતા સૌને પ્રેમ સન્માન
સૌના દુઃખડા સાંભળી,
પહોંચાડતા ગુરૂદેવની પાસ
લાખ લાખ વંદન આ જીવ ને
જેણે ખડે પગે સેવા કરી
શ્રદ્ધા ને શરણાગતિ થકી માત ગુરૂદેવનું વિશાળ કાર્ય કરી,
કર્યો પોતાના જીવનનો બેડો પાર.

## ૩૬. ઉદય હસમુખભાઇ સૂચક

**નાગપુર (મહારાષ્ટ્ર), મોબાઈલઃ** +૯૧-૯૪૨૩૮ ૬૨૨૧૬

સદા સદ્ગુરૂદેવની સાથે રહ્યા, સમર્પિત કીધું સંપૂર્ણ જીવન,
નિશદિન શ્રીરાજ ને બાળકોની સેવા કરી,
(સેવા આપની) યાદ રહેશે બહેનજી અમોને......

શ્રધ્ધામય, પૂર્ણ આપનું જીવન, ને પરમમાં અતૂટ વિશ્વાસ,
અમ હૃદય પણ બન્યું સુવાસિત શ્રધ્ધાથી,
(શ્રધ્ધા આપની) યાદ રહેશે બહેનજી અમોને....

સ્મિત વદન 'મા' આપનું હંમેશ, પ્રેમે અમોને ભીંજવી નાખ્યું,
જીવવું હસતા મુખે જ શીખવાડ્યું,
(હાસ્ય નિખાલસ આપનું) યાદ રહેશે બહેનજી અમોને....
સ્થિર રહેતા, શાંત રહેતા, ઝંઝાવાતોમાં પણ ખીલતા,
અડીખમ યોદ્ધા જીવનના આપ,
(રાજ સૈનિક અતુલનીય) યાદ રહેશે બહેનજી અમોને...
વિશાળ હૃદય સર્વ માટે રાખતા, પવિત્રતા પર પૂર જોર આપતા,
મન-વચન-કર્મ થી માત-બાળ સેવામાં સમર્પિત,
(પવિત્ર આપનું જીવન) યાદ રહેશે બહેનજી અમોને...
હિંમત અમને પગ પગ પર આપતા, પરમના પંથે આગળ વધારતા,
પ્રેમ-જ્ઞાન-સહન-ક્ષમા ની શીખ સદા આપી,
(માત સ્વરૂપે) યાદ રહેશે બહેનજી અમોને....
સાદું જીવન, સરળ જીવન, પ્રેમમય દૃષ્ટિથી ભક્તો બંધાયા 'તા,
અમે આપને ખોળે, આપ માતને ખોળે,
(પ્રેમ પ્રગાઢ આપનો) યાદ રહેશે બહેનજી અમોને....
માનવ સેનાનો નિર્ધાર, માનવ મટી સાચો માનવ મહામાનવ બને,
શિવ-જીવનું મિલન સધાય,
(સર્વાંગી વિકાસ ફોર્મ) યાદ રહેશે બહેનજી અમોને....
પ્રેમે સુવાસિત કરી શ્રધ્ધા ધામ આપે, અમ બાળકોના બન્યા આધાર,
રાજ-સેતુ થઈ જીવન માંગલ્ય કરાવ્યું,
(માર્ગદર્શક દિવ્ય અમારા) યાદ રહેશે બહેનજી અમોને.....
યાદ રહેશે બહેનજી અમોને....

## ૩૭. દક્ષાબેન ડૉક્ટર

પૂજય બહેનજી માટે કંઈ પણ લખીશું . તે હમેશાં માટે પુરતુ નથી. તેમનો પૂજય ગુરૂજી પ્રત્યેનું સમર્પણ, સેવાભાવ, સેવા માટેની તત્પરતા ખુબજ અનોખી હતી. બધા ભક્તો માટે પ્રેમ ભાવ તથા મદદ કરવાની એમની ભાવના ખુબ જ વંદનીય અને વખાણવા યોગ્ય છે.મારી યોગ્યતા મુજબ જે લખ્યું છે તે મને હજુ ઘણું બધુ ખુટતુ હોય તેમ લાગે છે.

પ.પૂ. ગુરૂજી તથા પૂ. બહેનજીના ચરણોમાં પરવિનભાઈ તથા દક્ષા બેન ડોકટર અને પરીવાર ના વંદન.

## ૩૮. હેતલ શ્રીકાંત કક્કડ

**રાજકોટ, મોબાઈલઃ ૯૪૨૬૪ ૫૦૦૬૧**

પૂજય શ્રી બહેનજી વિશે આપણી ભાવ ઊર્મિ શબ્દોમા વ્યક્ત કરવી ઘણી કઠિન છે.તેમની અંદર રહેલ આત્મિયતા, સરલતા, મૃદુતા, માતૃ વાત્સલ્ય નો અનુભવ આપણને થયો જ છે.ગુરૂદેવ કહે છે તેમ કેટલાય દેવ માનવો જુદા જુદા સ્વરૂપે નિલોષા શ્રધ્ધામા પધાર્યા છે તેમ બહેનજી નું પણ પૃથ્વી પર અવતરણ માતાજી એ ચોક્કસ કાર્ય માટે જ કર્યું હશે.

બહેનજી ના નામ પ્રમાણે જ બહેનજી એ કૈલાસ પર્વત જેટલી આધ્યાત્મિક ઊંચાઈ સિદ્ધ કરેલ હતી. તેમણે decision- power, willpower- time management જેવા ગુણો આત્મસાત કરેલ હતા.

બહેનજીએ કહેલ એક વાક્ય મારા હૃદયમાં હજી પણ ગુંજે છે મંત્રજાપ કરવાથી આપણી ફરતે એક આધ્યાત્મિક કવચ બની જાય છે જેનાથી આપણે physically અને mentally problem ને face કરી જીવનને સારી રીતે આગળ વધારી શકીએ છીએ.

એટલે જ તો બહેનજીને -“શ્રધ્ધા”નો “શ્વાસ” અને “નિલોષા”નું “હૃદય” કહેલ છે તે યથાર્થ જ છે.

## ૩૯. અનિલ પ્રમોદરાય મહેતા પરિવાર

**અમદાવાદ**

આપના જેવા સંયમી, જ્ઞાની વ્યક્તિત્વ ધરાવતા ગુરૂભક્ત હંમેશા ચિરંજીવી હોય છે. આપની આભા આવનાર સમયમાં સર્વ ગુરૂભક્તોને અનંતકાળ સુધી પ્રેરણા પ્રદાન કરતી રહેશે. અનિલ પ્રમોદરાય મહેતા પરિવાર.

## ૪૦. સ્વાતિ અપૂર્વભાઇ પરીવાર

**અમદાવાદ**

શ્રધ્ધા કુટિરમાં આવનાર પ્રત્યેક ગુરૂભક્તના દિલ અને દિમાગમાં વસી ગયેલા આપના વ્યક્તિત્વને દરેક ભક્ત આજીવન યાદ કરશે.

## ૪૧. સુરેશ, અવની, શૈવાલ અને ઊર્મિ

**મુંબઈ.**

શ્રદ્ધા પરિવારે એક પુણ્યાત્મા ગુમાવ્યો છે. બહેનજી ઘણા પ્રેમી હતા અને પુણ્યાત્મા હતા. શ્રદ્ધા પરિવારને ઘણી ખોટ લાગશે. તેઓ ઘણા મધુર સ્વભાવના અને મૃદુભાષી હતા.

પૂજ્ય માતાજી તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

## ૪૨. ઇલા રાવલ

**અમદાવાદ.**

મુંબઈ, મોબાઈલઃ ૯૮૨૦૨ ૬૭૦૯૫

પ્રાતઃસ્મરણીય, પૂજ્ય બહેનજી પરમ પૂજ્ય ગુરૂદેવના આશીર્વાદથી દિવ્ય જીવન જીવી પરમાત્માના ધામમાં ચાલ્યા ગયા. ગંગા જેવા પવિત્ર દેહથી સત્કર્મ અને સદગુણોની સુવાસ પ્રસરાવતાં ગયા.

પરમ કૃપાળુ પરમાત્મા, આ પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પે

## ૪૩. રીન્કુબેન બારીયા

અમદાવાદ, મોબાઈલ ૯૦૨૩૮ ૬૬૨૫૭

ગુરૂ વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના આત્મા નથી. ધ્યાન, જ્ઞાન સંયમ અને કર્મ બધું જ ગુરૂની ભેટ છે રોટલો કેમ ખાવો તે નહીં પણ દરેક કોળીયાને વધુ મીઠો કેમ બનાવવો તેની કેળવણી આપવાનું કામ ગુરૂનું છે. પ્રણામ મારા વ્હાલા બહેનજી.

નિલોષામાં બહેનજીએ મને ઘરને અને મારા કામને ખૂબ સરસ રીતે કરતા શીખવ્યું છે. પૂજ્ય બહેનજી ને હું કદી ભૂલીશ નહીં.

## ૪૪. હેમા પરીખ - પંકજ પરીખ

શિકાગો,

"પરિવાર જેનું મંદિર હતું,

સ્નેહ જેની શક્તિ હતી.

પરિશ્રમ જેનું કર્તવ્ય હતું.

પરમાર્થ જેની ભક્તિ હતી.

બહેનજીનો નિઃસ્વાર્થ પ્રેમાળ સ્વભાવ ભૂલાશે નહીં. માતાજી બહેનજીને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

## ૪૫. મહેશ અને સુધા પટેલ પરિવાર

**શિકાગો ઈલિનોઈસ, ટેલીફોન નં.: ૬૩ ૦૪૬૧ ૫૪૯૧.**

પૂજ્ય કૈલાસબેન (મોટી બહેનજી) પૂજ્ય મોટીબેન આપણા ગાયત્રી પરિવાર, રાજકુટુંબના મુખ્ય આધાર સ્તંભ હતા અને રહેશે તેમની ખોટ પૂરી શકાય તેમ નથી. તેમનો મિલનસાર પ્રેમાળ સ્વભાવ અને દરેક ભક્ત ભાઈ બહેનો માટેનો પ્રેમ અપાર હતો. આપણા સૌના, ગુરૂ સંબંધોના તેઓ સેતુ હતા. સાચી ગુરૂ ભક્તિની સમજણ, ઘણી સરળ રીતે સમજાવતા. દરેક ભાઈ બહેનોને નામથી બોલાવતા તેવી તેમની અગાધ યાદશક્તિ તેમને હતી. દરેક ગાયત્રી યજ્ઞો અને ગુરૂપૂર્ણિમા અને ગુરૂજી ને લગતા ધાર્મિક આયોજન સરળ અને સચોટ બિન ખર્ચાળ રીતે તે કરાવતા. તેઓ પોતે પણ એક સાચા ગુરૂ ભક્ત અને પરમ શક્તિમાન માતના અનુભવી સેવિકા હતા. એવા આપણા મોટી બહેન (બહેનજી) ને અમારા કોટી કોટી વંદન અને દંડવત પ્રણામ.

## ૪૬. પદ્માબેન ગોહિલ

**અમદાવાદ, મોબાઈલઃ ૭૬૦૦૮ ૮૨૦૬૯**

પુણ્ય, પવિત્ર અને મંગલમય એવા આપણા કૈલાસબેનની યાદ અને એમના સંસ્મરણો આપણા હૃદયને સ્પર્શી જાય છે. કમળ કાદવમાં ખીલે છે, પણ દેવના શિરે ચઢી જાય છે. બહેનજી ગુરૂદેવના વૈશ્વિક કાર્યમાં ઉચ્ચ સ્થાને છે. ગુરૂદેવ સૌ ભક્તોના હૈયાના હાર છે, તો બહેનજી એ હારમાનો ચમકતો હિરલો છે. મોતીની જેમ વિંધાઈને ગુરૂદેવના કાર્યમાં પરોવાઈ ગયા અને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું. ગુરૂદેવની સેવા એટલે રામદૂત હનુમાનજી જેવી. સતત એમનું ધ્યાન ગુરૂદેવની સેવામાં જ હોય છે. આખું જીવન પોતાનું સેવામાં સમર્પિત કરી દીધું. ભક્તો સાથેની આત્મીયતા અને ઐક્યતા પણ એટલી જ. બહેનજી પોતાના અંગત સ્વજન આપણને લાગે. બાળકો માટે વ્હાલ પણ ઘણું જ.

પ્રસંગોપાત ઉજવાતા પ્રસંગોનું આયોજન કરી પ્રસંગને દૈદિપ્યમાન અને ભવ્યતા અપાવવામાં એમની કુશાગ્ર બુદ્ધિનો યશ એમને ફાળે જાય છે. માનવતાની મહેકને મહેકાવવા માટે, ભક્તોને માટે રાજગીતાનું નિર્માણ કર્યું.

ગુરૂદેવ મેઘ અને બહેનજી ચાતક બની ભક્તિનું રસપાન કરી વાદળમાં વીજળીની જેમ ચમકીને જીવનને સાર્થક કર્યું. ચાંદની જેવી શીતળતા અને કાર્યસૂઝની સમજ હિંમત અલૌકિક હતી.

ભક્તોના હૈયામાં હેતને હિંડોળે ઝૂલી રહેલા બહેનજીનું જીવન સુપુષ્પની સુવાસ, મહેંક મૂકીને સદાને માટે ચિરવિદાય લીધી. એવા મારા કૈલાસબહેનને મારા કોટી કોટી વંદન અને બધા ભક્તો વતી મારી સલામી અર્પણ કરું છું. બહેનજી એમના સદકાર્યથી હંમેશા માટે જીવંત છે.

## ૪૭. હર્ષિત હસમુખભાઇ સૂચક

નાગપુર, મોબાઈલઃ ૯૪૨૩૬૮૧૫૯૨

**જાણી હજીએ ક્યાં શક્યો છું**
**બહેનજી કોણ હતા..**
**રામ ની પરછાઈ લખન સમ**
**આપ રાજ બાળની હતા..**
**અડીખમ યોધ્ધા સેવા તણા તમ..**
**શું શું ત્યાગ્યું વિચાર કર્યો..**
**સગા, નોકરી, ઈચ્છાઓ ત્યજી..**
**ભેખ સેવકનો સ્વીકાર કર્યો..**
**આવતા સહુને આત્મીય ગણતા**
**બાળના પદચિહ્નો ને અનુસરતા.**
**અમારા કપરા સમયમાં 'મા' વહાલી,**
**મર્મ ગુરૂ વચનનો સમઝાવી**
**શ્રધ્ધા નું સંબલ બનતા..**

**દયા કરી ગુરૂ સેવા આપી**
**પ્રભુ ચરણોમા જોડી રાખી**
**હર એક પ્રસંગે હૂંફ-હામ દઈ**
**સેવા ક્ષિતિજો વિસ્તરી આપી**

**લાગે મને છે કંઈક એવું**
**આપ, સ્વરૂપ છો, ''બાળ'' જેવું..**
**શબ્દો આપના ''ઝબકે'' અમ ઉરમાં,**
**''રહો પ્રયાસરત શિવ જીવ મિલનમાં..''**

**કર જોડી પ્રભુને પ્રાર્થના કરી કે**
**સર્વાંગી વિકાસ કરવા એ શક્તિ ભરી દે..**
**તવ બાળકો અમ તવ માર્ગે ચાલી..**
**આપના આદર્શો અમ જીવનમાં ઉતારી..**

## ૪૮. રમેશભાઈ બારોટ

**અમદાવાદ, મોબાઈલઃ ૯૮૭૯૦ ૧૧૭૬૭**

રે પ્રભુ! એવી શું અનિવાર્યતા આવી પડી,
કે અમારાં વ્હાલાં બહેનજી ને બોલાવી લીધાં !
શ્રદ્ધાદ્વાર ને આમ અચાનક સુનાં કરી
વૈકુંઠનાં દ્વાર તેં તત્કાળ ખોલાવી દીધાં !

વસમી થઈ પડી છે બહેનજી વિદાય તમારી
વિરહ વેદના હજારો હૈયાં ને હચમચાવી ગઇ
'નિલોષા'નો હીંચકો સુનો, શ્રધ્ધાનું સ્થાન સુનું
અમારી વાતનો વિસામો સુનો, ખરું કે નઈ !

'નિલોષા' ની ઉષા સુની, 'શ્રધ્ધા' ની માવડી સુની
સુનો રાજયોગીનો સાંધ્યકુટીર દરબાર
કહો, સ્મરણ તમારું કેમ વિસરવું!
વહે છે અમારી આંખોથી થઈ અશ્રુધાર

‘નિલોષા’હીંચકે વ્હાલથી મને પાસે બેસાડી
લાગે છે હમણાં પણ સત્સંગ ચર્ચા કરો છો
ઈચ્છા પ્રગટ કરી હતી પુરા ‘અષ્ટાવક્રગીતા’ શ્રવણની
લેખન વેળા જાણે સન્મુખ થઈ ઈચ્છાપૂર્તિ કરો છો.

આગોતરી જાણ હતી અંતિમ વિદાય વેળાની
સાચે જ ! તમે ઈચ્છામૃત્યુ ને વરી ગયાં
વિતાવ્યું જીવન આખું નિઃસ્વાર્થ સેવા સમર્પણમાં
જીવનમુક્તિ ને પામી ભવસાગર તરી ગયાં

‘રાજયોગી નરેદ્રજી’ ને ‘નરેનભાઈ’ કહેવાનો
એકાધિકાર હતો ‘કૈલાસબેન’ તમારો
એ મીઠડા સંબોધન કાજ તરસશે કાન.
‘રાજ’ ને હવે કેવળ એના પડઘાનો સહારો

જાનકીની વિદાયવેળા જીવનમુક્ત પિતા જનક
આંખોથી વહેતાં આંસુને પાછાં વાળી ના શક્યા
ધન્ય તમારું ગુરૂસમર્પિત જીવન ! કૈલાસ
સંસારમાયાથી મુક્ત સંત અશ્રુ ખાળી ના શક્યા.

હતાં શ્રધ્ધા નો શ્વાસ બહેન કૈલાસ
જમણા હાથ સમો છૂટ્યો સાથ
પુણ્યાત્મા સિધાવી ગયો પરમને ધામ
સેવા સમર્પણથી અમર રહેશે નામ.

## ૪૯. કાંતિલાલ પટેલ

**ન્યૂજર્સી, ટેલિફોન નં: ૨૦૧,૪૦૧.૩૯૮૫**

અમેરિકામાં પૂજ્ય ગુરૂદેવ તથા પૂજ્ય બહેનજી સાથે ઘણા વર્ષો સુધી રહી સત્સંગનો મોકો

જ્યારે પૂજ્ય ગુરૂદેવ તથા પૂજ્ય બહેનજી સાથે પ્રવાસમાં જતા

ત્યારે રસ્તામાં પૂજ્ય બહેનજી પૂરી અને સંભારો આપતા એ પૂરી સંભારાનો સ્વાદ આજે પણ ભુલાયો નથી. એ પૂજ્ય બહેનજીના પ્રેમનો સ્વાદ હતો.

કોઈક વખતે પૂજ્ય ગુરૂજીના પ્રોગ્રામ વખતે કઈ ભૂલ થતી તો પૂજ્ય બહેનજીનો મીઠો ઠપકો પણ મળતો અને સમયને અનુરૂપ આનંદ પણ કરાવતા. અત્યારે એક આનંદનો પ્રસંગ વર્ણવું છું.

પૂજ્ય મમ્મીજી (કુસુમબા) અમેરિકા આવ્યા ત્યારે ફ્લોરિડામાં ડિઝની વર્લ્ડ જોવા માટે ગયા હતા. ત્યાં ચાલવાનું ખૂબ હોવાથી પૂજ્ય ગુરૂદેવ માટે ''વ્હીલચેર'' કરી હતી. ત્યારે અચાનક જ બહેનજી ચેરમાં બેસીને ખડખડાટ હસવા લાગ્યા. આ પ્રસંગ આજે પણ મારી આંખો સમક્ષ દેખાય છે.

પૂજ્ય બહેનજીનો લાગણીસભર પ્રેમાળ, સ્વભાવ ક્યારેય ભુલાય તેમ નથી. પૂજ્ય બહેનજી સદૈવ આપણા હૃદયમાં રહેશે.

## ૫૦. રીના અરુણ વાઘેલા

પૂજ્ય બહેનજીને યાદ કરતાં જ તેમનું આગવુ વિશેષ વ્યક્તિત્વ નજર સમક્ષ ઊપસી આવે છે, જેમ કે તેઓ હંમેશા...

- ★ **સુસજ્જિત**
- ★ **સ્પષ્ટવક્તા**
- ★ **મજબૂત મનોબળ વાળા**
- ★ **સૂક્ષ્મ નિરીક્ષણ કરનાર**
- ★ **વિશેષ બૌદ્ધિક પ્રતિભા ધરાવનાર**
- ★ **ઉત્સવપ્રિય**
- ★ **નિઃસ્વાર્થ સેવા કરનાર**
- ★ **શિસ્તના આગ્રહી**
- ★ **પૂજયશ્રીના જમણા હાથ, વગેરે. તે સિવાય ઘણું બધું.**

**તેઓ પૂજ્ય ગુરુદેવ અને ભક્તો વચ્ચે સેતુ સમાન હતા. તેઓ મારા માટે આદર્શ પ્રેરણામૂર્તિ હતા અને હંમેશા બની રહેશે.**

## ૫૧. નિરંજનભાઈ પંડયા

**મુંબઈ, ૯૮૨૧૩ ૩૧૨૭૭**

હું લગભગ ૨૭ વર્ષ પહેલા મારી મોટી બહેન દ્વારા બહેનજી અને ગુરૂદેવને પહેલી વાર મળ્યો હતો. તે એક એવા મહિલા હતા જે અત્યંત આધ્યાત્મિક, પ્રેમાળ અને કાળજી લેનારા અને સંપૂર્ણપણે પૂજ્ય ગુરૂદેવને સમર્પિત હતા. હું તેમની સાથેના મારા લાંબા જોડાણને યાદ કરું છું, તેમ તેમ તે હમેશાં એક મજબૂત અને સકારાત્મક વ્યક્તિ તરીકે બહાર આવ્યા છે. તેમની પાકેલી ઉંમરે પણ મેં તેમને ક્યારેય આળસુ બેઠેલા કે સમય પસાર કરતા જોયા નથી. તેઓ હમેશાં પૂજ્ય ગુરૂદેવના ઉપદેશો વિષે સમજ આપીને લોકોના જીવનને સમૃદ્ધ બનાવવાના પ્રયાસમાં રહેતા. એક મહાન આત્મા શૂન્યાવકાશ પાછળ છોડીને ચાલ્યો ગયો છે. તે ખરેખર મારા માટે મોટી બહેન સમાન હતા. પ્રણામ બહેનજી !! આપ કૈલાશ ધામથી આશીર્વાદ આપતા રહેજો.

## ૫૨. વંદના પંડયા

**મુંબઈ**

પૂજ્ય બહેનજીના અંતરના આશીર્વાદ લેવા હવે કયાં જઈશું. આશા હતી કે આંખો બંધ થાય ત્યાં સુધી તેમના આશિષ મળતા રહે. તેમની હયાતીના અભાવે તેમની છબી માંથી હવે આશીર્વાદ મળતા રહે તેવી આશા છે.

## ૫૩. ફાલ્ગુની તથા તુષાર વ્યાસ ફેમીલી.

**અમદાવાદ,** Mobile : +૯૧ ૯૪૨૬૭ ૧૫૭૪૯

તારીખ ૨૪ એપ્રિલની પરોઢે રણક્યા શબ્દો યંત્રથી ‘‘બહેનજી હવે નથી’’..... સરકી ગઈ ધરતી જાણે પગતળેથી...

જીવનની કોઈપણ સમસ્યાના સમાધાનની સહાય માટે કર્યો જ્યારે જ્યારે સંપર્ક, ત્યારે “બોલ, બેટા શું હતું ?” એવા શબ્દો કાન પર પડતા જ જાણે સચોટ માર્ગદર્શન મળશે એ વિચાર દ્રઢ થતો અને સરળ સચોટ માર્ગદર્શનથી હળવાશ આપતા આપશ્રી અમારી સાથે નથી એ વિચારે સ્તબ્ધ થઈ ગઈ ઝિંદગી અમારી તમારા વગર.

ક્યારેક સાંભળ્યું હતું કે ઈશ્વરના ખજાનાને ખોટ પડે છે ત્યારે માયાળુ માનવીના ખજાના લૂંટે છે. પણ આજે તો અનુભવ્યુ કે દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી, કરુણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો, વિશ્વાસ, હિંમત અને શક્તિથી ભરપૂર હતું જે વ્યક્તિત્વ જે ધર્મ કદી ભૂલ્યા નથી, વ્યવહાર કદી ચુક્યા નથી હરપળ હસતો રાખી ચેહરો વર મુદ્રામાં ઉઠતાં હસ્તથી વસ્યા છે જે સૌના હૈયે નથી એ અમારી પાસે તેથી જીવનના દરેક પ્રસંગે ખટકશે ખોટ એ વિચારે દ્રવી રહ્યું છે હૃદય અમારું. માટે જ ઈશ્વરને પૂછાઈ ગયું કે -

“જેમની જરૂર હતી અમારે, તેમની તમારે શી જરૂર પડી?”

શ્રી રાજ સેવાકાર્યની સુવાસ વિશ્વસ્તરે ફેલાવો કર્યો છે પરિશ્રમ જેમણે તેવા વહાલા બહેનજીના કુશળતાપૂર્વકના મેનેજમેન્ટથી પ્રભાવિત થઈ વેદ જનની શ્રી રાજના સૂચનો પ્રમાણેની નવી સૃષ્ટિના સર્જન કાર્યનું મેનેજમેન્ટ સંભાળવા લઈ ગયા. તમે અમારા કૈલાસ શિખર સમ દ્રઢ, પવિત્ર અચળ વ્યક્તિત્વ ધરાવતા મેનેજમેન્ટ ગુરૂ, માતૃતુલ્ય કૈલાસ બહેનજીને.

## ૫૪. સ્મિતાબેન દવે

**અમદાવાદ.**

પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ હતી

પરિશ્રમ જેનો કર્તવ્ય હતો,

પરમાર્થ જેની ભક્તિ હતી.

એવા અમારા બહેનજીને

ઈશ્વર શાંતિ પ્રદાન કરે...

## ૫૫. કુસુમ અમરીશ શાહ

**(વિજયભાઈ કંટોલના દીકરી), મુંબઈ.**

પૂજ્ય બહેનજીનો પ્રેમાળ, લાગણી વાળો, હસતો ચહેરો હંમેશા આંખો સમક્ષ આવ્યા કરે.

હું જ્યારે પણ રૂબરૂ મળીને અથવા ફોનમાં વાત કરું ત્યારે શાંતિથી મારી વ્યથા સાંભળીને સમજાવતા ને પૂ. શ્રી ગુરૂદેવને પૂછીને પ્રશ્નનો ઉકેલ આપતા. પૂજ્યશ્રી ગુરૂદેવના અને માતાજીના આશીર્વાદ હંમેશા અપાવતા જે કરીને મારી તકલીફ થતી હોય, તે ઘણી જ ઓછી થઈ જાય. દુખ હળવું થઈ જતું.

માનવામાં નથી આવતું કે, તેઓ આપણી વચ્ચે નથી. છતાંય હું ક્યારેય પણ તેઓને ભૂલી નહીં શકું. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે, એ જ પ્રાર્થના.

## ૫૬. રશ્મિબેન અમિતભાઈ ચોલેરા (કક્કડ)

**રાજકોટ, મોબાઈલઃ ૭૨૨૭૮ ૭૪૯૨૯**

આપણી ગુજરાતી ભાષામાં બહેનજી નો અર્થ ભગીની થાય પરંતુ આ ત્રણ અક્ષરનો બહેનજી શબ્દ એ કોઈ મારા તમારા કે માત્ર ગુરૂદેવના જ ભગીનીજી માટેનો નથી, એ તો ગુરૂદેવના સેવા કાર્યના જમણા હાથ સમા જગ બહેનજી (કૈલાસબેન) માટે નો છે.

હમેશાં શ્રેષ્ઠ વસ્ત્ર અલંકારોમાં આભૂષિત એવા તેમને પ્રેમ, ભક્તિ, સેવા, સમર્પણ, સાદાઈ, સ્મિત તો જાણે જન્મથીજ આત્મસાત

હતા. તેમનો અનુશાસિત છતાં મૃદુ સ્વભાવ, પુજયશ્રી સાથેની નિકટતા, કાળજી અને ચીવટ જોતા તેમનો જન્મ જાણે શ્રીના સેવા કાર્યને દિપાવવા માટે જ ન થયો હોય?

તેઓ કદાચ શ્રધ્ધાના હાર્દ અને નિલોષાના દિપક હતા. હમણા છેલ્લા થોડા સમય થી નિલોષા પરની તેમની ગેરહાજરી ખાલીપાનો અહેસાસ કરાવતી હતી.

અત્યારે સદેહે તેઓ અહીં હાજર ન હોવા છતાં તેમના ફોટાને જોતાં એવું નથી લાગતું કે, હમણા આપણા ૐ મા ૐના પ્રત્યુતરમાં ૐમા ૐ ઉચ્ચારીને આપણા અને આપણા બાળકોના ખબર અંતર પુછશે?

તેમના માટે ઘણુ બધુ કહીએ છતાં પણ ઓછું પડે તેવા બહેનજીએ બહેનજી શબ્દને પોતાના સેવા કાર્યથી દિપાવીને જગ બહેનજી જેવો વિશાળ શબ્દ પ્રાપ્ત કરી લીધો છે. તેવા બહેનજીને શત શત વંદન અને પરમ શક્તિ મા તેમજ ગુરૂદેવ ને પ્રાર્થના કે તેમના આત્માને શાંતિ અર્પી પોતાના શરણે રાખે.

## ૫૭. સતીષ દક્ષા પરીખ

**શિકાગો, ટેલિફોન નં :- ૮૪૭.૪૭૭.૪૪૭૨**

આજે આપણે એક અનોખી વ્યક્તિને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ, જેણે આપણા જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.બહેનજી એક અદ્ભુત વ્યક્તિ હતી, જેણે પ્રેમ, કાળજી અને સમર્પણથી આપણા જીવનને સમૃદ્ધ બનાવ્યા હતા. તેના હાસ્ય અને ઉત્સાહ આપણને હંમેશા પ્રેરણા આપતો રહ્યો છે. તેની સૌમ્ય હાજરી આપણને શાંતિ અને આનંદ આપતી હતી. તેણે આપણને શિખવાડ્યું કે જીવન એ એક અનમોલ ભેટ છે અને તેને પૂરેપૂરી રીતે જીવવું જોઈએ.

હવે જ્યારે તે આપણી વચ્ચેથી ગયા છે, ત્યારે આપણે તેના સંસ્મરણોને વફાદાર રહીશું અને તેના સંદેશાને આગળ વધારીશું. તેનો

આત્મા હંમેશા આપણી સાથે રહેશે અને આપણને માર્ગદર્શન આપશે.

આજે આપણે તેના બલિદાનને બિરદાવીએ છીએ અને તેના પ્રતિ આભાર વ્યક્ત કરીએ છીએ કે તેણે આપણા જીવનને કેટલું બધું આપ્યું છે. તેની યાદ હંમેશા આપણા હૃદયમાં જીવંત રહેશે.

## ૫૮. પૂર્વી મંકોડી

### મુંબઈ

હે માતાજી..

તમને નથી લાગતું કે અમુક લોકોને અમરફળ આપવા જોઈએ..

દરેકની લાઈફલાઈન તો નક્કી જ છે..

પણ છતાંય.. પૂજ્ય બહેનજી વગર.. શ્રધ્ધા.. અકલ્પનીય છે..

જાણે વાચા વગર નો દેહ..

જાણે પ્રકાશ વગર ની જ્યોત..

એમનું જીવન એક સંદેશ..તો મૃત્યુ પણ એક સંદેશ..

હંમેશા.. જનહિતાય..સમર્પિત..જીવન..

દીવા દાંડી સમુ..

માર્ગદર્શન આપતું.. જલતું.. સદાય..

રાજ ગીતાની અમૂલ્ય ભેટ..

જાણે રત્નજડિત ચરું..

પૂજ્ય બહેનજી..અમારા જીવનમાં એક અવિસ્મરણીય છબી..

સદાય માટે રહી ગઈ..

## ૫૯. મનેશષભાઈ મોદી

**અમદાવાદ, મોબાઈલઃ ૯૪૨૬૫ ૧૬૭૮૨**

શ્રધ્ધાની ચકોર નજર, ધ્યાન બહાર, એક ચકલું યે ના ફરકે.

બ્રાહ્મ મુહૂર્તમાં નિયમિત ઉપાસના સાથે પૂ. ગુરૂદેવના સમયે, સહાય, સેવામાં તત્પર. અજેય નારી શક્તિ, દ્રઢ વિશ્વાસે શ્રદ્ધાના કમળ ઉપર 'મા'ના હાસ્યને જીતી જાણે. બાળકની 'મા'ની જેમ કઠોર, પ્રેમાળ, અને ન્યોછાવરી.

પૂજ્ય ગુરૂદેવ- 'મા' ને જોડતી કડી, આધ્યાત્મિક કેડી કંડારનાર.

બ્રાહ્મ મુહૂર્તમાં ઉપાસના, દીપ યજ્ઞથી ગાયત્રી યજ્ઞના પ્રેરણા સ્રોત

મારા ઉપનયન સંસ્કાર સમયે, મારા નાના કુટુંબના મોભી બની, જનોઈ સંસ્કાર આશીર્વાદ આપ્યા.

માનવતા-સંસ્કાર સિંચનમાં સદાય તત્પર

પૂજ્ય ગુરૂદેવની રાજગીતાના અઢાર તત્વોના આત્મસાતી, પ્રેરણા સ્તોત્ર. પહેલા પૂ. કૈલાસબહેન- બહેનજી 'મા' બની અનાથ કરી ગયા.

મહાન આત્મા, ''આવતીકાલે, ચાલી નીકળવાનું'' કહી દુઃખોના બંધન વચ્ચે, પ્રફુલ્લિત સ્મિત વદને ગાયત્રી યજ્ઞ થકી 'મા' ખોળે કરી લીધા.

## ૬૦. વિરલ કે ઉપાધ્યાય

**ગાંધીનગર, મોબાઈલ : ૯૦૯૯૦ ૫૫૧૦૬**

પૂજ્ય બહેનજીને આપણા સૌ રાજબાળ ભકતોના સાષ્ટાંગ દંડવત નમન-વંદન-પ્રણામ. તેઓને યાદ કરી તેમની સાથેની યાદો અને સંવેદનાઓને શબ્દ દ્વારા વર્ણવીને શ્રધ્ધાજંલી અર્પીએ.

મારૂ એવુ માનવું છે કે પૂજ્ય બહેનજી મણિદ્વીપ માંથી (ગાયત્રી માતાનું નિવાસસ્થાન- શ્રીમદ્દેવી ભાગવત મુજબ) શ્રધ્ધા તીર્થમાં ચાલતી

તમામ આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી જ રહ્યા હશે. (સૂક્ષ્મ સ્વરૂપે હાજર પણ હશે). મારા જેવા લખવામાં ઓછી રૂચિ રાખવા વાળાને પણ કંઈક લખવા માટેની પ્રેરણા પણ તેઓએ જ મુકી એવુ મારુ અંગત રીતે માનવું છે.

પરમ શકિત મા ગાયત્રીએ પૂ. ગુરૂદેવને પૃથ્વીની ધરા પર સંસાર સાગરમાં દીન-દુઃખિયોની સેવા, સંસારના ભોગ-વિલાસમાં અટવાયેલા જીવો તથા મા ગાયત્રીએ સ્વંય નિર્ધારીત કરેલ લોક કલ્યાણ, સમષ્ટીના કાર્ય કરવા માટે પૂજ્યશ્રી ગુરૂદેવને મોકલવાનું નક્કી કર્યું હશે ત્યારે જ પૂજ્ય બહેનજીને પણ સાથે સહાયક તરીકે મોકલવાનું નક્કી કર્યું જ હશે. જયારે પરમાત્મા અવતાર ધારણ કરે છે તો તેઓની સાથે સહાયક તરીકે (ભાઈ-બહેન-માતા- પિતા-પુત્ર-પુત્રી સખા) એમ કોઈપણ સાખ સંબંધે સાથે આવતા જ હોય છે. આપણા ધર્મગ્રંથોમાં રામાયણ, મહાભારત, પુરાણોમાં આ બાબતની પૃષ્ટી, સત્યતા જોવા મળે છે.

પૂ. બહેનજી પૂ.ગુરૂદેવ સાથે વર્ષો સુધી સાથે રહ્યા, પૂ. ગુરૂદેવના તમામ આધ્યાત્મિક કર્મો, માનવ સેવાના કાર્યો, સમષ્ટિના સુ-સંચાલનના કાર્યો એમ તમામ બાબતોમાં સહાયક, સેવક અને સાક્ષી બની રહ્યા.

પૂ. ગુરૂદેવે પોતાની દિવ્ય આધ્યાત્મિક શકિત, ઉર્જાનો સંચાર પૂ. બહેનજીમાં કરેલ જ હશે, પૂ. ગુરૂદેવના આશીર્વાદ તથા પૂર્ણ કૃપા પૂ. બહેનજી પર હતા, જેનો ભક્તોને ઘણીવાર અનુભવ પણ થયો હશે, જયારે કોઈ રાજબાળ મુશ્કેલી, તકલીફમાં હોય તે પછી આર્થિક, સામાજિક, શારીરિક, માનસિક અથવા તો સારા- નરસા વ્યવહારિક પ્રસંગો વેળા પૂ. ગુરૂદેવના આશીર્વાદની યાચના હોય પરંતુ કોઈ કારણોસર પૂ. ગુરૂદેવ વતી પૂ. બહેનજી દ્વારા હું ગુરૂદેવને વાત કરું છું. ગુરૂદેવ ના આશીર્વાદ છે. (God Bless You) આ શબ્દો પૂજ્ય ગુરૂદેવ વતી પૂ. બહેનજી દ્વારા અપાયેલ આશીર્વાદ, આશ્વાસન માત્રથી ભક્તોના હૃદયના ભાવ બદલાઈ

જતા, દુઃખ-કષ્ટ ઓછું થઈ જતુ તથા કાર્ય સિધ્ધ-પૂર્ણ થતા.

પૂ. બહેનજીનું વ્યક્તિત્વ બાળક સાથે બાળક જેવું, યુવક-યુવતીઓ સાથે તેઓની ઉંમર મુજબ અને ઉંમરલાયક-વયોવૃધ્ધ સાથે તેઓને અનૂકુળ વાણી, વર્તન, વ્યવહારથી વાત કરતા, સમજાવતા, માર્ગદર્શન આપતા.

શ્રધ્ધા તીર્થ કે નિલોષા ધામમાં ઉજવાતા તમામ ઉત્સવો પૂ. બહેનજીના સીધા માર્ગદર્શન સીધી દેખરેખ-દોરી સંચારમાં રંગેચંગે, આનંદ-ઉલ્લાસથી દિવ્ય આધ્યાત્મિક વાતાવરણમાં ખૂબ સુંદર આયોજન સાથે ઉજવાતા.

પૂ. બહેનજીનું વ્યક્તિત્વ, આભા, ઓરા પણ ઉચ્ચ કોટીની હતી, સ્વભાવે હંમેશા હકારાત્મક વલણ, શિસ્ત- સમય પાલન, હર હંમેશ સ્ફૂર્તિવાન- ઉર્જાવાન, સ્પષ્ટ વકતા બનીને રહ્યા.

પૂ. બહેનજી શ્રધ્ધા તીર્થ- નિલોષા ધામનાં કેન્દ્રબિંદુ બનીને રહ્યા. બ્રહ્માંડનું કેન્દ્ર બિંદુ કૈલાસજી છે (શિવજીનું આદ્ય નિવાસ સ્થાન) તેમ બહેનજી પણ આજીવન શ્રદ્ધા તીર્થ- નિલોષા ધામનાં કેન્દ્રબિંદુ બનીને રહ્યા.

પરમ પૂજ્ય ગુરૂદેવનો જે ભાવ મા ગાયત્રી માટે છે તેઓ જ ભાવ પૂ. બહેનજીનો પૂ. ગુરૂદેવ માટે હતો. પૂ. બહેનજી આપણા સૌ રાજ પરિવાર- રાજ બાળો માટે માતૃ સ્વરૂપ હતા, છે અને હરહંમેશ- ચીરકાળ અનંત સુધી રહેશે. તેઓની સૂક્ષ્મ હાજરી હરહંમેશ શ્રધ્ધા તીર્થ- નિલોષા ધામમાં રહેશે કારણ કે જ્યાં મા વેદજનની ગાયત્રી અને પરમ પૂજ્ય ગુરૂદેવની હાજરી હોય ત્યાં પૂજ્ય બહેનજી હાજર જ હોય.

PUJYA BAHENJI WAS LIKE OUR MOON WHO GUIDED US IN THE NIGHT SKY AND LIKE A SUN WHO MADE OUR DAY BRIGHTER.

## ૬૧. હેમા જયંત દેસાઈ

**મુંબઈ, મોબાઈલઃ** +૯૧ ૯૮૧૯૧ ૨૭૯૫૮

સદગત પૂજ્ય બહેનજીના દિવ્ય પવિત્ર શુધ્ધાત્મા તથા વિરાટ વ્યક્તિત્વ ધરાવતા મહામાનવીને કોટી કોટી વંદન.

**ૐ મા ૐ પરિવારના દરેક સભ્ય માટે બહેનજી "પોતાના સ્વજન" હતા. પૂજ્ય બહેનજી ભક્તો અને પૂજ્ય રાજયોગી સદગુરૂ વચ્ચેની સોનાની સાંકળ હતા. ભારે ખોટ પડી પૂજ્ય ગુરૂદેવ અને ભક્તોને.**

પૂજ્ય બહેનજીએ પોતાનું સમસ્ત જીવન શ્રી રાજ સેવાકાર્યમાં ભક્તો માટે ખપાવી દીધું. ભક્તો માટે પ્રેરણાસ્રોત હતા બહેનજી. પૂજ્ય બહેનજીના માર્ગદર્શન, સલાહ, સૂચન અને મીઠી ટકોરથી ભક્તોના આધ્યાત્મિક માર્ગને સરળ બનાવ્યો છે.

પૂજ્ય બહેનજી રચિત "રાજગીતા" પૂજ્ય રાજયોગીના સેવાકાર્યોનો નિચોડ છે.

સૃષ્ટિના રચયિતાને પણ શ્રી રાજની નવી સૃષ્ટિનો કાર્યભાર સંભાળવા પૂજ્ય બહેનજી જેવા કુશળ ખજાનચીની જરૂર પડી અને આપણી વચ્ચેથી એમને લઈ લીધા અને અમ ભક્તોના હૃદયના એક ખૂણામાં ખાલિપો ભરી ગયા.

વ્હાલા બહેનજી, We love you and missing you dearly.

## ૬૨. રેખાબેન સૂચક

**નાગપુર, મોબાઈલઃ ૮૨૭૫૮ ૭૧૧૧૨**

આપણા ધાર્મિક ગ્રંથો આપણને જીવનમાં ઘણું ઘણું શીખવી જાય છે

૧) રામાયણમાંથી - ત્યાગભાવના

૨) મહાભારતમાંથી - સ્વાર્થ ભાવનાના દુષ્પરિણામ અને

૩) ગીતાજીમાંથી - નિષ્કામ કર્મયોગ દ્વારા પરમની પ્રાપ્તિ.

પરમ પૂજ્ય બહેનજીનું જીવન હરતાં ફરતાં આધ્યાત્મિક ગ્રંથ જેવું હતું. તેઓશ્રી સંપૂર્ણપણે 'રાજમય' હતા. નિઃસ્વાર્થ કર્મ તેમનો કર્મયોગ હતો.

તેઓશ્રી પરમ પૂજ્ય ગુરૂદેવના પ્રત્યેક કાર્યયજ્ઞમાં લગભગ છેલ્લા ૪૫ વર્ષથી જોડાયેલ હતા. પૂજ્ય બહેનજી પોતાના નામ કૈલાસ''ના માફક જ દ્રઢ મનોબળવાળા અને એક અડીખમ યોદ્ધા સમાન હતા.

તેમનું જીવન એક શિષ્યનું સમર્પણ પોતાના સદગુરૂદેવજી પ્રત્યે કેવું હોવું જોઈએ તે આપણને શીખવી જાય છે.

તેઓશ્રી ''આધ્યાત્મિક કેડી''ના તંત્રી રહ્યા. પૂજ્યશ્રીના લેખોનું-શાયરીઓનું તેમણે ખૂબ જ સુંદર સંકલન કરેલ છે. જેની દાદ દેવી પડે. તેઓ ભક્તો અને પૂ ગુરૂદેવ ના વચ્ચે સેતુ હતાં. તેમનો હસમુખો ચહેરો, માયાળુ સ્વભાવ, કોઈને પણ મદદરૂપ થવાની ભાવના, સુંદર કાર્ય આયોજન પદ્ધતિ અમને હંમેશા યાદ રહેશે જીવનના છેલ્લા સમય સુધી તેઓ પૂજ્યશ્રીનો ભક્ત સમુદાય કઈ રીતે આધ્યાત્મિક ઉત્કર્ષ કરે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા. આ માટે તેઓએ ''સર્વાંગી વિકાસ ફોર્મ'' બનાવ્યું.

આપણે સર્વાંગી વિકાસ ફોર્મમાં બતાવેલ માર્ગદર્શક-તત્વોને પરમ પૂજ્ય સદગુરૂદેવના- માતાજીના આશીર્વાદથી જીવનમાં અપનાવી શકીએ. તે પર ચાલી તેનું પાલન કરી શકીએ એવી પરમાત્મા આપણને શક્તિ આપે એ પ્રાર્થના. પૂ. બહેનજી શ્રીજીચરણ પામ્યા હોવા છત્તા પણ અમારા હૃદયમાં હયાત રહેશે

## ૬૩. પ્રતીક્ષાબેન જશવંતકુમાર શુક્લ

**અમદાવાદ, મોબાઈલ : ૯૯૦ ૯૯૭ ૦૪૧૫**

પૂજ્ય બહેનજીને અશ્રુભરી શ્રદ્ધાંજલિ.

૫. પૂ. ગુરૂદેવના સેવાયજ્ઞમાં પ્રથમ સેવક, દ્રઢ મનોબળ

ધરાવનાર, ધર્મ અને આધ્યાત્મિકતા વચ્ચેનો ભેદ સમજાવનાર, પ્રેમાળ વ્યક્તિત્વ એટલે પૂજ્ય બહેનજી.

ભલે આપણી વચ્ચે તેઓ સદેહે નથી પણ કુટીરમાં એમના બેઠક સ્થાન પર નજર કરીએ તો સૌને આવકારો આપતા દેખાય. દરેકના ખબર અંતર પૂછતા દેખાય. આધ્યાત્મિક ચર્ચા કરતા દેખાય. કુટીરમાં વાંચન ચાલતું હોય તો ક્યાંક શબ્દમાં, વાક્યમાં, અર્થઘટન ખોટું થતું હોય ત્યારે તરત જ ધ્યાન દોરે. ક્યારેક હસી મજાક પણ કરી લે. તેઓનું વ્યક્તિત્વ શ્રીફળ જેવું હતું. ઉપરથી કડક અને અંદરથી નરમ, સ્પષ્ટવક્તા ક્યાં ખોટા સંદેશ જતા હોય તો ત્યાં ભૂલ સુધારે સમજાવટથી કામ લે.

ખાસ તો કુટીરમાં કોઈપણ પ્રકારના કાર્યક્રમ યોજવાના હોય તો ત્યાં તેમનું આયોજન, સમય આયોજન, કાર્યક્રમના સંદર્ભમાં તેમનું કન્ટેન્ટ કાબિલે દાદ હોય. બધા જ કાર્યક્રમ પૂજ્ય ગુરૂદેવને સમક્ષ રાખીને યોજતા હોય, પરંતુ કાર્યક્રમની તમામ તૈયારી પર એમની નજર હોય. જ્યાં માર્ગદર્શનની જરૂર હોય ત્યાં યોગ્ય રીતે સમજાવે. કોઈક બાબત જો રદ કરવાની હોય તો તરત જ નિર્ણય લઈ લે. એમનો સમજાવટભર્યો નિર્ણય દરેક વ્યક્તિ સ્વીકારે.

પૂજ્ય બહેનજી પાસે દરેક મૂંઝવણનો ઉકેલ હોય. કોઈપણ પ્રશ્ન પછી તે સામાજિક હોય, કૌટુંબિક હોય, શારીરિક હોય કે આધ્યાત્મિક હોય અને મૂંઝવણ કહેનાર વ્યક્તિને યોગ્ય માર્ગદર્શન મળે. જે એમના વ્યક્તિત્વનું ઉમદા પાસુ હતું. સમય પાલનના ચુસ્ત આગ્રહી. તબિયત સારી ના હોય તો તેઓ ક્યારેય સામી વ્યક્તિને કળવા ન દે. આ તેઓનું મક્કમ મનોબળ.

આવા પૂજ્ય બહેનજીની ખોટ અમ સર્વે ભક્તોને ખૂબ લાગશે. પણ એમના વ્યક્તિત્વના ગુણોમાંથી આપણે એકાદ ગુણ આપણા જીવનમાં ઉતારીશું તો જ તેમને સાચી શ્રદ્ધાંજલિ દીધી કહેવાશે.

## ૬૪. બીના હરેન્દ્રભાઈ શાસ્ત્રી

**અમદાવાદ, મોબાઈલ : ૯૪૨૮૧ ૦૧૪૫૦**

**“નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.**
**હરપલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.**
**ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.**
**યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.**
**હજુ જરૂર હતી તમારી અમ ભક્તોને**
**ત્યાં કુદરત લઈ ગયો આપને તાણી.”**

પરમ પૂજ્ય બહેનજીના મુખ ઉપર એક અલૌકિક, દિવ્ય ઓરાના દર્શન થતા હતા તેઓ નિઃસ્વાર્થ, સેવાભાવી હતા. એવો ભક્તો માટે પ્રેરણારૂપ હતા.

તેઓ આત્મવિશ્વાસ, હિંમત અને શક્તિથી ભરેલા હતા. તેમને ક્યારેય ભૂલી નહીં શકાય. તેમનું મજબૂત મનોબળ અને સૌમ્ય વ્યક્તિત્વ સદાય યાદ રહેશે. પ. પૂ. બહેનજીનું જીવન એક તપસ્વી જેવું હતું.

અંતમાં એટલું જ કે,

**“ઉજાલે અપની યાદો કે, હમારે સાથ હિ રહેને દો.**
**ન જાને કિસ ગલી મેં, જિંદગી કી શામ હો જાયે,”**

## ૬૫. રૂપલ હરેન્દ્રભાઇ શાસ્ત્રી

**અમદાવાદ, મોબાઈલઃ ૯૩૭૬૮ ૫૬૦૬૮**

વ્હાલા પૂજ્ય બહેનજીને યાદ કરતાની સાથે જ તેમના શુદ્ધ અને સાત્વિક જીવન, મનથી મજબૂત છતાં સ્નેહસભર અજોડ વ્યક્તિત્વના દર્શન થાય છે. પૂજ્ય બહેનજી સેવા અને માનવતાના કાર્યો થકી, ભક્તોના હૃદયમાં સદાકાળ જીવંત છે. કુટીરમાં થતા ઉત્સવોમાં એમનું યોગદાન યાદગાર બની રહેશે.

"જિંદગીનો એ જ સાચે સાચ પડઘો છે 'ગની'

કે હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે."

પૂજ્ય બહેનજીના પ્રેરણાદાયી જીવનને અમારી સો સો સલામ. એમના જવાથી આપણે ખાલીપો અનુભવીએ છીએ અને કદી ના પુરાય એવી ખોટ પડી છે. હજી અંતર ઊંડે ઊંડે એવું ઝંખે છે કે પૂજ્ય બહેનજી ફરી ક્યારે મળે?

## ૬૬. બિરેન શેલત (લાલુભાઈ)

**અમદાવાદ, મોબાઈલઃ** +૯૧ ૯૪૨૭૬ ૩૨૧૬૦

પૂજ્ય ગુરૂદેવ અને પૂજ્ય બહેનજી સાથે 'બંસીધર બંગલે' થી મુલાકાત થઈ અને પૂજ્યશ્રીના સેવા કાર્યમાં જોડાયો. એક સેવકને પૂજ્યશ્રીએ બાળક સ્વરૂપે નિજના ખોળામાં બેસાડ્યો અને બહેનજીએ સજાવ્યો, શણગાર્યો.

પૂજ્ય ગુરૂદેવ, પૂજ્ય બહેનજી અને પૂજ્ય કુસુમબાએ મારામા સ્નેહનું સિંચન એટલું શ્રેષ્ઠ કર્યું કે મેં જીવનમાં આજીવિકાનું સાધન શોધવાને બદલે આખી જિંદગી પૂજ્ય ગુરૂદેવ, પૂજ્ય બહેનજી અને પૂજ્ય કુસુમબાના જ સેવક બની રહેવાનો સંકલ્પ કર્યો. આ ત્રણેયની કૃપા અને સીધા યોગદાનથી આજે મારું સાંસારિક જીવન અને દાંપત્ય પ્રસન્નતાથી ભર્યું ભર્યું છે.

એક સેવક તરીકે મારી નિષ્ઠા, પ્રમાણિકતા અને સેવાભાવનું પૂજ્યશ્રી અને પૂજ્ય બહેનજી સન્માન કરતા ગયા અને મને સેવાના અનેક પ્રકલ્પોમાં સહયોગી બનાવતા ગયા. ઉત્સવો અને પરિસ્થિતિઓમાં મને ઘડતા ગયા. પૂજ્યશ્રીના આધ્યાત્મિક કાર્યોમાં મારી જવાબદારીઓ વધારતા ગયા અને મને દીકરા સમુ વહાલ કરતા ગયા. હવે મારા જીવનનું એક જ સંકલ્પ સૂત્ર છે,

**"મારા ગુરૂદેવની સેવા, એ જ મારું જીવન."**

પૂજ્ય બહેનજીએ મને ખૂબ ખૂબ શીખવ્યું. વિશ્વસનિયતા, મૌન, કાર્ય પ્રતિ પ્રમાણિક દ્રષ્ટિ અને પરિશ્રમ.

પૂજ્ય બહેનજી દરેક મહિને કેટલાક પરિવારને અનાજ આપતા અને દર શનિવારે પરિશ્રમી મજદૂરોને ખીચડી જમાડતા. આ સેવા કાર્યમાં અમને પુણ્યના ભાગીદાર બનાવતા.

આ એમની સૌથી મોટી કૃપા હતી.

આજે પૂજ્યશ્રીના સેવાધામ 'નિલોષા' અને 'શ્રદ્ધા'ના તમામ સેવાકાર્યમાં હું અનેરા ઉત્સાહ અને આનંદની અનુભૂતિ કરું છું.

મેં પરમાત્માને જોયો નથી, પણ પૂજ્ય ગુરૂદેવના વચન, સ્પર્શ અને કૃપામાં પરમાત્માની અનુભૂતિ અનેકવાર કરી છે. પૂજ્ય બહેનજી અને પૂજ્ય ઉષાબેનનું મને પરમાત્મા સ્વરૂપ પૂજ્ય ગુરૂદેવની નજીક રાખવામાં ખૂબ મોટું યોગદાન છે.

પૂજ્ય બહેનજી તો મારી પાલક માતા હતા એમને હું શું શ્રદ્ધાંજલિ અર્પુ?

"મેરી મા કે અલાવા ભી, મેરી મા થી બહેનજી."

એમની ગેરહાજરી સહન કરવાની મને પૂજ્ય ગુરૂદેવ શક્તિ આપે અને જન્મોજનમ પૂજ્ય બહેનજી મારી પાલક 'મા' બની રહે એવી મા ગાયત્રીને પ્રાર્થના.

**"સેવકનું આન, બાન, અને શાનથી કરે સન્માન,**
**એવા મારા ગુરૂદેવ, બહેનજી અને જીયા છે ભગવાન."**

## ૬૭. ભગુભાઈ પટેલ

અમદાવાદ, +૯૧ ૯૯૨૫૦ ૦૨૭૯૭

સંબંધ એક એવું વૃક્ષ છે જે..
લાગણી દ્વારા ઝૂકી જાય છે,
સ્નેહ દ્વારા ઉગી જાય છે અને
શબ્દો દ્વારા તૂટી જાય છે.

વસમી વિદાય, એપ્રિલ ૨૪ ના રોજ ભક્તોને શોકમગ્ન કરી ગઈ. અચાનક, અણધાર્યું, કલ્પનામાં ન આવે એવું શું બની ગયું?

હતો જમણો હાથ, પૂજ્યશ્રી રાજનો બહેનજી.
આંગળીઓ પકડી એમની, અમે દોડતા રહ્યા
છૂટી ગયો હાથ અને છૂટી ગઈ આંગળીઓ
કૈલાસવાસી થયા બહેનજી ને..
અમે જોતા રહી ગયા.

પૂજ્ય બહેનજી વગર એક સુનાપનનો અહેસાસ થાય. મંદિરમાં શંખનાદ કે ઘંટનાદ ના હોય તો જેવો ખાલીપો પ્રભુને લાગે એવી એકલતાનો અનુભવ પૂજ્યશ્રી સદગુરૂદેવને થતો હશે અને અમને સહુને થાય છે, અને થતો રહેશે. એમની કૃપાથી જ તે કયા જન્મનું સગપણ હશે કે બહેનજી સહુને આટલો પ્રેમ, સ્નેહ કરી ગયા.

પૂજ્ય બહેનજી સેવાભાવી, સરળ, સ્નેહસભર, આધ્યાત્મિક, નિષ્ઠાવાન અને પ્રેમાળ હતા. ભક્તોને તેઓ જ્ઞાન, સેવાનો મર્મ, વિધિ આપતા ગયા સમર્પણ, શિસ્તની સમજણ આપી. પૂજ્ય ગુરૂદેવના સેવાકાર્યના તેઓ આધારસ્તંભ હતા. બહેનજીની સેવા દાદ માગી લે તેવી છે, તેનું શબ્દોમાં વર્ણન અશક્ય છે.

અંતમાં, પરમાત્મા પૂ. બહેનજીના આત્માને પોતાનામાં સમાવી લે એ જ પ્રાર્થના.

## ૬૮. જીતેન્દ્ર પી. પરીખ

**વલ્લભ વિદ્યાનગર, આણંદ, મોબાઈલ :- ૭૨૨૬૦ ૩૪૩૮૭**

તા.૨૪/૪/૨૪ની સવારે વૉસઍપ પર પૂ.બહેનજીના અક્ષર નિવાસી થયાના સમાચાર વાંચીને હૃદયમાં ધ્રાસકો પડ્યો. જેની કળ હજી સુધી વળી નથી અને યાદ કરતાં જ હૈયું ભરાઈ આવે છે, આંખમાં ભિનાશ તરવરી ઉઠે છે.

સ્વ. પૂ. બહેનજી પૂ. ગુરૂદેવના સેવાયજ્ઞના આધારસ્તંભ, સફળ આયોજક અને કુશળ વહીવટકર્તા અને પૂ. શ્રીના સેવાયજ્ઞને પૂર્ણ સમર્પિત હતાં.આધ્યાત્મિક કેડીના પ્રકાશક, સંપાદક અને તંત્રી હતાં. 'રાજગીતા'ના રચયિતા હતાં. અંગત રીતે રાજસાહિત્યનાં લેખનકાર્યમાં પૂ. બહેનજીના આશીર્વાદ અને પ્રોત્સાહન મારા માટે અમૂલ્ય હતા. માતાજીને પ્રાર્થના કે તેઓ પૂ. બહેનજીને તેમના શરણમાં રાખે અને શાશ્વત શાંતિ આપે.

## ૬૯. કુમારી પૂર્ણિમા ભગતજી

**સુરત, મોબાઈલ :- ૯૮૨૫૭ ૨૬૪૨૬**

એક કાવ્ય દિવંગત આત્માને સમર્પિત કરું છું:

સેવાનું સગપણ તોડી
ચૈતન્યનો ચૈતર
અંધારું ઓઢી
અગોચરમાં સમાઈ ગયો.
પળ ભરમાં
સાંપ્રત અતિત બની.
અનંત, અવિનાશી
આકાશને ઓઢી
અગમ્યમાં ગમન કરી ગયો.

અમારી હૃદયાંજલિ

પૂજ્ય બહેનજી - કૈલાસબેન નટવરલાલ પરીખનું - સમસ્ત જીવન

અંતિમ શ્વાસ સુધી સેવા, કલ્યાણમયતાને વરેલું હતું. એક સંસ્કૃત ઉક્તિ શ્રદ્ધાંજલિ રૂપે અર્પણ કરૂ છું.

**"શિવાસ્તે પન્થાનઃ સન્તુ"**

**આપનો માર્ગ કલ્યાણોજ્જવલ હજો.**

તેમના જીવનનું પરમ સૌભાગ્ય કહો કે સિધ્ધિ – તેઓ જીવનભર પરમ શક્તિના પ્રત્યક્ષ કાર્યોમાં સહભાગી અને સાક્ષી રહ્યા. તેઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ચીફ મેટ્રન હતા. પૂજ્ય ગુરૂદેવ શ્રી રાજયોગી નરેન્દ્રજીના સેવા કાર્ય અર્થે તેમણે રાજીનામું આપી સમગ્ર સમય સેવામાં સમર્પિત કર્યો હતો. તેમની સેવા અને સમર્પણ પ્રેરક છે. તેમણે શ્રી રાજયોગીના કાર્યકાળ દરમ્યાન 'આધ્યાત્મિક કેડી' ત્રિમાસિક અંકનું સુપેરે સંપાદન કર્યુ હતું. તેમની ખોટ જીવનભર રહેશે. તેમને પ્રણામ કરી સ્મરણાંજલિ આપી વિરમુ છું.

## ૭૦. સતીષ વર્મા

**સૂરત, મોબાઈલ : ૯૩૭૪૭ ૪૭૪૯૩**

પૂજ્ય બહેનજી સાચા અર્થમાં આપણા સહુના હૃદયમાં વસેલા હતા. તેમના જવાથી આપણે થોડાક રાંક બનીએ છીએ.

તેઓના દિવ્ય આત્માને શાંતિ મળે અને મા પરમશક્તિ તેમના શરણમાં લે- તેવી મા ભગવતીને સહૃદયે પ્રાર્થના જય મા પરમશક્તિ

## ૭૧. સ્મિતા ઉપાધ્યાય

**પેટલાદ, મોબાઈલ : ૯૨૨૭૮૭ ૯૮૦૦**

**સૌને વ્હાલથી કરે ન્યાલ**

**એ જ બહેનજીની કમાલ**

મારે પ્રત્યક્ષ પરિચય ઓછો પણ જ્યારે પણ પેટલાદથી ફોન કરું એટલે પહેલો શબ્દ હોય, "બોલ બેટા, સ્મિતા."

આજ શબ્દોથી હું આનંદિત થઈ જતી અને કહેવાનું બધું ભૂલી જતી. એમના સ્નેહાળ શબ્દો, સદાય સ્મરણમાં રમ્યા કરે છે. પ્રભુ એમના જેવું જીવન જીવવાની શક્તિ આપે.

## ૭૨. જયાબેન ઉપાધ્યાય

**અમદાવાદ**

સંસ્કાર, સંસ્કૃતિ, સભ્યતા અને સેવા બહેનજીના આ સદગુણો શીખવા જેવા એક આદર્શ સેવકનું સમર્પિત જીવન જીવી ગયા અને પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીની આધ્યાત્મિક યાત્રા દિપાવી ગયા.

હું આયુમાં નાની, તો ય "જયાબા" કહીને બોલાવે કૈલાસ માનસરોવરની યાત્રાથી ધનિષ્ઠ પરિચય થયો. ખૂબ શીખવા મળ્યું.

વિચારોમાં સ્પષ્ટતા અને વર્તનમાં ન્યાયપ્રિયતા. કર્મમાં પ્રમાણિકતા અને વ્યવહારમાં સરળતા.

કેટલાય સેવા કાર્યો અને સત્કાર્યો બોલ્યા વગર કરતા રહ્યા અને જીવન મહેકાવતા રહ્યા.

પૂજ્ય બહેનજી અમારા સહુના 'આદર્શ' બની રહ્યા. એમના ચરણોમાં પ્રણામ.

## ૭૩. ડૉ. અર્ચના બુચ અને સરોજ મંકોડી

**પૂના અને મુંબઈ**

પૂજ્ય બહેનજી સાથેનો અમારો સંબંધ ૧૯૭૭ ની સાલમાં પૂજ્ય શાસ્ત્રીજીના માતાજીના પ્રથમ સાક્ષાત્કાર થયાની જગ્યાના દર્શન કરવા સિવિલ હોસ્પિટલમાં મેટ્રન ક્વાર્ટર્સમાં ગયા ત્યારે ખુબ ઉમળકાભેરના સ્વાગતથી શરુ થયો. ત્યારબાદ પૂજ્ય ગુરૂદેવની મુલાકાત મુંબઈ, અમદાવાદ અને પૂનામાં થતી ત્યારે સૌ પ્રથમ બહેનજીના આશીર્વાદ લઈને જ પૂજ્ય ગુરૂદેવને મળવાનું થતું. આમ અમારી આધ્યાત્મિકયાત્રાના પ્રથમ

સોપાન બહેનજી જ હતાં.

પોતે એક ચીફ મેટ્રન એટલે તબીબી ક્ષેત્ર માટે ગર્વ સ્વાભાવિક. "આ ડોક્ટર છે" અને દિકરી પણ ડોક્ટર છે એમ સહુને ગર્વથી કહેતા એ શબ્દો હજી પણ કાનમાં ગૂંજે છે. વર્ષો બાદ મળવા છતાં બધા જ કુટુંબીજનોની ખબર એક નિકટના સંબંધીની જેમ પૂછતા.

મિતભાષી પૂજ્યશ્રી ગુરૂદેવની વાચા બહેનજીના મુખેથી આપણે સર્વે અનુભવતા. પૂજ્યશ્રી રાજયોગી નરેન્દ્રજીના નવ સિદ્ધાંતો, વિશ્વસંદેશ, રાજગીતા, રાજમાર્ગ, માસ્ટર કી, ઉપાસના અને સત્સંગનું મહત્ત્વ, આધ્યાત્મિક યાત્રા વગેરે સૌ ભકતો સુધી સહેલાઈથી પહોંચાડવાનો શ્રેય બહેનજીને જાય છે.

તેથી જ આપણે આપણી આધ્યાત્મિક યાત્રામાં બહેનજીના સેવાકાર્ય અને અથાગ પરિશ્રમનો યોગ્ય ઉપયોગ કરી આપણા જીવનમાં નૈતિકતા, સત્યતા, મૂલ્યનિષ્ઠાને વણી લઈને સહજ રાજમાર્ગ પર પ્રસ્થાન કરી પરમમય બનવાનો - "શિવ મિલન" કરવાનો પ્રયત્ન કરતા રહીએ એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ છે.

## ૭૪. કલાબેન નટુભાઈ ઠકરાર પરિવાર

**લેસ્ટર, મોબાઈલઃ ૭૪૮૪૬ ૬૮૨૭૪**

લેસ્ટર થી કલાબેનના દંડવત પ્રણામ સ્વીકારજો. કૈલાસ બેનના વિદાયથી મને અને મારા પરિવારને ખૂબ જ દુઃખ થયું. ૧૯૮૩ થી તેંતાલીસ વર્ષથી અમે તેમના સંપર્કમાં હતા.

તેમનો શાંત સ્વભાવ, હંમેશા હસતો ચહેરો, મળે ત્યારે હંમેશા મારા પરિવારના- દરેક બાળકોના ખબર અંતર પૂછતા.

એમની પાસે જ્ઞાનનો ભંડાર હતો. તેમના માતા પિતાને પ્રણામ, વંદન અને બહેનજીના દિવ્ય આત્માને પ્રણામ. આપણા રાજયોગી ભગવાનની કૃપાથી આપણને કૈલાસ બહેન મળ્યા હતા. મારા પતિ

નટુભાઈ ઠકરારના દેહાંત પછી અંતઃકરણથી તેઓ મને આશ્વાસન આપતા અને કહેતા કે, બાળકોનું ધ્યાન રાખજો.

મારી અને મારા ફેમિલીની કાંઈ ભૂલ થઈ હોય અને કાંઈ પણ દુઃખ થયું હોય, તો માફ કરજો. રાજયોગી ભગવાનની સાક્ષીએ ગાયત્રી માની સાક્ષીએ મારી અને મારા પરિવારની અંતરની પ્રાર્થના કૈલાસબહેનનો આત્મા જ્યાં હોય, ત્યાં સુખ શાંતિ અને મોક્ષને પામે.

જગતનું કલ્યાણ થાય- હે રાજયોગી ભગવાન આવી કૃપા કરશો.

કલાબેન નટુભાઈ ઠકરાર અને પરિવારના વંદન, દંડવત પ્રણામ અને મા પરમ પૂજ્ય ગુરૂદેવ તમારા આશરે રહું છું. મને ભવોભવ તમારો સાથ જોઈએ છે.

## ૭૫. પ્રીતિ પરીખ

**બાફોઈની ભત્રીજી, યુ.એસ.એ.**

અમ જીવનનું પ્રેમ તણું ઝરણું. અમ જીવનની આધ્યાત્મિક કેડી.
અમ જીવનની સફળતાની ચાવી.
અમ પરિવારનો આધાર સ્તંભ.
મારા બાફોઈ
જીવંત મમ હૃદય મહી
પ્રેરણા બની, હર પળ મમ સાથ રહી
કૃપા તણી અનુભૂતિ હર પળ મળી.
વંદુ હું સહ પરિવાર સહિત
મારા બાફોઈ
જીવંત મમ હૃદય મહી

## ૭૬. ભારતીબેન નિમેષ દેસાઈ

વાપી, મોબાઈલઃ ૯૬૩૮૧ ૩૨૦૯૯

હે અમારા લાડકા બહેનજી,
વિદાય તમારી અણધારી હશે,
ક્યાં ખબર હતી?
સર્વત્ર સુવાસ ફેલાવી,
સંભારણા સૌના દિલમાં રાખી ગયા.
આપની હયાતિ અમારી પ્રેરણા હતી.
આપના આદર્શ, અમારૂ માર્ગદર્શન હતું.
આપનું સાદગીભર્યું જીવન,
ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ
અમે જીવનભર ભૂલશું નહીં.
તમે અમારાથી દૂર ગયા,
પણ તમે હંમેશા હૃદયમાં રહેશો.
તમારો પ્રેમ મહાન હતો.
રડી પડે છે આંખો અમારી,
કે દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી.
યાદ આવશે તમારો હસમુખો ચહેરો
માયાળુ ને ઉદાર સ્વભાવ.
સજ્જનતા તમારી સુવાસ હતી.
પ્રસન્નતા તમારું જીવન હતું.
સત્કર્મ તમારી શોભા હતી
અને પરોપકાર તમારો કર્તવ્ય હતું.
ધર્મ કદી ભૂલ્યા નહીં,

વ્યવહારથી કદી ચૂક્યા નહીં.
જીવનમાં હર પળ હસતા રહ્યા,
સ્નેહથી સૌના હૈયે વરસતા રહ્યા.
સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી,
પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા
મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઊર્મિ,
હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા. બહેનજી,
આપના દિવ્ય આત્માને પ્રભુ
શાંતિ અને સદ્‌ગતિ અર્પે.
એ જ પ્રાર્થના.

## ૭૭. જયશ્રી કાકુભાઇ ભોજાણી

**વિલે પારલે, મુંબઈ, મોબાઈલઃ ૯૮૧૯૦ ૩૯૯૮૯**

પૂજ્યશ્રી બહેનજી, આપણી વચ્ચે નથી એ સત્ય સ્વીકારવા મન તૈયાર નથી. બહેનજી ૐ માં ૐ પરિવારની બુનિયાદ હતા. ૐમાંૐ પરિવારના સભ્યોને જોડનારી કડી હતા. માળાના મણકાને જેમ દોરામાં પરોવી રાખ્યા હોય તેમ આપણા પરિવારને આત્મીયતાથી સમેટી રાખેલા. જાણે દોરો તૂટતાં મણકા વિખરાઈ ગયા હોય એવુ લાગે, જાણે કે મા વિના પરિવાર અનાથ ન થઇ ગયો હોય !!

પૂજ્યશ્રી ગુરૂદેવના સેવા કાર્યમાં માતાજીના પ્રતિબિંબ રૂપે હંમેશા સહભાગી રહ્યા. પોતાનું સંપૂર્ણ જીવન સેવાકાર્ય માટે સમર્પિત કરી બધાના હૃદયમાં વસી ગયા. એમનો ખાલીપો કોઈ ભરી શકે નહિ. પૂજ્ય બહેનજીની શ્રદ્ધાંજલિ માટે શબ્દો ખૂટે છે.

કૈલાશ વાસી પૂજ્ય બહેનજીને મારાં શત શત પ્રણામ અને ભાવભીની શ્રદ્ધાંજલિ.

## ૭૮. અશોક એચ. સુખવાણી

**ગાંધીનગર, મોબાઈલઃ ૯૪૨૯૩ ૫૬૨૭૫**

તારીખ ૨૪-૪-૨૦૨૪ બુધવારનું પ્રભાત હૃદયવિદારક પળ લઈને ઉગ્યું. પ્રાતઃ સ્મરણીય પૂ. બહેનજીના વૈકુંઠધામના સમાચાર મળતા હૃદય ધબકાર ચૂક્યું અને અસ્તિત્વ શૂન્યમનસ્ક થયું.

સેવામૂર્તિ, ત્યાગમૂર્તિ, તપોમૂર્તિ પૂજ્ય બહેનજી પરમ પૂજ્ય સદગુરૂદેવશ્રી અને સેવાયજ્ઞને પૂર્ણ રીતે સમર્પિત રહ્યા. દેશ વિદેશના પ્રત્યેક સેવા યોજના સૂત્રધાર રહ્યા. અધ્યાત્મક ક્ષેત્રે પ્રવેશનાર ઉપાસક માટે દીવાદાંડી સમાન આધ્યાત્મિક કેડી' પ્રકાશનના પણ સૂત્રધાર રહ્યા. તબીબી સેવા સાથે પણ અધ્યાત્મ સેવા પ્રવૃત્તિ અખંડ રહી.

પરમ પૂજ્ય સદગુરૂદેવ અનુસાર પૂજ્યશ્રીનો જમણો હાથ, શ્રદ્ધાનો શ્વાસ અને આપણા સહુના હૃદયમાં સદાય વંદ્ય સ્થાન ધરાવતા રહ્યા- રહેશે. ઉપાસકના- માનવના આંતરિક ઉત્થાન માટે સદાયે ચિંતનશીલ, પ્રયત્નશીલ રહ્યાં પૂજ્ય બહેનજી અખંડ એવા ભેખધારી રહ્યા તેમ સમજવું યથાર્થ જણાય છે.

શિસ્તના આગ્રહી અને સાથે જ ઋજુતા ભારોભાર અનુભવી છે.

પૂજ્ય બહેનજી આત્મીયતાનો પણ અખૂટ ભંડાર રહ્યા. ''રાજગીતા'' તે પૂજ્ય બહેનજીની સમાજ માટે એક અણમોલ આધ્યાત્મિક ભેટ છે. રાજગીતાના વચનનો અમલ સાચા માનવ, મહામાનવ બનાવવા સમર્થ છે તેમ સમજી શકાય છે.

આપણે સહુ પ.પૂ. સદગુરૂદેવના અઢાર તત્વ આધારિત રાજગીતાના મર્મને સમજણપૂર્વક અમલમાં મૂકવા પ્રમાણિકપણે પ્રયત્નશીલ રહીએ અને આત્મઉત્થાન કરીએ તે પ્રાતઃસ્મરણીય પૂજ્ય બહેનજીને યોગ્ય શ્રદ્ધાંજલિ બની રહેશે, તેમ નમ્ર મંતવ્ય છે.

પૂજ્ય બહેનજીના વૈકુંઠવાસથી હૃદયમાં, એક ભાગ ખાલી થયો છે. પૂરાશે? ખબર નથી. પરમ પૂજ્ય સદગુરૂદેવ, માતાજી, વૈકુંઠ નિવાસી પૂજ્ય બહેનજીના શ્રીચરણોમાં પૂનઃ પુનઃ હૃદયવંદના સહ

## ૭૯. નીતાબેન વડેરા

**લંડન યુ.કે., મોબાઈલ :** +૪૪ ૭૮૨૫ ૬૯૮૩૮૭

પૂજ્ય બહેનજીના વ્યક્તિત્વને તો શબ્દોથી વર્ણવી શકાય તેમ નથી જ. જેમણે આખું જીવન, સેવાકાર્યથી મહેંકાવ્યુ તેમના માટે શુ લખું?

આખા યુ.કે. ના પ્રવાસના મુલાકાતે હું તો બહેનજી પાસેથી સેવાની જ્યોત પ્રગટાવતા શીખી. ઘણી બધી શિખામણો પૂજ્ય બહેનજીની સેવા કાર્ય દરમિયાન શીખવા મળી.

હજુ જરૂર હતી બહેનજીની અમને, ત્યાં કુદરત લઈ ગયો તાણી,
હે કુદરત! એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી.
તમારા માટે એ આત્મા હશે પણ એ જિંદગી હતી અમારી,
હે પ. પૂ સદગુરૂદેવ
આપ એમના દિવ્ય આત્માને શાંતિ આપજો
આ પ્રાર્થના છે અમારી.

પૂ. બહેનજી અમારા પરિવાર સમ હતાં. જ્યારે પણ પ્રસંગોપાત અમદાવાદ આવવાનું હોય ત્યારે પ્રેમથી તેઓ કહેતાં, ‘‘આવી જા.’’

દિલ હજુ માનતું નથી કે તેઓ, અમારી વચ્ચે નથી.

She was the pillar of our ‘Om Maa Om’ parivar. She was spreading Pujya Gurudev’s thoughts at everywhere, during Karya Yagna. When she was in Leicester, all the time she was writing and sending messages to Pujya Gurudev’s Followers.

બહેનજી તો ૐ મા ૐ પરિવારના આંખોના તારા હતા. અમારા ખુશીની દુનિયા હતા. ૐ મા ૐ પરિવાર બેસહારા થઈ ગયો.

## ૮૦ કોકીલા જ્યોતિષ વોરા

ગાંધીનગર.

### મમતાની મૂર્તિ મારી ચાલી ગઈ ગોલોકમાં...

બહેનજી તો અમારા માટે મમતાની મૂર્તિ જ હતા. તેઓએ કોરોના કાળ દરમિયાન અમારા પરિવારને ખૂબ ખૂબ મદદ કરી હતી. તેમ જ મારા પતિના અવસાન બાદ હૂંફ, હિંમત અને મદદ આપી છે. તે અવર્ણનીય અને ક્યારેય ભુલાય તેમ નથી.

તેઓનો મને અને મારા પરિવારને ઘણો જ અંગત સહારો હતો. અમે તેમને ક્યારેય ભૂલી નહિ શકીએ.

પૂ. બહેનજી એટલે સુંદર આયોજક, શિસ્ત, લાગણી અને સહાનુભૂતિમાં માનનારા, અમારી પાસે તેમનો બીજો કોઈ પર્યાય જ નથી.

## ૮૧. ડૉ. યોગેન્દ્ર એસ. મોદી

**ડીન, જી.સી.એસ. મેડિકલ કોલેજ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ, મોબાઈલ :- ૯૮૨૪૦ ૨૧૪૪૪**

પરમપૂજ્ય આદરણીય સ્વ. શ્રી કૈલાસબેન નટવરલાલ પરીખ (પૂજ્ય બહેનજી) ના અક્ષરનિવાસના સમાચાર સાંભળીને ખૂબજ શોક તેમજ આઘાતની લાગણી અનુભવું છું. હું આજે પણ એમના દિવ્ય આત્માની અનુભૂતિ કરી શકું હું કારણકે તેઓ હંમેશાં હૃદયસ્પર્શી તેમજ સંવેદનશીલ શબ્દોથી જીવનમાં શાંતિની પ્રેરણા આપતા હતા અને તેના માટે તેઓ ગાયત્રી ઉપાસક પૂજ્યશ્રી નરેન્દ્રભાઈ દવે ગુરૂજીની સાથે સતત પ્રયત્નશીલ રહી સમગ્ર વિશ્વની શાંતિ અને હરહંમેશા સમાજના હિત માટેનો જીવન સંદેશ પહોંચાડયો છે. તેમની સાથેની વાતચીતમાં હંમેશા સમાજમાં રહીને લોકો કેવી રીતે માનસિક રીતે સ્વસ્થ રહીને આધ્યાત્મિક જીવન જીવી શકે એનો સાર નીકળતો. તેઓ માનવતાના પુજારી હતા લોકોની સેવા નિઃસ્વાર્થ ભાવથી કેવી રીતે કરી શકાય તેનું તેઓ શ્રેષ્ઠ ઉદાહરણ હતા.

માનવસેવા એજ પ્રભુસેવા એ તેમનો જીવનમંત્ર હતો. ધાર્મિક અને સામાજિક રીતે તેમણે હંમેશાં લાખો લોકોની સેવા કરી છે.

પૂજ્ય બહેનજી ખૂબજ સરળ સ્વભાવના, મિતભાષી અને વાત્સલ્યસભર હતા. એમણે માનવજાત માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી અગણિત આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરી છે તથા સમાજને શાંતિ અને પરમાત્માનો માર્ગ ચીંધ્યો.

એમણે પ્રગટાવેલ દીપજ્યોતિ વિશેષ પ્રબળ બનશે, એ વિશ્વાસ સાથે ભાવપૂર્ણ સાદર શ્રદ્ધાંજલિ પાઠવું છું.

## ૮૨. પ્રફુલ્લા કિશોરભાઈ જોશી

**મુલુન્ડ મુંબઈ, મોબાઈલઃ- ૯૭૬૯૩ ૯૮૮૫૧**

ભલે પૂ. બહેનજી અત્યારે આપણી સમક્ષ નથી પરંતુ પરોક્ષ રીતે આપણી સાથે જ છે. પૂ. બહેનજીનો હસતો ચહેરો, માયાળુ સ્વભાવ ક્યારેય નહીં ભુલાય.

પૂ. બહેનજીનું જીવન અમારી પ્રેરણા હતું, એમના આદર્શો અમારૂં માર્ગદર્શન હતા. તેમના સરળ જીવન, દયાળુ સ્વભાવ, ભાવનાશીલતાને કયારેય નહીં ભૂલાય.

ૐ મા ૐ પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી. માનવસેવા જેમનો મંત્ર હતો. પરિશ્રમ એમનું કર્તવ્ય હતું, પરમાર્થ એમની ભક્તિ હતી. આપણા પરિવાર માટે ફૂલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

એક સેવાભાવી આત્મા સ્વર્ગમા સીધાવી ગયો. હે પરમ કૃપાળુ પરમાત્મા એ દિવ્ય આત્માને પરમ શાંતિ આપજો.

## ૮૩. પ્રકાશ શાહ

**લંડન, મોબાઈલઃ ૦૦૪૪ ૦૭૯ ૫૮૪૭૨૪૪૦**

પૂજ્ય બહેનજીના દુઃખદ અવસાનના સમાચારથી અમે સર્વે (ફેમિલી મેમ્બર) ને ખૂબ જ આઘાત લાગેલ છે.

એક પ્રેમાળ, મમતામયી, લાગણી ભાવથી સભર એક માતૃ વાત્સલ્યને અમોએ ગુમાવેલ છે.

તેઓ સદાય પૂજ્ય ગુરૂદેવ અને ભક્તો વચ્ચે પ્રેમની (સંકટ સમયની) સાંકળ બનીને હર સમય ભક્તોને મદદરૂપ થવા પોતાની જિંદગીનો કીમતી સમય માનવસેવા, પ્રભુ સેવામાં સમર્પિત કરીને ભક્તોને એક દિવ્ય સંદેશ આપેલ છે. પુરુષાર્થને અગ્રતા આપીને જીવનપથ ઉપર ચાલતા રહેવું.

પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે, તેમજ જીવન જીવવા તેમણે ચીંધેલ ઉપર ચાલવાની અમોને શક્તિ આપે સામર્થ્ય આપે તે જ હૃદયની પ્રાર્થના.

## ૮૪. શોભા વર્મા

**સૂરત, મોબાઈલઃ ૯૮૭૯૦ ૩૯૯૫૯**

બહેનજી નામમાં જ બધું આવી જાય છે. આપણો કોઈ પણ મેસેજ એ, આપણા પ્રભુ સુધી પહોંચાડી દેતા. જેવી રીતે શિવજીના મંદિરમાં નંદીના કાનમાં લોકો પોતાની વાત કહે છે. ગણપતિના મંદિરમાં એમના વાહનના કાનમાં વાત કહીને ગણપતિ સુધી પહોંચાડે છે.

શ્રધ્ધા કુટીરમાં બહેનજી વિના કલ્પના પણ નથી કરી શકતા. બહેનજી વિના કંઈક અધૂરું લાગે છે. સાચા અર્થમાં એ એક સેતુ સમાન હતા. સદા અમારા દિલમાં જ રહેશે. એમને મારા લાખ લાખ પ્રણામ. સૂક્ષ્મ રીતે તેઓ હાજર જ છે.

પરમશક્તિ એમની આત્માને અમારા દિલથી પ્રણામ.

## ૮૫ વિ.ડી.શાહ, પ્રતિભા વિ. શાહ

**અમદાવાદ, મો. :- ૯૮૯ ૮૯૮૦ ૨૯૨, ૯૮૨૪૬ ૩૫૫૨૯**

**"ના કોઈ ચિઠ્ઠી, ના કોઈ સંદેશ, જહાં તુમ ચલે ગયે."**

આપણા બધાના મા સમાન વ્હાલા, પૂજ્ય બહેનજીની અચાનક વિદાયથી આપણે સહુ ખૂબ જ દુઃખ અનુભવી રહ્યા છીએ. પરંતુ તેમની સેવાની સુવાસ એટલી બધી પ્રસરેલી છે કે તેઓ આપણા બધાના હૃદયમાં હંમેશ માટે જીવંત જ છે. તેઓ કુટીરમાં તેમના આસન પર બેઠા છે તથા પરમ પૂજ્યશ્રી ગુરૂદેવના પ્રત્યેક આદેશનું ચીવટપૂર્વક પાલન કરી રહ્યા છે, તેવું લાગી રહ્યું છે. તેમનું સ્થાન લક્ષ્મણજી જેવું હતું. તેઓશ્રીની શિસ્તબદ્ધતા, કડક અને માયાળુ, કરુણામય સ્વભાવ આપણાથી ભૂલી શકાય તેમ નથી. તેઓ આપણા બધા માટે એક પ્રેરણામૂર્તિ સમાન હતા. તેઓના સેવા, સમર્પણ, શિસ્તપાલન, સહનશીલતા તથા અડગ શ્રદ્ધાના ગુણો આપણને ઘણું બધું શીખવી જાય છે. કોઈપણ સંજોગોમાં હિંમત રાખવાનું તેઓએ આપણને શીખવ્યું છે. તેમણે "રાજગીતા" રચીને આપણને સહુને ગુરૂદેવના ૧૮ તત્વોનું પાલન કરવા પ્રેરણા આપેલ છે. પૂજ્યશ્રી ગુરૂદેવના આદેશ પ્રમાણે, સમય પ્રમાણે કોઈપણ પ્રોગ્રામ પૂરો કરવો તેઓશ્રીની આગવી ખૂબી હતી. તેઓશ્રીનું એડમિનિસ્ટ્રેશન ખૂબ જ સુંદર હતું. તેમના વિશે જેટલું લખાય એટલું ઓછું જ છે. તેમની ખોટ તો આપણને બધાને હંમેશા લાગવાની જ છે. માતાજી તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.

## ૮૬. આરતી હર્ષિત સૂચક

**નાગપુર, મોબાઈલઃ ૮૪૦૮૯ ૧૧૨૩૪**

અચાનક લીધી વિદાય!

મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી.

પળે પળે યાદ આવશે અમને સદાય તમારી ખોટ રહેશે અમને.

નજરોથી ભલે દૂર થયા તમે સદાય અમારા હૃદયમાં વસો છો હવે.

બહેનજી તમારું જીવન અમારી પ્રેરણા છે,

તમારા આદર્શો અમારા માર્ગદર્શક છે.

અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ, સહનશીલતાને જીવનમાં ઉતારવાનો સદાય પ્રયત્ન કરીશું.

## ૮૭. ભાવનાબેન અનલભાઈ

અમદાવાદ, મોબાઈલ : ૬૩૫૫૭ ૧૪૩૬૫

અમારા વહાલા માતૃસ્વરૂપ બહેનજી, બહેનજી માટે ઘણું બધું લખવાનું મન થાય છે, પરંતુ દુવિધા એ છે કે ક્યાંથી શરૂ કરું? આપણા સમગ્ર ૐ મા ૐ પરિવારના પૂજ્ય બહેનજી ''આધાર સ્થંભ'' હતા અને હરઘડી, હરપળ, હરહંમેશા એ જ રહેશે. અત્યારે પૂજ્ય બહેનજી આપણા સૌની સાથે પ્રત્યક્ષ સ્વરૂપે હાજર નથી, પરંતુ પરોક્ષ સ્વરૂપે આપણા સૌ ભક્તગણના હૈયામાં પ્રસ્થાપિત છે અને રહેશે.

''પ્રેમળ જ્યોત તારો દાખવી,

મુજ જીવન પંથ ઉજાળ.''

ભક્ત કવિ નરસિંહ મહેતાની આ ઉક્તિમાં પૂજ્ય બહેનજીનું સમગ્ર જીવન દ્રષ્ટિગોચર થાય છે. બહેનજીએ પૂજ્ય ગુરૂદેવના આપેલા નવે નવ સિદ્ધાંતો આત્મસાત કરેલા હતા. પૂજ્ય બહેનજી ખરા અર્થમાં પરમ પૂજ્ય ગુરૂદેવના ''શિસ્તબદ્ધ સૈનિક'' હતા. પૂજ્ય ગુરૂદેવનો જમણો હાથ હતા.

એકદમ સરળ, સહૃદયતા તથા કરુણા એમનું દિલ. ગજબની એમની સહનશીલતા અને એમની સમયબદ્ધ આયોજન શક્તિ. આવો હતો બહેનજીનો સ્વભાવ. આસો નવરાત્રીમાં પણ એમનું અનોખું અવર્ણનીય સ્વરૂપ નિહાળવા મળતું. બહેનજીએ ''રાજગીતા''ની પણ સુંદર રચના કરી છે. એમાં એમણે 'જીવનની સફળતા' તથા શિવમિલનનો

માર્ગ સૂચવ્યો છે.

આપણા પૂજ્ય ગુરૂદેવના કાર્યયજ્ઞ સાથે જે જે ભક્તો જોડાયેલા છે તે તટસ્થ રીતે આત્મમંથન કરી શકે એ માટે તેમણે ૨૦ મુદ્દાનું ''સર્વાંગી વિકાસ પત્રક'' પણ હમણાં બનાવ્યું.

આપણે આધ્યાત્મિક ક્ષેત્રે સાચા માનવી બનવા માટે હરહંમેશા પ્રયત્નશીલ બની રહીએ એ જ પૂજ્ય બહેનજીને

**સાચી શ્રદ્ધાંજલિ**

પૂજ્ય બહેનજી રચિત આ ભજન કેટલું સુંદર છે, જે આપણને જીવન જીવવાની સરળ રીત શીખવાડી જાય છે.

**રાજ માત નામ માત રટતા જાવ**

**(પૂજ્ય બહેનજી દ્વારા રચિત ભજન)**

**રાજમાત નામ રટતાં જાવ**
**આંતર મનને ધોતાં જાવ**
**ૐ મા ૐ ને રટતાં જાવ**
**પ્રારબ્ધ નિર્માણ કરતાં જાવ**
**રાજમત છે મોટી નિરાંત**

**રાજમાત નામ..**

**જગમાં નહીં કોઈ અન્ય વિસાત**
**શ્રધ્ધા કુટીર છે, શક્તિનું ધામ**
**ભાવિકોનું એ મુક્તિ ધામ**
**નિલોષા છે સેવા ધામ**

**રાજમાત નામ..**

**આશા અપેક્ષાનું વિશ્વાસ ધામ**
**નિલોષા છે સેવા ધામ**
**ત્રિવિધ તાપ નિવારણ ધામ**

**રાજમાત નામ..**

**ૐ મા ૐ, જય ગુરૂદેવ**

## ૮૮. પરમેશ બી. ભટ્ટ

**અમદાવાદ, મોબાઈલ : ૯૮૯૮ ૩૨૭૪૬૫**

પૂજ્ય ગુરૂદેવની સેવાની કાર્ય પ્રણાલિ જીવનમાં ઉતારીને, હસતા રહીને, લોકોની મુશ્કેલી હર કરવાની હિંમત આપીને, પૂ. બહેનજીએ પોતાનું જીવન વ્યતિત કરેલ છે. જે આજના સમયમાં ખૂબ જ જરૂરી છે. ધાર્મિકતા આધ્યાત્મિકતા, બૌદ્ધિકતામાં ખૂબ જ ઉંચા સ્તરે હોવા છતાં વાસ્તવિક જીવનમાં તેઓ સરળ હતા, પ્રેમાળ હતા. પૂજ્ય માતાજી અને પૂજ્ય ગુરૂદેવ અમ ભક્તોને ખૂબ જ હિંમત આપે- આ દુઃખ સહન કરવા માટે, પૂજ્યશ્રી ગુરૂદેવને પ્રાર્થના. તેમના જેવા ગુણો અમારા જીવનમાં ઉતરે, અમારા બાળકોમાં ઉતરે.

## ૮૯. શમિક, ઉર્મિલ વ્યાસ

અમદાવાદ

**પૂ. બહેનજી સમગ્ર ૐ મા ૐ પરિવાર માટે પ્રેરણા હતા, છે અને રહેશે. તેઓ વિશ્વાસ, હિંમત અને શક્તિ ના સ્રોત હતા, તમને ક્યારેય ભૂલી નહિ શકાય.**

## ૯૦. નિરુ વિઠલાણી અને પરિવાર

**લંડન, મોબાઈલઃ ૪૪૭૭૪૮૩૩૨૧૨૦**

પૂજ્ય બહેનજી, ગાયત્રી પરિવારના આધાર સ્થંભ હતાં. તેમણે પોતાનું સંપૂર્ણ જીવન, મા ગાયત્રી અને પૂ ગુરૂદેવને સમર્પિત કરી દીધું હતું. બહેનજી બધાને હસતે મુખે આવકાર આપતાં હતા. તેઓ બધાને સાથ અને સહકાર આપતા. તેમણે વિશ્વનો પ્રવાસ ખેડી માતાજીનો પ્રચાર કર્યો હતો. તેમના જવાથી ગાયત્રી પરિવાર અને તેમના પરિવારને બહુ મોટી ખોટ થઈ છે. જ્યારે જ્યારે બહેનજીને મળીએ ત્યારે હંમેશા હસતા મુખે બોલતા, “God bless you“

બધાને તેઓ હંમેશા કહેતા કે,

''બધું છીનવાઈ જાય તો ચિંતા નહીં, 'શરણાગતિ' રાખવી, જેથી તમને પરમાત્માની જરૂરથી સહાય મળશે. જિંદગીમાં Struggle પણ થાય,

પણ અપનાવશો જો ગુરૂદેવના, 'નવ સિદ્ધાંતો'ને તો થશે બેડો પાર.''

આ મહાન આત્માને, અમે પુરા દિલથી શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

બહેનજી આપ અમને સદાય યાદ આવશો. આપના વચનોને અમે જીવનમાં ઉતારવાની

કોશિશ કરતા રહેશું.

આપ જ્યાં પણ હો, ત્યાં આપને સુખ શાંતિ અને માતાજીના આશીર્વાદ મળતા રહે.

## ૯૧. દીના જગત શેઠ અમદાવાદ,

**મોબાઈલઃ ૯૫૫૮૦ ૭૪૧૪૬**

દિવ્ય આત્માઓની, શ્રદ્ધાંજલિ વિશે લખવું ઘણું અઘરું છે, પણ તે છતાં પ્રયત્ન કરીએ છીએ. બહેનશ્રીની સાથે હું ૪૭ વર્ષોથી જોડાયેલી છું અને તે વખતે હું ૨૦ વર્ષની હતી. ત્યારે મારા ઘડતરમાં તેમનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. સારા ખોટાની પહેચાન, વિજ્ઞાન અને ધર્મ તેમજ આધ્યાત્મિકતાની સારી સમજ તેઓ આપતા, અંધશ્રદ્ધાથી દૂર હતા. તેમનું વ્યક્તિત્વ એટલું ઉચ્ચ હતું કે માનવતાની દ્રષ્ટિએ તેમજ બૌદ્ધિક, વૈચારિક, માનસિક તેમજ અલૌકિક વ્યક્તિત્વનાં મોભી હતા.

તેમના ઉચ્ચ વિચારો અને રાજગીતાને આપોઆપ નમન થઈ જાય. તેઓ દિવ્ય દ્રષ્ટા હતા. આગામી આયોજનના માસ્ટર માઈન્ડ હતા. જન્મથી ઉચ્ચ આત્મા હશે, તો જ માતાજીએ તેમને સેવા કાર્યમાં સામેલ

કર્યા. ગુરૂદેવ અને માતાજીના સાથ સહકારથી તેમની અંદર છુપેલી ખૂબીઓ જેમ કલી ફૂલ બનીને ખીલે તેમ સુવાસ અને મહેક તેઓ મુકતા ગયા. તેમની દરેક પ્રવૃત્તિમાં તેની મહેક જોવા મળે છે.

તેમને ફોન અને કોમ્પ્યુટરમાં શીખવાનું ગમતું, પણ તેઓ કહેતા, ‘‘બીજા જન્મમાં અમે હવે શીખીને આવીશું.’’ ગુરૂદેવ અને માતાજીના સેવાકાર્યને તેમણે આગવી સૂઝબૂઝથી ખૂબ જ સુંદર સજાવી ને યોગ્ય દિશામાં ખૂબ જ આગળ લઈ જઈ શક્યા છે. ગુરૂદેવે જ્યાં જ્યાં સેવાકાર્યો કર્યા ત્યાં ત્યાં તેમની સુંદર છાપ મુકતા ગયા છે.

તેમને વારંવાર નમન કરીએ તે ઓછા છે. તેઓ સદા આપણી વચ્ચે રહેલા છે અને તેઓ ક્યારેય ભુલાય તેમ નથી.

હજુ પણ કુટીરમાં તેમના સ્થાન પર બેઠા હોય તેમ લાગે છે.

આવા દિવંગત આત્માને નમન.

## ૯૨. જગત વી શેઠ

**અમદાવાદ, મોબાઈલઃ ૯૮૨૪૫ ૫૬૭૭૨**

આપણા સૌ ભક્તોના વ્હાલાસોયા, વડીલશ્રી કૈલાસબેન પરીખનું આમ અચાનક પરમતત્વમાં વિલીન થવું તે અત્યંત આઘાતજનક ને દુઃખદ સમાચાર હતા. તેઓનો પ્રેમાળ સ્વભાવ, લાગણીશીલ વ્યક્તિત્વ ક્યારેય પણ ભુલાય તેમ નથી. આટલા મોટા વિશાળ ભક્ત સમુદાયને સતત માર્ગદર્શન આપવું, ફોનથી સંપર્કમાં રહેવું, ગુરૂદેવના તમામ કાર્યોનું આયોજન કરવું. વાર તહેવાર પ્રસંગો પ્રમાણે કુટીરમાં નૃત્ય ભજનમંડળી, શણગાર, વિવિધ કલાકારોને બોલાવવા તેવા અનેક કાર્યક્રમોનું સુંદર અને વ્યવસ્થિત આયોજન કરવું વિગેરે તેઓની આગવી વિશિષ્ટતા- ખાસિયત હતી, જેનું શબ્દોમાં આલેખન થાય તેમ નથી.

સાંજની કુટિરમાં તેઓની સતત હાજરી આજે પણ આપણી વચ્ચે

હોય એવો સુંદર આભાસ થયા કરે છે. જેના માટે તેઓ માટે હું સંગીતની બે પંક્તિ લખવા માંગું છું.

**“રહે ના રહે હમ, મહેકા કરેંગે,**
**બનકે કલી, બનકે સબા બાગ એ વફામે.”**

અને અંતમાં તેઓ માટે જેટલું લખીએ તેટલું ઓછું છે. તેઓની ગેરહાજરી હોવા છતાં પણ આપણા સૌ ભક્તોના હૃદયમાં વસેલા છે. તેમની ખોટ હંમેશા સતાવતી રહેશે.

**તેઓને શત શત વંદન.**

## ૯૩. જ્યોતિ ત્રિવેદી

બોરીવલી- મુંબઈ, મોબાઈલઃ ૯૮૧૯૬ ૫૨૯૪૯

**જેવી રીતે ભગવાન રામના,**
**હનુમાનજી સેવક હતા.**
**તેવી રીતે પૂજ્ય ગુરૂદેવના**
**આપ સેવિકા હતા.**

**પૂજ્ય બહેનજીના વાણી-વર્તન ઉત્તમ.**
**કર્મ શ્રેષ્ઠ, સ્નેહ મીઠો, મન નિર્મળ**
**જ્ઞાન ગાયત્રી માતાનું,**
**ભક્તિ મીરાંબાઈ જેવી**

**શબ્દ લેખિકાના હતા**
**પૂજ્ય બહેનજીમાં માનવ માંથી**
**મહા માનવ કેવી રીતે બનવું**
**તેની પ્રેરણા હતી**
**પૂજ્ય બહેનજી.**
**મારી આંખમાં હંમેશા વસે છે**

## ૯૪. પટેલ બાબુભાઈ મોતીભાઈ પરિવાર

**ગોધરા, મોબાઈલઃ ૯૯૭૯૭૮ ૫૭૧૩૩**

કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

એક કળી ખીલી "કુંજગલી પ્રભાકુંજ" કેરી ગોધરામાં,
માનવ સેવા તણી ફૂલીફાલી "ગોધરા સિવિલમાં",
કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

પંખ ફૂટી માનવ સેવા વિસ્તાર માટે,
રાજયોગી "મા – તણા" સ્પંદનો થકી,
શ્રધ્ધા ભાવના શીતળ વાયુએ શક્તિ અર્પી
માનવ સેવા તણી પાંખોને ગગન વિહાર કાજ,
કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

કોમળ - મૃદુભાષી પાંખોએ વિહાર કરતાં- કરતાં,
ઉતરાણ કર્યું "યોગેશ્વરનગર કેરા શ્રધ્ધા ધામમાં",
કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

ધૂણી ઘણાવી બ્રહ્માંડ કેરા "જીવના દુઃખ દર્દ" મીટાવવા "શ્રધ્ધા ધામમાં", કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

અખંડ જ્યોત પ્રજવલિત કરી હારેલી હામને,
નવપલ્લવિત કરવા "નિલોષા" ધામમાં,
કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

સદાય દિપક પ્રજવલિત રહ્યો, નિર્વિઘ્ને ''નિલોષા ધામમાં'',
દુઃખીયારા આવ્યા ''ગંગા-જમના'' ધારે, સર્વને વિદાય કર્યા
નિલોષા ધામથી 'ગંગા-જમના આચમનીએ',
કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

ન ''અણસાર'' આવવા દીધો, ન ભાવ આવવા દીધો 'અમી દ્રષ્ટિઓની આંખોમાં'',
ન ભાવ જાગ્યો, ન ભાવ પ્રગટ કર્યો ''મનમંદિરે'',
અચાનક વિદાય લીધી, અમ નાજૂક આંખોમાં,
અવિરત વહાવી ''ગંગા-યમુના'' વિદાય માટે,
કંચનવર્ણ કાયા સદાય પ્રજ્જવલિત રહેશે,
અખિલ બ્રહ્માંડ કેરા જીવો સારૂ...

## ૯૫. મંગલ બારીયા

### અમદાવાદ

દેવગઢ બારીયાના વનવાસી વિસ્તારમાંથી અમદાવાદ આવ્યો, ત્યારે આ ભૂમિ મને સ્વર્ગ જેવી લાગી. મારી પાસે પરિશ્રમ કરવાની તાકાત અને પ્રામાણિકતા સિવાય બીજું કાંઈ હતું નહીં.

મને અહીં ત્રણ દેવ માનવ મળ્યા.

૧) પરમ પૂજ્ય સદગુરૂદેવ

૨) પરમ પૂજ્ય કુસુમબા.

૩) પરમ પૂજ્ય બા-ફોઈ.

તેઓએ મારી સાથે ક્યારેય નોકર જેવો વ્યવહાર ન રાખ્યો અને મને વ્હાલથી બોલાવી કામ સમજાવે અને મારા કામને વખાણી ઉત્સાહ વધારે. હું ૧૦ વર્ષનો હતો ત્યારે પરમ પૂજ્ય બા-ફોઈએ મને કહેતા,

"બેટા, તું ચિંતા ન કર, તું ખૂબ દૂરથી આવ્યો છે. તારું ભવિષ્ય બનાવવા માટે, હું જ તારી મા છું. તને કોઈ પણ તકલીફ હોય, તો મને કહેજે અને જરા પણ મૂંઝાતો નહીં." આ ત્રણે દેવ માનવોએ મને ઘર છોડીને આવ્યાનું દુઃખ થવા જ ન દીધું. ત્યારબાદ મારા લગ્ન કરાવ્યા. મારી પત્ની સુમિત્રા તથા બાળકોને ભણાવ્યા અને મને એમની સેવામાં ૪૦ વર્ષ થઈ ગયા.

પરમ પૂજ્ય કુસુમબા પણ મારે મન "મા" હતા તો પરમ પૂજ્ય બા-ફોઈ પણ મારે મન "મા" હતા અને પરમ પૂજ્ય ગુરૂદેવ મારે મન ભગવાન.

આ ત્રણેયે મને અને મારા પરિવારજનોને પોતાના પરિવારની જેમ સાચવ્યા અને મારા મોટા દીકરાને મિકેનિકલ એન્જિનિયર બનાવ્યો.

પરમ પૂજ્ય ગુરૂદેવ, કુસુમબા અને બા-ફોઈ મારા જીવનના ઘડવૈયા છે. એમની સેવાનો અવસર એટલે ભગવાનની પૂજા અને ભક્તિ.

**પરમ પૂજ્ય બા-ફોઈ અમારા હૃદયમાં સદાય જીવંત રહેશે.**
**પરમાત્મા આપને અમારી સાથે જ રાખે તેવી વિનંતી.**

## ૯૬. દક્ષાબેન નીતિનભાઈ સવજીયાણી

**ભાવનગર, મોબાઈલઃ ૯૧ ૯૪૨૬૨ ૨૮૭૩૮**

પૂજ્ય બહેનજીના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ. પૂજ્ય બહેનજી વિશેના મારા અનુભવ કહેવા પ્રયાસ ક્ર્યો છે. ઈ.સ. ૧૯૮૭માં જ્યારે ખબર પડી કે મારો દીકરો જન્મથી બહેરો, મૂંગો છે તેની કોઈ દવા નથી. એટલે શું કરવું? તે ચિંતામાં હતા. પૂ. ગુરૂદેવના "અગોચર મનની અજાયબી"ના લેખ વાંચ્યા હતા. પરંતુ ખબર ન હતી કે પૂ. ગુરૂદેવ ક્યાં અને ક્યારે મળે? અમે સીધા સિવિલ હોસ્પિટલમાં પૂ. બહેનજીને મળવા ગયા. પૂ. બહેનજી મીટીંગમાં હતા છતાં તુર્ત જ બહાર આવીને કહ્યું કે, "મેટ્રન નો બંગલો છે, ત્યાં જતા રહો. અત્યારે પૂજ્ય ગુરૂદેવ તમને મળશે (બપોરે ૧૨.૦૦ વાગ્યે) આમ પૂ. ગુરૂદેવની પ્રથમ મુલાકાત પૂ બહેનજી

દ્વારા સરળતાથી થઈ.

મારા હસબન્ડ અહીંની ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં નોકરી કરતા હતા, તેઓની નાઈટ ડ્યુટી હતી. તેઓ ત્યાં ''આધ્યાત્મિક કેડી'' વાંચતા હતા નાઈટ ડ્યુટીના ડોક્ટર આવ્યા

તેમણે 'આધ્યાત્મિક કેડી' જોઈ પૂછ્યું, ''તમે આને કેવી રીતે ઓળખો છો ? અને કહ્યું કે, ડોક્ટર પોતે મેડિકલ કોલેજમાં ભણતા હતા ત્યારે પૂ. બહેનજી 'મેજિક લેડી' તરીકે ફેમસ હતા. થોડા વખત પહેલા મારી દીકરીને અમદાવાદ કોમ્પિટિટિવ એક્ઝામ હતી. અને સવારે શ્રદ્ધા ઉપર દર્શન કરવા આવ્યા. બેબી દર્શન કરતી હતી ત્યાં તેને એવો ભાસ થયો કે, માતાજી બહાર આવે છે. દરવાજા પાસે જોયું તો, પૂ. બહેનજી હતા. એટલે તેણીને પૂજ્ય બહેનજીમાં માતાજીના દર્શન થયા.

પૂ.બહેનજી પૂ. ગુરૂદેવ અને ભક્તોની વચ્ચે કડી હતા. ઘણી વખત પૂ. બહેનજી, ગુરૂદેવ દ્વારા પ્રેરણા કરતા. પૂ. બહેનજીની ભક્તો સાથેની કૌટુંબિક ભાવના હતી.

પૂ બહેનજી અંતરિક્ષમાં રહીને પણ ભક્તોના કાર્ય કરશે.

## ૯૭. નીતિનભાઈ સવજીયાણી

**ભાવનગર, મોબાઈલ :- ૯૧ ૯૪૨૬૨ ૨૮૭૩૮**

પૂજ્ય બહેનજીની દિવ્ય ચેતનાઓને નમસ્કાર દરેક ભક્ત તેમની આધ્યાત્મિક યાત્રામાં ગોલ પ્રાપ્ત કરવા જરૂર મદદરૂપ થશે જ. તેમનું દિવ્ય સ્વરૂપ માતાજીની અનુભૂતિથી તથા પૂજ્ય ગુરૂદેવની મિતભાષીય ભાષાને વાચા આપી ભક્તોને સરળતાથી જ્ઞાનગોષ્ઠિ વખતે કે ગુરૂદેવની દેશ-વિદેશ ગુજરાતના ભાવનગર સુરત વડોદરા જેવા શહેરોની મુલાકાત દરમિયાન ગુરૂદેવના જમણો હાથ બની તેમની સેવા ૐમાૐ પરિવારમાં સર્વોત્તમ રહેશે તથા તેમનું નામ ઈતિહાસ શાસ્ત્ર બની પ્રેરણા રૂપ રહેશે.

પૂજ્ય બહેનજી નિલોષામાં મુલાકાત દરમિયાન દરેક ભક્તોના

ખબર અંતર પ્રેમથી પૂછતા અને પૂજ્યશ્રીનો દરેક ભક્ત સાચો શિષ્ય બને અને માનવતાવાદી બને તેવો પ્રયત્ન કરતા.

પૂજ્ય ગુરૂદેવે આદેશ આપ્યો કે કોઈ પ્રશ્ન કે મુશ્કેલ હોય તો મંદિરમાં મારા ફોટા પાસે લખીને મૂકી દેવું. જેથી અગોચરથી મદદ મળી રહેશે. આજની તારીખમાં પણ એ જ થાય છે કે સ્વ. પૂ બહેનજી હંમેશા ગુરૂદેવની સાથે સાથે ધ્યાનમાં દેખાય છે ગુરૂદેવે આપેલ ભાવાંજલિ માં બહેનજી વિશે બધું જ આવી જાય છે પૂજ્ય બહેનજી અને ગુરૂદેવની સ્થિતપ્રજ્ઞતાની અનુભૂતિ બધાને થાય છે, થતી રહેશે. તે નિઃશંક છે.

"હતા શ્રદ્ધાનો શ્વાસ બહેન કૈલાસ. જમણા હાથ સમો છૂટ્યો સાથ. પુણ્યત્મા સિધાવ્યો પરમને ધામ. સેવા સમર્પણથી અમર રહેશે નામ.

## ૯૮. હસમુખ હરિપ્રસાદ વ્યાસ

**લંડન- યૂકે, મોબાઈલઃ** +૪૪ ૭૫૫૭૪૧૮૨૨૧

પરમ પૂજ્ય શ્રી બહેનજીની અશ્રુભીની વિદાય અસહ્ય છે. તેમનું કર્મનિષ્ઠ જીવન સદાય આપણા સૌ માટે પ્રેરણાદાયી છે. તેમની મમતા, પ્રેમ, સદ્ભાવના, સ્નેહ, આશિર્વાદ, અને શુભકામના આપણા સૌના જીવનમા, હૃદય- મન- યાદોમાં હંમેશા રહેશે. આપણા માટે 'મા' ગુરૂદેવના સંદેશ વાહક અને આપણી સમસ્યાના ઉકેલમાં ગરુજીના આશીર્વાદ છે' કહી આપણા પ્રશ્નના ઉકેલ, સાંત્વન અને હિંમત આપનાર આપણા પૂજ્ય અને વહાલા બહેન ની ખોટ હંમેશા રહેશે.

પૂજ્ય બહેનજી પૂજ્ય ગુરૂજી સાથે તેમના કાર્યના આયોજનમાં વિચારક, માર્ગદર્શક, સંચાલક અને સહાયક હતા. પૂ. ગુરૂજી અને આપણી માટે સંદેશ વાહક સેતુ હતા.

પૂ. ગુરૂજીની વ્યક્તિગત મુલાકાત પછી પૂ. ગુરૂજીએ કાગળમાં લખેલ સુચનોને તેઓ સરળતાથી સમજાવી તેને કેવી રીતે અમલમાં

મૂકવાનું તે માટે તેઓ પ્રેમથી માર્ગદર્શન આપતા.

પૂ. બહેનજી આપના અંતરની વહેતી પ્રેમ ધારાને અમે માણી છે, આપની આંખોથી વહેતું વાત્સલ્યને અમે અનુભવ્યું છે,

આપનું સ્મિત, આપની વાણી, આપની હુંફ સર્વ અમને પરિસ્થિતિ સાથે લડવાની તથા પૂ. ગુરૂજીના સુચન-વચન, શ્રદ્ધા અને શરણાગતિના પ્રેરક બન્યા છો. જીવનની વિપરીત પરીસ્થિતિમાં હિંમત અને આત્મિય વિશ્વાસથી પરિસ્થિતિ સામે લડવાની પ્રેરણા અને શક્તિ આપતા રહ્યા છો. આપની અમારા પરિવાર માટે લાગણી, પ્રેમ, અમીદ્રષ્ટી અને મુખ પર સ્મિત હમેંશા પ્રેરણાસ્ત્રોત બની જીવન પર્યંત યાદ રહેશે.

પૂ. ગુરૂજી અને પૂ. બહેનજીના સાનિધ્યમાં જ્યારથી (1982 UK) અમારાં માતા પિતા ( સ્વ. શ્રી હરીપ્રસાદ વ્યાસ અને સ્વ. શ્રીમતિ વિમલાબેન હરીપ્રસાદ વ્યાસ) અને અમારો પરીવાર આવ્યા છે ત્યારથી પૂ. બહેનજી તમે હંમેશા અમારી વિકટ સમસ્યામાં ગુરૂજીના આદેશ સહ, આપનો પ્રેમ, વાણી અને આપનું સ્મિત, આમારી પરીસ્થિતિ સામે લડવાનુ બળ રહ્યા છે અને હંમેશ રહેશો.

પ્રભુ પુ. બહેનજીના આત્માને પરમ શાંતિ આપે, પરમના ચરણોમા વાસ અને તેમના પરીવાર જનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ અમારી અંતરની પ્રભુ પ્રાર્થના સહ ભાવભરી શ્રદ્ધાંજલિ.

## ૯૯. રાજીવ જોશી - નિશા જોશી

**વડોદરા.**

બહેનજી એટલે એક ''માનવવત્સલ વ્યક્તિત્વ

બહેનજી એટલે શ્રીફળની જેમ બહાર થી કડક પરંતુ અંદરથી ખૂબ જ મૃદુ. સૌને પ્રેમ કરનારા અને આનંદ કરાવનાર,

બહેનજી એટલે સ્પષ્ટવક્તા

બહેનજી એટલે જીવંત ફકીર

બહેનજી એટલે એક શિક્ષક, માર્ગદર્શક અને સદાય સૌ બાળકોની ભૂલને માફ કરનારા અને

સાચા માર્ગે વાળનારા

મને તો જાણે એવું લાગે છે કે મેં બીજી વખત મારી માતાને ખોઈ છે.

પરમ કૃપાળુ પરમાત્માને મારી એટલી જ પ્રાર્થના કે તેમના આત્માને પરમ શાંતિ આપે અને સદાય આપણા પર તેમના આશીર્વાદ વરસ્યા કરે.

## ૧૦૦. અશ્વિન રાજકોટીયા

**અંધેરી (વેસ્ટ), મુંબઈ** મો. : ૯૮૧૯૬ ૩૪૦૮૩, ૯૦૮૨૨ ૫૧૭૧૭

પૂજ્ય બહેનજી સૌમ્ય અને હસમુખ સ્વભાવના એક પુણ્યશાળી આત્મા હતા.

માતાજીના ભકતોની સેવા કરવી તે તેમનો ધ્યેય હતો.

સેવાના કાર્યો માટે પરમ પૂજ્ય ગુરૂદેવ સાથે જીવન પર્યંત જોડાયેલા રહ્યા.

રાજગીતાના મર્મને સમજી જીવન સફળ તું કરતો જા

માતાજીના સંકેતથી ભકતોને પૂજ્ય ગુરૂદેવ જે માર્ગદર્શક પત્રિકામા લખી આપતા તે ખુબ સરળ ભાષામાં સમજાવતા હતા.

પૂજ્ય બહેનજી ભકતોને ગુરૂદેવ સાથે જોડી રાખવાની એક સાંકળ હતા.

રાજગીતા જેવા મહાકાવ્યના રચયિતા હતા.

આવા સેવાભાવી પૂજ્ય બહેજીને માતાજી અમને કોઈ પણ રૂપમાં મળાવતા રહે એ જ પ્રાથના.

## ૧૦૧. હીરવા અને મિત

**અમદાવાદ, મોબાઈલઃ ૯૯૨૫૫ ૦૩૦૩૫**

મા (પૂજ્ય બહેનજી)

શું કહું ?

સતત ઉલ્લાસ થી સભર કૈલાસ પર્વત જેવા જ અડગ મનોબળ વાળા છતાં સુકોમળ હૃદય હજી હમણાં સુધી આપણે આ આંખોથી એમના સાકાર સ્વરૂપ ને જોતા હતા આજ એ નિરાકાર સ્વરૂપને બંધ આંખોથી દર્શન કરી રહ્યા છીએ. રોજ આપના મધુર વચન સાંભળતા હતા અને હવે રોજ મૌનનું શ્રવણ કરી રહ્યા છીએ.

સગુણ અને નિર્ગુણની વચ્ચે ભટકતા એવા અમને આપે મધ્ય માં અનહદ ની અનુભૂતિ કરાવી. આપની પ્રેમ ધરામાં પહેલા પણ અને આજે પણ સતત સ્નાન કરી ને અમે પાવન થઈ રહ્યા છીએ. આપ તો અમને મસ્તીમાં જીવવાનું શીખવાડી ગયા. હવે તો શબ્દ પણ નિઃશબ્દ થઈ ગયો.

## ૧૦૨. હિમાંશુ મોદી

**સુરત**

મિલન સાર સ્વભાવ કાયમ મારા હૃદયમાં રહેશે.

તેમની યાદ કાયમ રહેશે.

## ૧૦૩. અશ્વિન ભાઈ શાહ

**લંડન - યુકે**

UK: Unite કરે તેવા સ્વ શ્રી કૈલાસબેન પરીખ (પૂજ્ય બહેનજી) ને સર્વે UKના ભક્તો તરફ થી ભાવ ભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છે.

પૂજ્ય બહેનજી, પૂજ્ય ગુરૂદેવ અને ભક્તો વચ્ચે એક રાજસ્વી

રાજ સેતુ હતા. સેવા ધર્મ અતિ કઠણ છે અને સેવક બનીને સર્વે ને પ્રસન્ન રાખવા તે પણ આકરું કાર્ય છે. સેવકે નિષ્પક્ષતા પૂર્વક સેવા કરવાની હોય છે અને મારા પ્રભુને (પૂજ્ય ગુરૂદેવ) ની ઈચ્છા તેજ મારી ઈચ્છા અને તેને ધ્યાન મા રાખીને પૂજ્ય ગુરૂજીના જ્ઞાનના સાગરને બધા ભક્તો ને પ્રેમ થી અને સહન શીલતા થી સમજાવ્યો હતો.

જીવનના દરેક પરિબળો ને તેમને પ્રેમ થી સ્વીકાર કરીને સેવા કાર્ય પાર પડતા હતા આવા આપણા પૂજ્ય બહેનજી હતા. પરમ શક્તિ પૂજ્ય માતાજી એજ તેમની પસંદગી કરી હતી અને તે પૂજ્ય બહેનજી એ ઘણું જ સરસ રીતે પાર પાડ્યું હતું

## ૧૦૪. સુધાબેન કાજી

ગોરેગામ – મુંબઈ, મોબાઈલ : ૮૭૭૯૩ ૩૪૮૨૧

પૂજ્ય બહેનજી હસતા ચહેરે પ્રેમથી આવકાર આપતા, જે ભૂલી શકાય એમ નથી. નિલોષામાં, શ્રધ્ધા કુટીરમાં ને ૐ મા ૐ પરિવારમાં એમની ખોટ પુરાય એમ નથી. પૂજ્ય બહેનજીનું માર્ગદર્શન મેળવી ભક્તોને સંતોષ મળતો. ભક્તો અને પૂજ્ય ગુરૂદેવ વચ્ચે સાંકળ સમાન હતા. એમણે માતાજીની સેવા અને પૂજ્ય ગુરૂદેવના માનવ સેવા કાર્યમાં નિઃસ્વાર્થ ભાવે આખું જીવન સમર્પિત કર્યું, એ કાંઈ સાધારણ તપસ્યા નથી. ધન્ય છે પૂજ્ય બહેનજીને, ધન્ય છે એમની સેવા ભાવનાને. એમનો સેવાભાવી સ્વભાવ હંમેશા યાદ રહેશે. એમને મારા શત શત પ્રણામ. પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ અને સદગતિ અર્પે એ જ પ્રાર્થના ને મારી શ્રદ્ધાંજલિ.

## ૧૦૫. સ્વાતિ

**ગુજરાત.**

પરમ પૂજ્ય દિવંગત બહેનજીના સાનિધ્યમાંથી શું શીખવા મળ્યું તે હું મારી નાની એવી કવિતામાં રજૂ કરું છું ને કોઈ પણ ભૂલ થાય તો પહેલેથી ક્ષમા યાચના માંગુ છું.

મૂંઝાઈ છે શું મનમાં,
સમય જતા વાર નથી લાગતી.
રહી જશે મનની મનમાં,
એ વાત આજે સાચી નથી લાગતી? કોને ખબર છે
કાકરા ને રેતીમાં બદલાતા વાર નથી લાગતી.
ક્ષિતિજને જોઊ છું જ્યારે,
સૂર્યાસ્ત ને સાંજે થતા વાર નથી લાગતી.
કોણે કહ્યું જામમાં છે ગમ
ચઢતા એને વાર નથી લાગતી.
વીજળી ના ટંકાર પછી
વાદળા ને વરસાદ બનતા વાર નથી લાગતી.
રાગ, દ્વેષ કાઢી પ્રેમથી જીવન જીવી લેજો.
હૃદયને બંધ થવામાં વાર નથી લાગતી.

સ્વાતિના પૂજ્ય દિવંગત બહેનજીને શબ્દાંજલિ તેમ જ હૃદય પૂર્વક વંદન

## ૧૦૬. ભારતીબેન પંડ્યા

**અમદાવાદ, મોબાઈલઃ ૯૪૨૮૪ ૯૮૬૦૮**

પૂજ્ય ગુરૂદેવ, સુક્ષ્મ સ્વરૂપે મમ્મી, અને પ્રિય દીદી.

વ્હાલા દીદી, આપના પ્રેમભાવ અને ઉપકારની હું ઋણી છું.

૧૯૮૫ માં મારો દીકરો સુલભ પાંચ માસનો થઈને આ ફાની દુનિયા છોડી ગયો. મારું સિઝેરિયન ચાઈલ્ડ, હું શોકમાં ગરકાવ થઈ ગઈ. આ ટાઈમે સિવિલ મેટ્રન પરીખ દીદીના કમ્પાઉન્ડમાં કુટીર ભરાતી હતી. મારા બીજા બે બાળકો પણ હતા, પણ જાણે હું તેમના મહત્વથી વિમુખ થઈ ગઈ હતી. આ ટાઈમે ગુરૂદેવ પૌત્ર ચિરંજીવ કંદર્પની check વર્ષગાંઠ હતી, મને ગુરૂદેવે પ્રેમથી મારા બે બાળકો સાથે મને આવકારી. પૂજ્ય દીદીએ મને આશ્વાસન આપ્યું. મારે સિઝેરિયન ચાઈલ્ડ હોવાથી સંતાન થઈ શકે એમ નહોતું, પરંતુ પૂજ્ય ગુરૂદેવ અને દીદીના આશીર્વાદથી હું ચોથા સંતાનની અનુભૂતિ કરવા લાગી. મારી આ જીદ મને ભારે પડે તેમ હતી પરંતુ પૂજ્ય દીદીએ મને ગાયનેકોલોજિસ્ટ મેડમ સુધાબેન વાગપાલ સજેસ્ટ કર્યા અને એમની સંભાળથી મારા ચોથા બાળકના જન્મ વખતે હું સિવિલ હોસ્પિટલમાં એડમિટ થઈ. પુ. દીદી ઓપરેશન થિયેટરમાં મારી પાસે ઊભા રહ્યા. કોમ્પ્લીકેટેડ સંજોગોમાં મારા બાળકનો જન્મ થયો. અને બ્લેડર ઈન્જેરી થઈ હતી અને બ્લડ ઓવરફલો જતું હતું. પૂજ્ય દીદી તે સંજોગોમાં બે બોટલ બ્લડ મારે માટે લાવ્યા. પછી અમે તે ડોનેટ કરી દીધું, પણ જે સમય સૂચકતાથી દીદી આ બ્લડ ન લાવ્યા હોતા તો હું કદાચ આ દુનિયામાં ના હોત.

આ વખતે મને નોન ઓટી રાખી હતી ત્યારે પૂજ્ય દીદી દરરોજ મારી સંભાળ લેવા આવતા હતા અને તેમના લીધે પૂરો સ્ટાફ પણ મારી સુંદર સંભાળ લેતો હતો. મારું એ સંતાનને લકી નામ તેમણે જ આપ્યું હતું અને અત્યારે તે અમેરિકામાં વેલ સેટ છે. હંમેશા મને પૂછે કે મારા વાળો શું કરે છે ? તેમની આ કૌટુંબિક ભાવના કદી નહી ભુલાય, દીદી મારા માટે તમે જ માતા-પિતા-બંધુ-સખા હતા. જિંદગીની ધૂપ-છાવમાં, દરેક પ્રતિકૂળ સંજોગોમાં તેમણે અમને હિંમત આપી છે, અને ગાઈડ કર્યા છે. તેમનો અલૌકિક પ્રેમ ક્યારે નહીં ભુલાય. તેમનો પ્રેમભર્યો ચહેરો, સહાનુભૂતિ અને અલૌકિક સૌંદર્ય જ હૃદયને હંમેશા ટચ કરે છે, તે કદીય નહિ ભુલાય! દીદી હંમેશા તમે હૃદયમાં રહેશો.

## ૧૦૭. મૃદુલાબેન યોગેશકુમાર શાહ

**અમદાવાદ, મોબાઈલઃ ૬૩૫૪૭ ૪૪૫૬૪**

પરમ પૂજ્ય ગુરૂદેવના ચરણોમાં,

પરમ પૂજ્ય બહેનજીને અમારા સાષ્ટાંગ પ્રણામ પહોંચે.

પૂજ્ય બહેનજી પાસે ઘણું શીખવાનું અને સમજવાનું મળ્યું છે તેમાં રાજગીતા અવિસ્મરણીય છે. જીવનના અંત સમયમાં સકારાત્મક ઊર્જા અને આત્મબળ કેવી રીતે જાળવી રાખવું તે બતાવ્યું. બાકી તેમની શ્રદ્ધાંજલિ આપવામાં શબ્દો ખૂબ નાના પડે.

## ૧૦૮. પંકજ બુધિયા, માધવી બુધિયા

**અંધેરી, મુંબઈ, મોબાઈલઃ ૯૩૨૨૨ ૭૫૦૯૪**

પૂજ્ય બહેનજીને યાદ કરતા નજર સામે એક હસમુખો ચહેરો હંમેશાં આવી જતો. બહેનજી નિલોષામાં હિંચકા ઉપર બેઠા હોય પણ એમની નજર ચારે બાજુ રહેતી. નિલોષામાં આવીને પહેલાં બહેનજીના આશીર્વાદ લેતાં અને એમની ખબર પૂછતા. બહેનજી ગુરૂદેવના આશીર્વચનને સરળ ભાષામાં સમજાવતા અને શું કરવાનું છે તે કહેતા.

કોઈપણ કાર્ય હોય. બહેનજી એનું સારી રીતે નિરાકરણ કરતાં. બહેનજી તેમના કાર્યની સુવાસ સર્વ જગ્યાએ ફેલાવતાં ગયા. પરિવાર તેમનું મંદિર હતું. પ્રેમ તેમની ભક્તિ હતી. કર્મ તેમનું તર્પણ હતું. જીવનમાં ધૂપસળીની જેમ સુગંધ ફેલાવતાં રહ્યા. તમારો વહાલનો વારસો અમારા જીવનને સહાય સમૃદ્ધ બનાવતો રહેશે. તમારાં હસતા ચહેરાની યાદ નિરંતર આવ્યા કરશે. નથી હયાત તમે પણ અમારા હૃદયમાં હંમેશાં જીવંત રહેશો. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

## ૧૦૯. પ્રણવ હર્ષિતભાઈ સૂચક (૭ વર્ષ)

**નાગપુર**

અમારા વહાલા પૂજ્ય બહેનજી

બહેનજી ખૂબ વહાલા હતાં.

બહેનજી બધાં સાથે ખૂબ પ્રેમાળ વર્તન કરતાં હતાં.

બહેનજી બધાનો ખૂબ ખ્યાલ રાખતા હતાં.

બહેનજી બધાને ઉત્સવના દિવસે ખૂબ આનંદ કરાવતા હતાં.

અમને બાળકોને શ્રધ્ધા કુટિરમાં બહેનજી રોજ ગુરૂ વંદના, પ્રાર્થના કરાવતા,

નવ સિદ્ધાંત બોલાવતા અને પછી અમને રોજ ચોકલેટ,બિસ્કુટ આપતા હતાં.

બહેનજી અમને વ્હાલ કરતાં, પ્રેમથી પૂછતાં "બેટા, કેમ છો?",

અમને ભણવાનું પૂછતાં, અને અમે કોઈ સારું કામ કર્યું હોય તો અમને "Very Good" કહી ખુશ થાતાં.

બહેનજીએ કોઈ દિવસ અમારા ઉપર ગુસ્સો નથી કર્યો.

બહેનજીએ કોઈ દિવસ કોઇની બુરાઈ નથી જોઈ કે નથી કરી.

અને બહેનજીએ કોઈ દિવસ કોઇની મજાક મશ્કરી (નેગેટિવ મજાક) નથી કરી કે જેનાથી કોઈનું મન દુઃખ થાય.

બહેનજી બધાં સાથે respect થી વાત કરતાં. એમણે કોઈ દિવસ એ નથી જોયું કે આ નાનો છે.

બહેનજીમાં ખૂબ હિંમત હતી. તેઓએ છેલ્લે રાત્રે હવન કર્યો હતો.

અમારા માટે બહેનજી માતાજી જેવા જ હતાં.

## ૧૧૦. પ્રભાબેન રામજીભાઈ વાઢેર

**અમદાવાદ, મોબાઈલઃ ૯૬૮૭૩ ૯૨૭૯૮**

પરીખ મેડમનો પરિચયે મને મારા સિવિલ હોસ્પિટલના કર્મચારી તરીકે થયેલો. મારી પ્રથમ નોકરી સિવિલ હોસ્પિટલમાં જુનિયર ક્લાર્ક

તરીકે થયેલ. તે વખતે પરીખ મેડમ જે મેટ્રન હતા, ખૂબ જ પ્રફુલ્લિત ચહેરો, આપણને નવું જોમ અને ઉત્સાહ આપતા. તે હોસ્પિટલમાં રાઉન્ડમાં નીકળે તો હું અવશ્ય દૂરથી દર્શન કરતી.

એક ઋણાનુબંધ હોય કે ગમે તે કારણ મને ભણવાનું અને નોકરી બંને સાથે હોવાથી જમવાનો સમય સચવાતો નહીં. મને કિડનીમાં પથરી થઈ ગયેલ અને ખૂબ દવા અને આયુર્વેદિક ઔષધ લીધા પછી મને અમારા ઓફિસનાં કર્મચારીએ કીધું પરીખ મેડમના ઘરમાં ગાયત્રી મંદિર છે, તમે ત્યાં જશો તો ફેર પડી જશે.

માતાજીની કૃપાથી મને ગાયત્રી મંત્ર પૂજ્ય ગુરૂજી પાસેથી મળ્યો. પહેલા ગાયત્રી મંત્રનું કંઈ જ્ઞાન હતું નહીં. પણ પૂજ્ય ગુરૂજીના આશીર્વાદથી હરિદ્વાર શાંતિકુંજમાં પણ પૂજ્ય ગુરૂદેવ શ્રીરામ શર્મા આચાર્ય અને માતા ભગવતી દેવીના પણ દર્શન થયા.

મારું પહેલા જે જીવન હતું અને ગાયત્રી મંત્રના સત્સંગથી જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું, સાત્વિક ભાવ આવ્યાં અને ઓફિસમાં હું કારકુનથી મેનેજર થઈ ગઈ. ૮૦૦ રૂપિયાની શરૂઆત કરેલી મેનેજરની પોસ્ટમાં મને ૧,૦૮,૦૦૦ પગાર થયો. મેં મારા પૂજ્ય માતુશ્રીની તબિયતના હિસાબે વીઆરએસ (VRS) લીધેલું.

ખરેખર ગાયત્રી મંત્ર લોખંડને પારસમણિ બનાવે તેવું મારું જીવન છે.

## ૧૧૧. અવંતિકા પંકજ ભટ્ટ

**અમદાવાદ, મોબાઈલઃ ૯૦૯૯૦ ૧૭૧૫૭**

પૂજ્ય બહેનજીનું જીવન વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ હતો. જેણે 'પરાત્પર' ડો. અબ્દુલ કલામની વાંચી હશે. તેને આ બાબત બરાબર સમજાશે. વિજ્ઞાન ગમે તેટલા સંશોધનો કરે છતાં જ્યાં ઈશ્વરનો, ગુરૂજીનો શાશ્વત પ્રેમ હોય તે હંમેશા એક ડગ આગળ જ હોય છે.

આત્માની પરમાત્મા તરફની અનુભૂતિની ઘટનાઓ સમજાવી શકાતી નથી.

જીવન સંપૂર્ણપણે ગુરૂદેવને સમર્પિત કરવું ખૂબ મુશ્કેલ કાર્ય હોવા છતાં પૂ. બહેનજીએ એટલું સરળ, સહજ બનાવ્યું હતું કે એમના સંપર્કમાં રહેનારને એકદમ સરળ લાગે. શ્રધ્ધા કુટીરમાં પૂજ્ય બહેનજી આવનાર દરેક વ્યક્તિ માટે આત્મીયજન હતા. માધવ રામાનુજે કહ્યું છે તે પ્રમાણેઃ

"એક એવું ઘર મળે વિશ્વમાં જ્યાં
કશા કારણ વિના પણ જઈ શકું."

શ્રધ્ધા કુટિરમાં આધ્યાત્મિક લોકશાહી છે. દરેકને પૂરેપૂરી સ્વતંત્રતા. બે મહિના પહેલા જ બે ત્રણ વાર મને હિંચકે બેસાડી મારી એકલતાને હું કેવી રીતે નાથું છું અને મારા આધ્યાત્મિક વિકાસ, પ્રગતિથી મારી શિવજી અને ગુરૂદેવ પ્રત્યેની શ્રદ્ધા - ગુરૂજીનું રમણ મહર્ષિ જેવું મૌન કશું કહ્યા વગર જ પ્રશ્નોના જવાબ મળી જાય વગેરે આ સંવાદો વખતે એમનો પારાવાર સ્નેહ અને મારી આધ્યાત્મિક પ્રગતિથી સંતોષ જોવા મળ્યો હતો.

એમના અનમોલ જીવનને અંજલી આપતા 'મરીઝ'ના શબ્દોમાં

ના આવે નીંદ ગયા એવું ખ્વાબ આપીને,
ગગન ન રહેવા દીધું આફતાબ આપીને.
ખુશ્બૂ હજી બાકી છે સૂંઘી શકો મને,
હું પાનખર નથી હું વીતેલી વસંત છું.

પૂ. બહેનજીના કર્મયોગ- ભક્તિયોગને શ્રદ્ધાંજલિ અને જીવન સંદેશ કબીરજીના શબ્દોમાં -

પ્રીત ના કીજીયે પંછી જૈસી, પેડ સુખે તો ઉડ જાયે,
પ્રીત કીજીયે મછલી જૈસી, જલ સુખે મર જાએ

## ૧૧૨ વિજય ત્રીવેદી

**અમદાવાદ, મોબાઈલઃ ૯૮૯૮૩ ૮૨૯૯૭**

પૂ. સ્વ.બહેનજી, પૂ. સ્વ. કુસુમ મમ્મીજી, સર્વેને આપશ્રીના દિકરા વિજય ત્રિવેદીના ચરણસ્પર્શ.

પૂ. સ્વ.બહેનજી (બાફોઈ) ના સાનિધ્યમાં છેલ્લા ૪૪ વર્ષથી પૂ.ગુરૂજીની સેવા- કાર્યમાં જોડાયો છું. પૂ.બહેનજીએ મને ઘણીવાર ઠપકો આપ્યો હશે પણ તરત જ લાડ- પ્યારથી મારી ભૂલ સુધારીને મને તૈયાર કર્યો છે.

પૂ. બહેનજીને મેં સિવિલ હોસ્પિટલમાં મેટ્રન તરીકે તેમની ઓફિસમાં જોયા છે. સ્ટાફ જોડે કામ લેવું એ અઘરું કામ છે પણ બહેનજીનો સ્વભાવ તથા મેનેજમેન્ટથી કોઈને દુઃખ ન થાય તેવું તેમનું વર્તન હતું તથા પૂ.ગુરૂજીના સેવા- યજ્ઞમાં મેનેજમેન્ટ કરી કોઈપણ ભક્તોને દુઃખ ના પહોંચે તેવી તેમની કાર્યશૈલી હતી. એટલે અત્યારે પૂ. ગુરૂજીના જમણો અને ડાબો હાથ બંન્ને નથી. પૂ.મમ્મીનું તથા પૂ.બહેનજીના જવાથી પૂ.ગુરૂજીને ખાલીપો લાગે છે.

શ્રધ્ધા કુટીરમાં અત્યારે બહેનજીની બેઠક ખાલી ખાલી લાગે છે. હવે દરેક પ્રસંગે અમોને માર્ગદર્શન કોણ આપશે. તેમની ખોટ અમોને કાયમ રહેશે. તેમનો સ્વભાવ દયાળુ તથા દરેક જરૂરિયાતવાળી વ્યક્તિને મદદ કરવી તેમનો સ્વભાવ હતો. જ્યારે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલમાં દાખલ કર્યા ત્યારે એક દિવસ મારી ડ્યુટી હતી ત્યારે મારો હાથ પકડીને પાસે બેસાડી મને કહે, ''હું હવે હોસ્પિટલથી પાછી નથી આવવાની. તમે લોકો પૂ. ગુરૂજીની સેવા કરજો અને તેમનું ધ્યાન રાખશો. માતાજી મને તેમની પાસે બોલાવે છે, મારો સમય પૂરો થઈ ગયો છે.''

મારી માતાજીને પ્રાર્થના છે કે પૂ. બહેનજીની આત્માને શાંતિ આપજો અને તેમને મોક્ષ આપશો. હું પૂ. બહેનજીના આજ્ઞાનું પાલન કરીશ તે જ તેમની સાચી શ્રદ્ધાંજલિ હશે.

## ૧૧૩. રશ્મિ જસવંતલાલ કાપડિયા

**અમદાવાદ, મોબાઈલઃ ૯૦૧૬૨ ૧૮૮૯૪**

પૂજ્યશ્રી સદગુરૂદેવ મુજમાં આપશ્રીની પ્રેરણાથી જ શ્રદ્ધાની મઢુલીમાં હિંચકા ઉપર બિરાજમાન શ્રી રાજયોગી (શ્રીકૃષ્ણ) છે. તો કૈલાસ બહેનજી મઢુલીના "મીરાબાઈ"

બહેનજી એટલે સમસ્ત જીવનનો એકમાત્ર ધ્યેય એટલે કંઈ પણ પામવાની ઈચ્છા કે અપેક્ષા વગર સંપૂર્ણ જીવન ગુરૂદેવની, માતાજીના સેવાકાર્ય યજ્ઞ માટે સમર્પિત કરવું.

પૂ. બહેનજીએ જીવનના છેલ્લા સમયે પણ પોતાની કોઈ પણ તકલીફ ગુરૂદેવને પણ જણાવી નથી અને પોતાની અવિરત સેવાનો ધોધ વહેતો મૂકી જનાર "સેવાયજ્ઞ એ જ મારો પરમ ધર્મ" એવો આપણા બધાને બોધ આપી જનાર "કૈલાસ બહેનજી" ને મીરાબાઈ કહેવું ગમે છે. માટે જ ગુરૂદેવ આપણા શ્રીકૃષ્ણ છે, તો બહેનજી મીરાબાઈ.

નજરોથી ભલે તમે ઓઝલ થયા પરંતુ હૃદયમાં આપની સેવા ભક્તિ તણા કાર્યોને અંકિત કરી જનાર બહેનજીને ગુરૂભકત તરફથી અશ્રુભીની શ્રદ્ધાંજલિ.

## ૧૧૪. ડૉ. રેખા પિયુષભાઇ છાયા

**શેલા – અમદાવાદ, મોબાઈલઃ ૯૨૬૫૦ ૮૯૪૫૮**

ભલે આપણે એમને બહેનજી કહેતા હશું, પણ મને તો સદૈવ તેમનામાં મમતાયી 'મા' ના જ દર્શન થયા છે ! એ સુંદર, સૌમ્ય અને સ્નેહાળ ચહેરો યાદ આવે અને હવે એ આપણી સાથે પ્રત્યક્ષ નથી તે વિચારે દુઃખ તો સ્વાભાવિક થાય પણ પછી એ મંગલમૂર્તિ આપણા હૃદયમાં સ્થાયી જ છે, આપણી સાથે જ છે અને આપણને દરેક પ્રસંગે માર્ગદર્શન અને સહાનુભૂતિપૂર્વકની સહાયતા પરોક્ષ રીતે કરે છે. એ મમતામયી માતા આપણી સાથે છે તેવી અનુભૂતિ થાય છે !

લાગણી દર્શાવવા શબ્દ નથી જડતા, પરંતુ આવા પવિત્ર આત્મા સત્સંગનો, આશીર્વાદનો લાભ મળ્યો છે તે આગલા જન્મના પુણ્ય જ હશે ! એ અમૃતમયી મમતાની મૂર્તિ હજી આપણી પર તેમના આશીર્વાદના અમી છાંટણા કરે જ છે. તે વિભૂતિને કોટિ કોટિ પ્રણામ.

## ૧૧૫. નીરવ રાજાસુબા

**અમદાવાદ, મોબાઈલઃ ૯૨૨૭૬ ૬૬૮૪૪**

કલિકાળમાં રામ તથા કૃષ્ણ સ્વરૂપા, વિશ્વ કલ્યાણ માટે જન્મધારણ કરેલ ભક્તિ પ્રેમના રાજમાર્ગી જગતગુરૂ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના અબાધિત માનવબંધુ, સેવાયજ્ઞોના સાક્ષી તથા સહયોગી સ્વર્ગસ્થ કેલાસબેન પરીખને (પૂજ્ય બહેનજીને) તારીખ. ૨૪-૪-૨૦૨૪ ના રોજ આપણી વચ્ચેથી વસમી વિદાય થઈ શ્રીજીચરણ પામવા અશ્રુ ભરેલ શ્રધ્ધાંજલિ.

પૂજ્ય ગુરૂદેવશ્રીના લૌકિક તથા અલૌકિક જગત કલ્યાણના ભગીરથ કાર્યોમાં ભગિની તરીકે ફાળવેલ સિંહ ફાળો; લક્ષ્મણ સ્વરૂપા બહેનજીનો અવ્યક્ત તથા અવિસ્મરણીય છે. માટે જ પૂજ્ય બહેનજીની વસમી વિદાય આપણા સર્વ માટે અસહ્ય અને અમાન્ય છે. તેઓશ્રીની સુક્ષ્મ હાજરી પ્રતિ પળ આપણને વર્તાય છે.

પરમ પૂજ્ય શ્રી ગુરૂદેવના સાંનિધ્યમાં રહી તેઓશ્રીના અબાધિત, નિરંતર ચાલતા સેવાયજ્ઞના સેતુ બનવું તથા અતિ શિસ્તબદ્ધ આધ્યાત્મિક દિનચર્યાનું પાલન કરી સમાજકલ્યાણ માટે જીવન ન્યોછાવર કરવું તેવા બહેનજીને કોટી કોટી વંદન..

શ્રધ્ધા કુટીર, નિલોષા ધામ, ૐ મા ૐ પરિવારના ભક્તો વચ્ચે કુનેહપૂર્વકનું આયોજન મૌલિક વિચારધારાથી દેશ-વિદેશનાં સેવાકાર્યોમાં માતાજી તથા પૂજ્યશ્રીની ઇચ્છા અનુસાર ભક્તોને તથા સમાજને વ્યવહારિકતા મુજબ પાલન કરવાની તેમની આગવી સૂઝ તથા આત્મિક ગહનતાનો કોઈ વિકલ્પ શક્ય નથી.

આધ્યાત્મિક વર્તુળમાં રહી અર્વાચીન શૈલી સાથે તાદાત્મ્ય કેળવી અનેકવિધ ધાર્મિક, સામાજિક, આધ્યાત્મિક કાર્યોના પ્રણેતા પૂજ્ય બહેનજીએ પૂજ્ય ગુરૂદેવની જેમ ''મોક્ષ નહીં પણ નવું શરીર ધારણ કરી માનવ સેવાના કાર્યોમાં લીન'' થવાની ખુમારીને આપણા સર્વેના કરોડો સલામ અને શ્રદ્ધાંજલિ.

## ૧૧૬. ઉષ્માબેન જયેશભાઈ ચાવડા

**ભાવનગર, મોબાઈલ: ૯૪૨૮૪ ૯૪૬૧૦**

પૂજ્ય બહેનશ્રી આપના વિશે તો શું કહેવું? શબ્દો જ જડતા નથી. આપના વગર નિલોષા- શ્રધ્ધાની કલ્પના જ નહોતી. જ્યારે મેસેજ મળ્યા ત્યારે અવાચક જ થયા. બે થી ત્રણ વાર મેસેજ વાંચ્યો.

જ્યારે પણ ગુરૂદેવના દર્શને આવતા ત્યારે સૌ પ્રથમ આપનો કરુણામય પ્રેમાળ ચહેરો જ નયનરમ્ય થાય. દરેક પ્રોગ્રામમાં આપને સર્વપ્રથમ એક અલૌકિક ઉત્સાહથી કામ સંચાલન કરતા જોયેલ. આપની વગર નિલોષા-શ્રધ્ધા સુના લાગે છે.. પણ ના, અમોએ તમને ત્યાં સૂક્ષ્મ રૂપે ગુરૂદેવની નજદીક અનુભવ્યા. તમારી પ્રેમાળ આંખ અમે અનુભવી, આપની હાજરી અનુભવી. આપ સદાય ગુરૂદેવની સાથે રહેતા અને રહેશો. દરેક ભક્તો પણ આપની હાજરી અનુભવે છે. દરેકના દિલમાં પણ પૂજ્ય બહેનજી રહે છે ને રહેશે.

## ૧૧૭. નરેન્દ્ર દેસાઈ

ગોધરા, ગુજરાત

આંખો હજુ નિહાળે છે તમને,
અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ તમારૂ થાય છે અમને,
મન મુકીને રડાવે અમને,

શ્રદ્ધાંજલિ અર્પવા ઉપાડી કલમ,

આંસુથી ભીંજાઇ ગયા કાગળ.

**પરમ કૃપાળુ પરમાત્મા તમારા**

**આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના**

**ૐ શાંતિ... શાંતિ... શાંતિ...**

**ૐ મા ૐ**

## ૧૧૮. યોગીની દેસાઈ, હર્ષલ દેસાઇ

**UK**

દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી,

કરૂણા જેમના હ્દયમાં હતી,

પરોપકાર જેમના પગલામાં હતો.

કોઈના દુખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જીવનમંત્ર હતો,

આખું જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા.

પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

## ૧૧૯. ઉષા નાયક

**ન્યુયોર્ક**

ગઈકાલે તારીખ ૨૫ મી મે એ બહેનજીના સમાચાર સાંભળીને નવાઈ લાગી. ૨૦૨૩, જાન્યુઆરીમાં પૂજ્ય ગુરૂદેવ તથા બહેનજીને મળવા અમદાવાદ આવ્યા હતા, મળીને ખૂબ જ આનંદ થતો હતો. તે વખતે પણ બહેનજીની યાદશક્તિ ખૂબ જ તીવ્ર હતી, અમારા બધા છોકરાઓના નામ સહિત સમાચાર પૂછ્યા હતા. પૂજ્ય બહેનજીએ ખૂબ આગતા-સ્વાગતા કર્યા હતા, ને બધાને કહેતા હતા કે અમે ન્યૂયોર્કમાં એમને ત્યાં જતા હતા. ૧૯૮૨ માં પહેલા ન્યુયોર્ક આવ્યા હતા, ત્યારના દરેક વર્ષે ભવ્ય મુલાકાત થતી હતી, ખૂબ જ આનંદ આવતો હતો. ખૂબ

આહલાદક વાતાવરણ ઘરમાં રહેતું હતું. પૂજ્ય ગુરૂદેવ તથા બહેનજી પાસેથી ખૂબ જ આશીર્વાદ મેળવતા હતા. મેં ત્રણેક મહિના પહેલા પૂ. બહેનજી સાથે વાત કરી હતી. દરેક વખતે કહેતા હતા કે પૂજ્ય ગુરૂદેવને વાત કરીશ ને આશીર્વાદ છે. બે મહિનાથી મનમાં થયા કરતું હતું કે બહેનજી ના હશે ત્યારે કોની સાથે વાતો કરીને પૂજ્ય ગુરૂદેવ પાસે આશીર્વાદ લઈશું ? લાગે છે કે બહેનજીની ખૂબ ખોટ પડવાની. મને પૂજ્ય ગુરૂદેવ પર ખૂબ શ્રદ્ધાને વિશ્વાસ છે.

સરળ, આનંદિત સ્વભાવના, માતાજીના તથા પૂજ્ય ગુરૂદેવના આજ્ઞાંકિત બહેન, જેમણે પોતાનું સર્વસ્વ માં ગાયત્રી તથા ગુરૂદેવને સમર્પિત કરી પોતાની જાતને ધન્ય બનાવી દીધી. મા ગાયત્રીના ખૂબ અગ્રગણ્ય બહેનજી બહુ જ સરળતાથી આગળ પડીને ખૂબ સરસ સંચાલન કરતા હતા. લખવાનું ઘણું છે પરંતુ છેલ્લે એમના આત્માને મા શાંતિ અર્પે એવી શુભેચ્છા. અને સદગતિ થાય એવી શુભેચ્છા. પૂજ્ય ગુરૂદેવના દીકરી ઉષાના ન્યુયોર્કથી કોટી કોટી પ્રણામ સ્વીકારશો. સાથે સાથે શાંતુભાઈના આત્માને પણ શાંતિ મળે અને સદગતિ થાય એવા આશીર્વાદ આપશો.

## ૧૨૦. શૈલુબેન મુકુન્દલાલ ત્રિવેદી

અમદાવાદ, મોબાઈલ :- +૯૧-૭૦૧૬૭ ૪૪૨૬૨

શ્રધ્ધામાં પગથિયા ચડતા જમણી બાજુમાં કૈલાસ બા બેઠા જ હોય. મીઠું મીઠું સ્મિત તેમના હોઠ પર ફરકતું જ હોય. તેમની સામે હું જોઉં ત્યારે મને એમ જ લાગે કે મને મારી મા પાછી મળી. તેમનો પ્રેમાળ હાથ કોઈક કોઈક વખતે મારા માથા પર ફરતો હોય ત્યારે તો એમ જ થાય કે અગોચરમાંથી મારી મા આવી રહી છે ને તેનો હસ્ત મારા માથે પ્રસરી રહ્યો છે. છેલ્લા દિવસની સંધ્યાએ મને તેમના આશીર્વાદ મળ્યા, તે મારું પરમ સૌભાગ્ય છે. જન્મોજન્મ આવા મારા કૈલાસબા મળતા રહે, તેવી મારા વ્હાલા સદગુરુ અને મારી વ્હાલી ગાયત્રી માને પ્રાર્થના.

મારી કૈલાસબાના ચરણ કમળમાં અનંત વાર, કોટી કોટી વાર સાષ્ટાંગ દંડવત પ્રણામ.

## ૧૨૧. પ્રગતિ હેમાંગ મહેતા

**મુંબઈ, મોબાઈલઃ ૯૮૨૧૨ ૫૧૭૦૬**

આપણા સહુના ચહેતા, સલાહકાર, પૂજ્ય ગુરૂદેવની વિચારધારાને યોગ્ય રીતે સમજાવનારા, એક વડીલ સમા, એમની મીઠી ટકોર પણ આપણા આત્માના ઉત્કર્ષ અર્થે કરતા.

પૂજ્ય બહેનજીનુ કૈલાશબેન પરીખ તરીકેનુ વ્યક્તિત્વ પણ આપણે સહુ જાણીએ છીએ. કાર્યશીલતા, ધગશ, હિંમત, પ્રમાણિકતા, નેતૃત્વ માટેની આગવી નિપૂણતા જેવા ગુણો એમના વ્યક્તિત્વમાં, સ્વભાવમાં તો હતી જ. સામેની વ્યક્તિને પરખવાની આગવી ખૂબી અને વ્યક્તિના દષ્ટિકોણને સમજવાની કળા એમનામાં હતી. પૂજ્ય બહેનજી ન્યાયપ્રિય અને શિસ્તબદ્ધતાના આગ્રહી હોવાથી બહારથી કડક લાગતા પણ એમનું હૃદય મૃદુ, કરુણાસભર હતું. પ્રખર બુધ્ધિબળ એમની આંખોમા છલકાયા કરતુ.

મા પરમશક્તિએ જ પોતાના વ્હાલસોયા પુત્ર માટે એક સેવાભાવી, નિષ્ઠાધારી, કર્મપ્રધાન સૈનિકની પસંદગી આવા સદગુણો ધરાવનાર કૈલાસબેન પરીખ ઉપર ઉતારી હશે ... !!

જે રીતે સિસ્ટર નિવેદિતાએ સ્વામિ વિવેકાનંદના કાર્યમા ભાગ ભજવ્યો હતો, તે જ રીતે પૂજ્ય બહેનજીએ પણ ગુરૂદેવના કાર્યમા એમની સાથે ને સાથે રહીને અગત્યનો ભાગ ભજવ્યો છે.

પૂજ્ય બહેનજી...

ૐ મા ૐ પરિવારના મુખ્ય સંચાલક, વ્યસવસ્થાપક, નેતૃત્વ સંભાળનાર, પ્રેમાળ, આપણા સહુના પ્રિય એવા પૂજ્ય બહેનજી ને શત્ શત્ પ્રણામ...

## ૧૨૨. અરવિંદ કુમાર અંબાલાલ જોશી અને સરોજબેન અરવિંદભાઈ જોશી

**ઈડર, મોબાઈલઃ ૯૯૨૫૫ ૪૫૫૯૫**

અમારા પરિવારના દિલમાં-આત્મામાં-હૃદયમાં બિરાજમાન પરમ શ્રદ્ધેય પૂજ્ય બહેનજીને પ્રણામ-વંદન. અમોને સાચી દિશા તથા હુંફ આપીને અમારું ધ્યાન રાખનાર એવા માતૃ તુલ્ય સાક્ષાત મા ગાયત્રી દેવી સમાન પૂજ્ય બહેનજીનો જોટો જડે તેમ જ નથી. હજુ પણ મગજ માનવા તૈયાર નથી કે પૂજ્ય બહેનજી સદેહે હાજર નથી. કોઈ પણ દુઃખી વ્યક્તિને સદાય મદદ માટે તત્પર રહેતા પૂજ્ય બહેનજીને સો સો સલામ. પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી ના કોઈપણ પ્રોગ્રામમાં પૂ. બહેનજીનું સફળ આયોજન એ જ તેમની આગવી સુઝ હતી. અમારા સદનસીબે પરમ પૂજ્ય ગુરૂદેવજીની પધરામણી ઈડર કોઈ કોઈ વખત થઈ છે ત્યારે ઈડરના પ્રોગ્રામોમાં તથા મસ્તીયજ્ઞોનું સફળ આયોજન એ પૂજ્ય બહેનજીની જ સૂઝ-બુઝ ના કારણે જ થયેલ છે, અને તેથી જ અમો સહપરિવાર હૃદયથી સ્વીકારીએ છીએ કે પૂજ્ય બહેનજી એ એક અણમોલ રતન હતા - અને તેથી પણ વિશેષ હતા. તેમના જેવો જોટો મળવો અશક્ય છે. ઈડર ખાતેના મસ્તી યજ્ઞોની તારીખ મળતાં. કાર્યક્રમ-આયોજનની સફળતા માટેનું તેમનું માર્ગદર્શન અમને ખૂબ જ મદદરૂપ થતું.

## ૧૨૩. પ્રેક્ષાબેન રાઠોડ

UK

પરમ પુજ્ય બહેનજીને આપણી તકલીફ કહેવા માત્રથી જ મને અડધી શાંતિ થઈ જતી.

બહેનજી મારી તકલીફ સારી રીતે સમજતા અને સાંત્વના આપતા.

**Benji we miss you a lot.**

## ૧૨૪. હરીશભાઈ પંડયા

**પાન્ડરવાડા, અમદાવાદ,**

સ્વ. બહેનજી માટે લખવું એ મારા માટે સુર્યનારાયણને દીવો બતાવવા જેવું છે. વીસ વર્ષની ઉંમરે અમદાવાદ સિવિલ હોસ્પિટલની કુટિરમાં ગુરૂદિક્ષા લીધી અને આજે ૬૫એ પહોંચ્યા. ૪૫ વર્ષથી ગુરૂદેવ અને બહેનજી સાથે શિષ્યનો સંબંધ. હવે વાત બહેનજીની, શિસ્તના ખૂબ જ આગ્રહી. બહારથી કડક પરંતુ અંદરથી કોમળ. શ્રી ગુરૂદેવના કાર્યયજ્ઞમાં બહેનજીનુ યોગદાન અકલ્પનીય અમૂલ્ય. મારા કોટિ કોટિ પ્રણામ.

## ૧૨૫. અજીત ચૌધરી

**ટેનેસી, યુએસએ**

બહેનજી એટલે સેવા, સમર્પણ અને ત્યાગનું સાચું ઉદાહરણ.

આપણે પણ બહેનજીના ગુણોને અનુસરીએ.

## ૧૨૬. ભરત જોષી

અમદાવાદ, મોબાઈલ : ૯૨૬૫૦ ૧૫૧૩૪

પૂજ્ય શ્રી બહેનજી ... નિલોષામાં ઝૂલે બેઠા હોય ને જોતા જ તરત પૂછી... ભરત મજામાં ને ? દિકરીયો હોય તો પૂછે કેમ છે. બહેના ? શું કરે છે ? પપ્પા મજામાં ?

એમને સારી પ્રવૃત્તિ યાદ હોય. તમે ક્યા કામ કરો છો, શું કરો છો. અને પૂછે કામ કેવું ચાલે છે ? સલાહ આપી માર્ગદર્શન આપે.

એમની પૂછવાની રીત હોય અથવા કહેવાની, અમનો અવાજ અને લેહકો જાણે એક અડગ ટેકો આપે.

આ બધુ તે ઘડીએ જ, તરતો - તરત નથી સમજાતું, ગૂઢ હોય છે. પણ આ સમજ પણ તેઓજ આપે છે.

શ્રધ્ધા કુટીરમાં પણ એવો જ તટસ્થ અવાજ, પણ એટલો પ્રેમાળ એવા શબ્દ એમના સીધા હૃદયે લાગે. એમને જોતા જ એમ લાગે કે હા બહેનજી બેઠા છે ને.

ભાવોર્મી લખવા માટે કદાચ અમે એટલા સક્ષમ નથી, પણ ભાવ ની ઉર્મિઓ મા તેઓ હર હંમેશ રહેશે, તેવી તેઓ જ કૃપા અને આશિષ અર્પે.

## १२७. हर्षाबेन राजेशभाई पारेख

नागपूर, मोबाईल: ९१ ८४५९३३६१२५

रो पड़ती है आंखें हमारी, देखके तस्वीर आपकी
जिंदगी ऐसी जी गए की मौत भी शर्मा गई ।

आपका जीवन हमारी प्रेरणा थी । आपका आदर्श हमारा मार्गदर्शक था । आपका भावनात्मक स्वभाव, पारिवारिक भावना, उच्च विचार हम जीवनभर भूलेंगे नहीं ।

परिवार जिसका मंदिर था । स्नेह जिसकी शक्ति थी ।
परिश्रम जिसका कर्तव्य था । परमार्थ जिसकी भक्ति थी ।
सौम्यता उनकी सुगंध थी । आनंद उनका जीवन था ।
सत्कर्म उनकी शोभा और परोपकार उनका कर्तव्य था ।

समय जिंदगीका कम होगा, कहां पता था ।
विदाई आपकी अनपेक्षित होगी, वो कहां पता था ।
हर जगह खुशबू फैला कर,
स्मृति सबके दिल में रख गए । शब्द नहीं है उनके लिए,
अब मेरे पास, वो जितने थे अब उतने नहीं मेरे पास ।
अब मैं भले ही, उनसे दूर हूं, लेकिन मुझे पता है –
उस बरगद के पेड़की छाव हमेशा रहेगी मेरे पास ।
ईश्वर आपकी, दिव्य आत्माको शांति प्रदान करें ।

## १२८. रमेश चंद्र कलाल

सीएचसी खेरवाड़ा, उदयपुर, राजस्थान. मोबाईल: ९४६१४ ०३९५७

परम पूज्य बहनजी के बारेमें मेरे अनुभव बताना चाहता हूं। मेरे स्वप्नमें निलोषामें झूले पर विराजमान, पहले तो मुझे बहनजी के दर्शन होते हैं, और फिर देखते ही देखते वह अपना स्वरूप पंचमुखी गायत्री माताके रूपमें, सपनोंमें दर्शन देते हैं। परम पूज्य बहनजी के मैंने कई बार गायत्री माता के रूपमें स्वप्नमें दर्शन किए हैं।

जिस दिन पूज्य बहनजी परमधाम को गए उससे पूर्व रात्रिमें पूज्य गुरुजी ने स्वप्नमें दर्शन दिए थे। श्रध्धा कुटीरमें मंदिरके समक्ष पूज्य गुरुजी खड़े हैं एवं मुझे पूछ रहे हैं, बोलो क्या तकलीफ है?

मैं कहता हूं मुझे तो बस आपका आशीर्वाद चाहिए। मुझे गुरुदेव कहते हैं, मेरा आशीर्वाद हमेशा तेरे साथ हैं। और उसी दिन प्रात: मेरे बहनजी परमधाम को चले गए।

## १२९. विनोद भाटिया, लता भाटिया

अहमदाबाद

पूज्यश्री गुरुदेव, बहनजी, नलिनकांत साहब और बहनजी – उषा के आशीर्वादसे जीवनमें सरलता और सहजता आई। कर्म के प्रति निष्ठा, और कर्तव्य उन्हीं की वजह से सीख पाए।

परिवार जिसका मंदिर था।
स्नेह जिसकी शक्ति थी।
परिश्रम जिसका कर्तव्य था।
परमार्थ जिसकी भक्ति थी।

ऐसी आत्माको ईश्वर शांति प्रदान करें, दिवंगत आत्माको भावपूर्ण श्रद्धांजलि।

## १३०. रमणलाल भाटिया

पूज्यश्री गुरुदेव और बहनजी निलोषामे जब से आगमन हुआ तब से हमारे ऊपर उनका आशीर्वाद रहा है। आशा करते हैं, आगे भी ऐसा रहे। मेरे जीवन में उन्हीं की वजह से, सरलता आई। कर्म ही पूजा, कर्म के प्रति निष्ठा और प्रमाणिकता उन्हीं के वजह से सीख पाए। हम सदा उनके आभारी रहेंगे। भगवान उनकी आत्मा को परम शांति दे।

## १३१. शंकर

### राजस्थान

मैं शंकर राजस्थान के छोटे गांव का गरीब इंसान। होटल में काम करके, या मजदूरी करके दो पैसा कमाता था। किसी जन्म का पुण्य होगा, जो मुझे अहमदाबादमें निलोषा में, पूज्य उषा बहनके घर ले आया।

यहां मुझे भगवान स्वरूप गुरुदेव और बहनजी का दर्शन हुआ। पहली नजरमें पू. बहनजी के प्रति लगाव हो गया। एक अनजान स्नेह हो गया। पूज्य गुरुदेवको राजस्थानी, साउथ इंडियन वानगी बनाकर खिलाने का भाग्य मिला। पू. बहनजी ने भी मुझे बहुत प्यार दिया। पूज्य गुरुदेव पूज्य बहनजी और उषाजी इतना स्नेह, इतना सद्‌भाव रखते हैं, जितना हमारे मां-बाप। यहां कोई भेदभाव नहीं, खानेमें कोई भेद नहीं। ऐसा परिवार मिलना सिर्फ परमात्माकी कृपा। भगवान हमें उनकी सेवा में ही रखें।

## १३२. अजय गिरधरभाई नेवासकर

**मुंबई**

आपके बिना भक्त अधूरे,
अधूरा हमारा ज्ञान।
आपने पूज्य गुरुदेव का महामंत्र। ऊ मा ऊ
उनका संदेश और राजवाणी भक्तो तक पहुंचाया है।
परम पूज्य गुरुदेव के साथ आपने भी
हमे ९ सूत्रोंपे चलना सिखाया है।

बेनजी आप दिव्य आत्मा हो,
आपके के लिए शब्द ही कम है।
अंतर्मन की गहराइयों से स्वीकार करे,
मेरा प्रणाम ।

## १३३. नरेंद्र ठाकुर

**सरसपुर, मोबाईलः ९३२७ १५६५१५**

हमारा पूरा परिवार उनकी मधुर मीठी मुस्कान अपने दिल में बसाए है। निलोषा या श्रद्धा जाते थे, उनकी वो मुस्कान दिल में एक अमिट तस्वीर बन जाती थी। अगर उनसे अपने दुःखकी बात कहते तो वह कहती, ''चिंता मत करो, गुरुदेव सब ठीक कर देंगे।'' उनके शब्दों में कभी कर्कशता नहीं देखी। उनके मधुर शब्दोंने जैसे आधा दर्द ले लिया हो। उनकी मधु मुस्कानमें जैसे हजारों सवाल का जवाब दे दिया हो। मैंने आज तक किसी के लिए एक शब्द भी नहीं लिखा है। आज पहली बार मैं मधुरमयी, ममतामयी माँ के लिए लिख रहा हूं। मेरी गलतियाँ माफ करना। मात्रा में भी गलती होगी, क्षमा करना।

## 134. Ashaben Shah

America, Mobile: 609-216-1554

the Kailash of indomit able Spirit.
Of VIRTUES outstanding and Prudence beyond limit

A Paragon of Duty and Devotion true
HER Life dedicated to Mataji and Mankind too

SHE- an invaluable link between Devotees and Gurudev
To utmost SERVICE her Life she gave

A Profound loss her absence brings
She was a the Force behind so many things

Without BEN JI it will never be the same
Through Her Deeds immortalized is Her Name

## 135. Minuben Ketanbhai Patel

Ahmedabad, Mobile: +91 93284 54530

In the quiet hush of twilight's embrace,
Poojya Behenji, with saintly grace,
Departed from this earthly shore,
Her spirit now in the divine's core.

For sixty-two years, steadfast and true,
She served Poojya Gurudev, her soul's milieu,
With every breath, her devotion pure,
Her smile a beacon, ever sure.

In her youth, her journey began,
A life dedicated, a spiritual plan,
Through trials and triumphs, she stood tall,
An embodiment of devotion's call.

In her presence, a divine air,
Radiating love, banishing despair,
Mata's presence, in her heart did dwell,
Guiding others, her story to tell.

Her legacy woven in acts of love,
A testament to faith, from above,
In service to others, she found her peace,
Her soul's journey now finds release.

Though tears may fall, and hearts may grieve,
Her spirit lives on, in those who believe,
For Poojya Behenji, a celestial flight,
Into eternity's boundless light.

As we bid farewell, with reverence and sigh,
Her memory etched in the azure sky,
May her soul find rest, in realms unseen,
In the embrace of the Divine, serene.

## 136. Sangeeta Tusharbhai Gaglani

Pune, Mobile: 76209 08999

My Heartfelt Homage to my beloved and ever loving Pujya Behenji.

Your absence have created a vaccum in our lives but we know that

There are no
GoodByes for us
Where ever you are
You will be in our hearts

Your life will always be a lesson to us that how we should lead a remarkable life like you did.

Even after being well educated you choose and accepted to enlighten alongwith Pujya Gurudev and administered all his selfless service to the man kind. We still remember your last effort of making the form of Manav to Mahamanav, your efforts and your love to mankind is still fresh in our minds.

I will always remember the way you guided us and in helping us to take strong decision in our Life.

You were like an angel, who easily solved all the problems and took out solutions for everyone and everything. Even your helping nature and Smiling Face will always be admired by us.

To the world you are one person,

To us you changed our world forever.

In celebration of a life so beautifully lived, your Vibrant memory lives on with us.

Pujya Behenji you will always be in our Mind, Heart and Soul forever.

## 137. Sunitaben Nagar

Mumbai, Mobile: 93236 40468

